વર્ષ : 12 ◆ અંક : 5
સપ્ટેમ્બર-ઑક્ટોબર 2022
સળંગ અંક : 71

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

હું ધર્મ અને આધ્યાત્મિકતાને જરૂર સ્વીકારું છું, પરંતુ માત્ર મોભો બતાવવા મંદિરો બાંધવામાં સ્વનિયંત્રણ આવવું જરૂરી છે. અમુક સંખ્યાની વસ્તી વચ્ચે સમાજની ભાગીદારીથી સરકાર દ્વારા સંશોધન કેન્દ્રો પ્રયોગશાળાઓ ઊભી કરી ત્યાં માનવીને હિતકારી શિક્ષણ આપવા સાથે વિજ્ઞાનનાં સંશોધનો અંતર્ગત સુવિધાઓ, માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવે તો આપણું રાષ્ટ્ર ભારતીય સંસ્કૃતિને ન્યાય આપવા સાથે વિશ્વનું રાહબર બની શકે તેમ છે.

**ડૉ. પંકજ જોશી**

*

ગાંધી ઇન્સાન જ હતા અને ઇન્સાનિયત જ તેમની મૂડી હતી. આપણે તેમાંથી સાચા ઇન્સાન બનવાનું શીખીએ તોપણ એ માર્ગે પદાર્પણ થાય... તેમના સત્ય-અહિંસાના પ્રયોગો, તેમનો અનુભવ અને તેમાંથી પ્રગટતું દર્શન આપણને કલ્યામાર્ગ દર્શાવી શકે... આજનું ઔદ્યોગિકરણ-યાંત્રીકરણ, શહેરીકરણ-મૂડીકરણ, આર્થિક વૈશ્વિકરણ-મૂડીવાદ અને તેથી વિકસતાં - ઉછરતાં વિવિધ અન્યાય શોષણાદિ પાપનો સબળ અને અસરકારક વિકલ્પ એ ગાંધી દર્શાવી ગયા છે અને આજે પણ દર્શાવી રહ્યા છે... પશ્ચિમના બૌદ્ધિકો પણ ભૌતિક વિકાસ પ્રતિનાં આંધળુકિયાં સામે લાલબત્તી ધરતા રહે છે, તેના પુનર્મૂલ્યાંકન અને જીવનશૈલી બદલવાની વાત કરતા રહે છે. ઉપર ઉપરના ફેરફારોથી તેમાં કોઈ સુધારો નહીં થાય, મૂળે કૂઠારાઘાતથી જ કંઈક પરિવર્તન લાવી શકાય. આજે વિકાસની જે દિશા અને તે માટેનાં ઉપકરણો પસંદ થયાં છે કે વિકસ્યાં છે તે લાખો પરિવારને સ્પર્શ્યા વિના જ આગળ નીકળી જાય છે. આજે પણ શતશતસહસ્ર લોકો એવા છે, જેમની મૂળભૂત જરૂરિયાતો જ પૂરી થતી નથી, તેમની આકાંક્ષાઓની તો વાત જ ક્યાં કરવી ! દરિદ્રનારાયણની સ્થિતિ બદહાલ થતી બચાવવી એ રાષ્ટ્ર સામે અગ્રીમ પ્રશ્ન છે. ગાંધીજીએ તો સદી પૂર્વે કહેલું : 'આ સભ્યતા ન તો નૈતિકતા પર ધ્યાન આપે છે, ન ધર્મ પર... આ સભ્યતા કેવળ શારીરિક સુવિધા-ભૌતિક વિકાસને જ માને છે. આ સભ્યતા અધાર્મિક છે.' તેમણે તેમને 'અમાનુષી' પણ કહેલી. આજે ધર્મનો ઉન્માદ વધતો જાય છે, પણ સાચો ધર્મ એટલે તો મૈત્રી-કરુણા, સદ્ભાવ-પ્રેમ ગણાય. ગાંધીજી અહિંસાને 'પ્રેમનો નિયમ' કહેતા અને 'પરિવારનો નિયમ' પણ કહેતા. જે નિયમ 'પરિવાર'ને લાગુ પડે, તે જ 'વિશ્વ સમગ્ર'ને લાગુ પડે.

**રમેશ સંઘવી**





આર. એન. પટેલ લલિતકલા અકેડેમીની વિદ્યાર્થિની કુ. સૃષ્ટિ પટેલનો આરંગ્રેત્રમ યોજવામાં આવતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા રૂ. ૨૫૦૦નો પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર એનાયત કરતા મહાનુભાવો સર્વશ્રી શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી ઘનશ્યામભાઈ પટેલ, ડૉ. કનુભાઈ પટેલ અને શ્રી ત્રિકમભાઈ પટેલ વગેરે દ્રશ્યમાન થાય છે.




એમ. એસ. ડબલ્યૂ વિભાગના ઉપક્રમે આયોજિત ધ્યાન સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો ડાબેથી સર્વશ્રી પ્રો. વિઠ્ઠલભાઈ પટેલ, પૂજ્ય દાજી અને શ્રી યોગેશભાઈ પટેલ.



'ગુજરાત સાહિત્ય અકાદમી' અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના સંયુક્ત ઉપક્રમે આયોજિત સમારોહમાં 'ગુજરાતી સાહિત્યકાર કોશ'ના લોકાર્પણનું એક દશ્ય.



'શેઠ સી. એમ. સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ', ગાંધીનગરના વયોચિત મર્યાદાના કારણે સેવાનિવૃત્ત થયેલા શિક્ષકો સર્વ શ્રી મહેશભાઈ આર. ખોરસ્મા અને શ્રી વિષ્ણુભાઈના સન્માનમાં આયોજિત વિદાય સન્માન સમારોહની તસવીર.



શિક્ષકદિનની ઉજવણી નિમિત્તે વિવિધ ભૂમિકાઓ અદા કરનાર વિદ્યાર્થીઓને સન્માનવા હેતુ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલના અધ્યક્ષપદે અને 'ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી'નાં કુલપતિ ડૉ. અમીબહેન ઉપાધ્યાયનાં અતિથિવિશેષપદે આયોજિત સમારોહનું દશ્ય.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૨, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૨૨; સળંગ અંક : ૭૧

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : ગ્રંથાલય-ગ્રંથપાલ-ઉપભોક્તા : એક અવલોકન — મણિભાઈ પ્રજાપતિ — ૧

૧. ઇતિહાસની અટારીએથી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર : પૂ. છગનભાનો પ્રવાસ — ૧૧

૨. આઝાદ તો થયા, હવે આબાદ થઈએ. — તુલસીભાઈ પટેલ — ૧૨

૩. ભારતીય પ્રજાનું રાષ્ટ્રીય ચારિત્ર્ય — નરેશ વેદ — ૧૪

૪. ગઈ સદીના મહાન ન્યાયાધીશ લૉર્ડ ડેનિંગ — શરદભાઈ પી. શાહ — ૧૮

૫. કવિ કલાપીના કલાકાર પૌત્ર કુમાર મંગલસિંહજી — રજનીકુમાર પંડ્યા — ૨૪

૬. મોટા પદાર્થો અને સર્વશ્રેષ્ઠ પ્રમેયો (Big Bodies and Superb Theorems) — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૨૭

૭. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૩૬
- હું હતો ત્યારે : સંવેદનકથા / સંધ્યા ભટ્ટ
- સામયિક કોશ (ગુજરાતી ભાષાનાં કેટલાંક સામયિકો, સંપાદકો અને ગ્રંથોનો સંદર્ભ)/ સંપાદક : કિશોર વ્યાસ

૮. સંસ્થા સમાચાર — ૪૧
- યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
- શાળા વિભાગ


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### ગ્રંથાલય-ગ્રંથપાલ-ઉપભોક્તા : એક અવલોકન

વૉટ્સ-એપથી પ્રાપ્ત કાલ્પનિક સંવાદ જોઈએ :

'Just open it and read it.
You don't need a password.'
It's called 'book'...

...Not sure where the betteries go.
No Joystick ? No mouse ?
No keyboard ?
How do you turn the page ?

ભોંય ઉપર પડેલ કોઈ અદીઠ વસ્તુ જોઈને કેટલાંક બાળકો એકઠાં થઈ જાય છે અને તેને જોતાં જ કુતૂહલતાપૂર્વક આશ્ચર્યચકિત થઈ જઈ હૃદયોદ્‌ગાર વ્યકત કરે છે કે આ છે શું ? આ સમયે પસાર થતી સહૃદયી શિક્ષિકા બાળકોને સમજાવે છે કે મારાં વહાલાં બાળકો, આ પુસ્તક કહેવાય. પુસ્તક વાંચવા માટે છે. પુસ્તક હાથમાં લઈને જણાવે છે કે આ પુસ્તકના ઉપયોગ માટે તમારે કોઈ પાસવર્ડની જરૂરિયાત નથી. આ સાંભળતાં જ બાળકો વળતા સવાલો કરે છે કે તો તેની બેટરી ક્યાં રાખવાની ? જોયસ્ટીક, માઉસ કે કી-બોર્ડ પણ કેમ નથી ? તેના સિવાય કઈ રીતે તેનાં પૃષ્ઠ પલટાવી શકાય ?

આ કાલ્પનિક સંવાદ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે આજનાં બાળકો પ્રત્યાયનનાં અત્યાધુનિક વિવિધ ઉપકરણો જેમ કે મોબાઇલ, લેપટોપ, ટીવી વગેરેનો ઉપયોગ ઘણી સરળતાથી કરી રહ્યાં છે, તેમજ તેની દુનિયામાં વ્યસ્ત તથા મસ્ત અને ક્વચિત્ તેના અતિરેકપૂર્ણ ઉપયોગમાં ગળાડૂબ છે અને સાથે સાથે પુસ્તકની ઓળખ ગુમાવતાં જાય છે. પુસ્તકથી અળગાં થતાં જાય છે. પુસ્તકની ઉપયોગિતા અને મહત્તાને ધ્યાને લેતાં આ સ્થિતિ ભારે ચિંતાકારક બની

રહી છે, તેમજ સમગ્ર સમાજ સામે લાલબત્તી ધરે છે અને સંબંધિત પક્ષો, વાલીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વગેરેને જાગ્રત થવા માટે ગર્ભિત સંદેશ આપે છે.

આ સાથે કોઈ જાતની શંકા રાખ્યા સિવાય એક હકીકત એ પણ છે કે સામ્પ્રતયુગમાં પ્રત્યેક વ્યક્તિ ટેક્નૉલૉજીના ઉપયોગમાં કાર્યકુશળતા ધરાવતો હોવો જોઈએ. જેમ વાંચી-લખી નહીં શકનાર નિરક્ષર કે અભણ તરીકે ઓળખાવાય છે તે જ રીતે આજના યુગમાં અત્યાધુનિક ટેક્નૉલૉજીનો ઉપયોગ નહીં જાણનાર **'technologically illiterate'** ઓળખાશે. સ્વાભાવિક રીતે જ આ સ્થિતિ અસહ્ય છે. તેથી પ્રત્યેક વ્યક્તિ માટે ટેક્નૉલૉજીના વપરાશનું જ્ઞાન અપરિહાર્ય બની રહે છે. જો કે મોબાઇલ વગેરેનો અતિરેકપૂર્ણ ઉપયોગ પણ હિતાવહ નથી જ. આપણે ભાગ્યે જ ડોકિયું કરીએ છીએ કે બાળક મોબાઇલ વગેરેનો ઉપયોગ કયા હેતુથી કરી રહ્યો છે. શું તેને બધી જ અધ્યયન-સામગ્રી નેટ ઉપર સુલભ છે ખરી ? આ સામગ્રીની અધિકૃતતા કેટલી ? વળી, આ ઉપકરણો પ્રતિ અતિરેકપૂર્ણ લગાવથી ઘરમાં પધારેલાં સ્વજનો કે પરિવારજનો સાથે ભાવપૂર્વક વાતચીત કરવાનો વિવેક દાખવવાનું પણ ભૂલતાં જાય છે.

આજનાં આપણાં ઘણાંખરાં બાળકોમાં મોબાઇલ વગેરેના ઉપયોગમાં વિવિકેબુદ્ધિના અભાવે આગળ ઉપર પ્રારંભમાં દશાવેલ કાલ્પનિક સંવાદ જેવી સ્થિતિ હકીકતજન્ય બની રહેતાં ઝાઝી વાર લાગશે નહીં. સંભવ છે કે મોબાઇલ વગેરે ઉપર પ્રાપ્ત અધ્યાપકીય નોટસ/પ્રશ્નોત્તરથી સંતુષ્ટ બની રહીને વિદ્યાર્થી ઉચ્ચ ગુણાંક/ગ્રેડ પણ મેળવશે. અને પસંદગીના ક્ષેત્રમાં નોકરી/વ્યવસાય મેળવવા યશભાગી નીવડી ધન-દૌલતથી સમૃદ્ધ પણ થશે. પરંતુ, શું વિદ્યાર્થી જીવનનું આ એક માત્ર લક્ષ્ય છે ? અભ્યાસની સાથે સાથે દરેકે આજીવન વિદ્યા-અર્થી બની રહી સહૃદયી માનવ તરીકેનું ઘડતર કરવું આવશ્યક બની રહે છે.

કહેવાની ભાગ્યે જ જરૂરિયાત રહે છે કે સ્વસ્થ, સમરસ અને જ્ઞાનસમૃદ્ધ સમાજનિર્માણ માટે વિવિધ પ્રકારનાં ગ્રંથાલયોની ભૂમિકા પાયાની ઈંટ સમાન અનિવાર્ય છે. આ એક એવું જ્ઞાનતીર્થ છે કે જેની સંકલ્પ સાથે ઉપાસના કરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ મેળવે જ. ગ્રંથાલયો તો વિશ્વની સંસ્કૃતિઓનાં સંગમતીર્થો તેમજ સંવર્ધન અને સંરક્ષણ કેન્દ્ર છે. દેશ-વિદેશના શિક્ષણવિદો અને શિક્ષણપંચો – Commissionઓ વગેરે અનેકાનેકોએ પોતપોતાના ગ્રંથો/અહેવાલોમાં સાર્વજનિક ગ્રંથાલયોને 'જનસમાજનું વિશ્વ વિદ્યાલય', 'પાવરહાઉસ-શક્તિપ્રતિષ્ઠાન' વગેરે તેમજ શૈક્ષણિક ગ્રંથાલયોને શિક્ષણ સંસ્થાઓનાં હૃદય સમાન ગણાવેલ છે. ડૉ. રંગનાથને પણ ગ્રંથાલયોની મહત્તા દર્શાવતાં નોંધ્યું છે કે : 'Libraries are not mere storehouses; they are rich springs from which knowledge flows out to irrigate the wide fields of education and culture' અર્થાત્ 'ગ્રંથાલયો માત્ર ગ્રંથભંડારો નથી, પરંતુ તે તો ખળખળ વહેતાં સમૃદ્ધ ઝરણાં છે કે જેમાંથી શિક્ષણ અને સંસ્કૃતિ રૂપી વિશાળ ખેતરોને સિંચન કરવા જ્ઞાનગંગા સતત વહ્યા કરે છે.' ઈફ્લા / યુનેસ્કો દ્વારા સાર્વજનિક ગ્રંથાલયો માટે જાહેર કરવામાં આવેલા તેના ઈ.સ.૧૯૯૪ના સંવર્ધિત ઢંઢેરામાં 'Public library as a living force for education, culture and information, and as an essential agent for the fostering of peace and spiritual welfare through the minds of men and women.' અર્થાત્ 'સાર્વજનિક ગ્રંથાલય એ શિક્ષણ, સંસ્કૃતિ અને માહિતી માટેની આજીવન જીવનશક્તિ છે. તેમજ સ્ત્રીઓ અને પુરુષોની બુદ્ધિશક્તિ મારફત શાંતિ અને આધ્યાત્મિક કલ્યાણને દ્રઢ કરવા માટેનું જરૂરી સાધન' ગણવામાં આવ્યું છે, તેમજ યુનેસ્કોના બંધારણમાં પણ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે 'યુદ્ધનો ઉદ્ભવ પ્રથમ માણસના મનમાં થતો હોય છે, તેથી જરૂરી દીવાલ માણસના મનમાં રચાવી જોઈએ. શાંતિનું રક્ષણ કરનાર કિલ્લાઓમાં મહત્ત્વનો કિલ્લો પુસ્તકોનો છે. સર્વનાશક શત્રદોટની ગતિને ખાળવાનું કાર્ય એક માત્ર પુસ્તકો જ કરી શકે'. (રમણલાલ જોશી. આદિવચનો. ૧૯૯૫, પૃ. ૧૦૧) ગ્રંથાલયની અનિવાર્ય આવશ્યકતાને ધ્યાને લેતાં કોઠારી કમિશને (૧૯૬૬) તો સ્પષ્ટ ચેતવણી આપતાં પોતાના અહેવાલમાં નોંધ કરેલ શબ્દો : 'No new university, college or department should be set up without taking into account its Library needs in terms of staff, books, journals, space etc. Nothing could be more damaging to a growing department than to neglect its Library or to give it a low priority. On the contrary, the Library should be an important centre of attraction on the college or university campus' આંખ ઉઘાડનાર બની રહે છે.

ઉત્કૃષ્ટ ગંથાલય સેવાઓ પૂરી પાડવા માટે ગ્રંથાલયમાં ICTનો યથાર્થ રીતે વિનિયોગ અનિવાર્ય છે. તેમજ ગ્રંથાલય

સંચાલનની પરંપરાગત રીતિ- નીતિઓના સ્થાને આધુનિક સંચાલનના સિદ્ધાંતો અપનાવવા રહ્યા. ICTના ઉપયોગ થકી ઉપભોક્તાને અનુકૂળ સ્થળે અને સમયે માહિતી-સેવા પૂરી પાડી શકાય છે. સોશ્યલ નેટવર્કિંગ સાઈટસ જેમ કે Facebook, MySpace, Blogs, Linkdin, Twitter, Flickr, You Tube, Instragam, whats App, Mendeley વગેરેના ઉપયોગથી ઝડપથી માહિતી મેળવી અને મોકલી શકીએ છીએ અને અન્યો સાથે ઝડપથી જોડાઈને જીવંત સંપર્ક કેળવી શકીએ છીએ, પરિણામે ગ્રંથાલયની સેવાઓનું અને ગ્રંથાલયમાં ઉપલબ્ધ વાંચનસામગ્રીના માર્કેટિંગ દ્વારા ઉપભોક્તા વર્ગને આકર્ષીને તેમાં વધારો કરી શકાય છે. આ સાથે સોશ્યલ મીડિયાના ઉપયોગ માટે ઉપભોક્તાઓને પણ પ્રશિક્ષિત કરવા પડશે. વળી, ઉપભોક્તાઓની સમસ્યાઓ / પ્રશ્નો / માંગનો પ્રતિસાદ સમયસર પાઠવવામાં આવે તે ખાસ અગત્યની બાબત છે. વાચનસામગ્રી સંગ્રહના આંકડાઓમાં ન રાચતાં ઉપભોક્તાઓને ICTના માધ્યમથી અનેકવિધ સ્રોતોમાંથી માહિતી સંકલિત કરીને તેમજ સારવી-તારવીને યથાશીઘ્રતાએ મહત્તમ સેવાઓ પૂરી પાડીને સંતુષ્ટિ અનુભવવામાં જ ગ્રંથાલયિત્વનું સાર્થકત્વ જોવું રહ્યું ! ગ્રંથાલયનું મૂલ્ય તેના મહત્તમ ઉપયોગમાં અર્થાત પૂરી પાડવામાં આવતી સમયસરની સેવાઓમાં સંનિહિત છે, નહી કે ભવ્ય ભવન, રાચરચીલાથી !

ગુજરાતમાં ૧૮૬૧૮ ગામડાં છે. આ પૈકી ફક્ત ૨૫૬૦ ગ્રામ્ય ગ્રંથાલયોઓને રાજ્ય સરકાર દ્વારા પ્રતિ ગ્રંથાલય દીઠ ફકત રા. ૧૫૦૦૦ જેટલું અનુદાન આપવામાં આવે છે, આ અનુદાનમાંથી ગ્રંથપાલ તરીકે સેવા આપનારને માસિક માનદવેતન, સફાઈ કર્મચારી, લાઈટબીલ વગેરેનો ખર્ચ બાદ કરતાં કેટલી રકમ બચશે ? અને આ સાથે જ બીજો પ્રશ્ન એ કે બાકીનાં ૧૬૦૫૮ ગામડાંઓની ગ્રંથાલય સેવાઓનું શું ? ઈફલાના માનાંકો અનુસાર પ્રતિ ૩૦૦૦ની વસતિઓ સાર્વજનિક ગ્રંથાલય હોવું જોઈએ અને તે પણ રહેઠાણના વિસ્તારથી એક માઈલથી દૂર ન હોવું જોઈએ, આ ગણતરીએ ગુજરાતમાં ઘણાં બધાં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના કરવાની રહે છે. હકીકતમાં ગામદીઠ સરકારી ગ્રંથાલયની સ્થાપના કરવી જોઈએ અને તેના ગ્રંથપાલોને સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક સમકક્ષ પગાર-ધોરણ આપવું જોઈએ. ગામ ત્યાં શાળા અને ગંથાલય મેન્ડેટરી બની રહેવાં જોઈએ. આ ગ્રંથપાલ સક્ષમ ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવા ઉપરાંત ગામની માહિતી જરૂરિયાતો પૂરી પાડવામાં તેમજ ખેડૂતલક્ષી સરકારી યોજનાઓ અને અન્ય આનુષંગિક યોજનાઓની જાણકારી તેના લાભાર્થીઓને પહોંચાડવા માટે **KEY RESOURCE PERSON** બની રહેશે - જે તે ગામનો સવાયો ગ્રામસેવક બની રહેશે. આ ગ્રામગ્રંથાલયો પ્રજાના સંસ્કાર ઘડતર કરવા ઉપરાંત સ્થાનિક લોકોને રોજગારી માટે માર્ગદર્શન પૂરું પાડવા તેમજ વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન તેમજ સુરુચિશીલ સાહિત્ય પૂરું પાડવાની મહત્ત્વપૂર્ણ કામગીરી કરીને સૌ માટે ઉપકારક બની રહેશે. આ ગ્રામગ્રંથાલય ખરા અર્થમાં ગામનું ક્રિયાશીલ જ્ઞાનકેન્દ્ર બની રહેશે. આ પગલું ખૂબ જ લાભદાયી અને દૂરંદેશિતાશીલ બની રહેશે.

આજની આપણી કૉલેજો અને યુનિવર્સિટીઓમાં ગ્રંથાલયો તો છે, પરંતુ મોટા ભાગનાં આ ગ્રંથાલયો ગ્રંથપાલ વિહોણાં છે. અંદાજિત ૨૫૦ અનુદાનિત કૉલેજોમાં ગ્રંથપાલની જગ્યાઓ ખાલી છે. કૉલેજ ગ્રંથપાલની ભરતી પ્રાયઃ ૧૯૯૮થી બંધ કરવામાં આવી છે. રાજ્યની ૨૭ જેટલી અનુદાનિત યુનિવર્સિટીઓ પૈકી ફક્ત એક જ યુનિવર્સિટીમાં લાઇબ્રેરિયનની જગ્યા ભરાયેલી છે. અંદાજિત ૫૦૦૦ જેટલી ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ગ્રંથપાલની જગ્યાઓ ખાલી છે. યુનિવર્સિટી \ ગ્રંથાલયોમાં સહાયક વ્યવસાયિક કર્મચારીઓનું પ્રમાણ પણ અપર્યાપ્ત છે. અને વિવિધ પ્રકારનાં ગ્રંથાલયો માટે મહેકમ નિર્ધારણની કોઈ ચોકકસ ફૉર્મ્યુલા જ તૈયાર કરવામાં આવી નથી. પરિણામે રાજ્યની અનુદાનિત યુનિવર્સિટીઓનાં ગ્રંથાલયોમાં સહાયક સ્ટાફની ભરતીમાં ભારે વિસંગતતા જોવા મળે છે. વધુમાં મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ ખાલી પડતાં તે સ્થાન ઉપર ભરતી કરવા મંજૂરી આપવામાં આવતી નથી. યા એક યા બીજા કારણોસર જગ્યાઓ રદ કરવામાં આવે છે. કૉલેજ ગ્રંથાલયોમાં પણ સહાયક સ્ટાફ માટે ઉપેક્ષા સેવવામાં આવી રહી છે. પરિણામે નથી અપેક્ષિત સુનિયોજિત વ્યવસ્થાતંત્ર ગોઠવાઈ શકાતું કે નથી સંતોષકારક સેવાઓ પૂરી પાડી શકાતી. વાસ્તવમાં પ્રત્યેક પ્રાથમિક - માધ્યમિક - ઉચ્ચ માધ્યમિક, કોલેજ તથા યુનિવર્સિટીમાં ગ્રંથપાલની જગ્યા MANDATORY હોવી જોઈએ. ગ્રંથપાલ વગરનું ગ્રંથાલય અર્થહીન બની રહે છે. આ સંદર્ભે **મહાત્મા ગાંધીની** શીખ ધ્યાનાર્હ બની રહે છે. તેમણે ૧૯૩૩માં શેઠ મા.જે. પુસ્તકાલયની શિલારોપણવિધિ કરતાં પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનમાં આપેલ શીખ : 'ગ્રંથપાલ કોઈ વેપારીને ન રાખજો કે પુસ્તકોને ફકત સાચવી શકે. પણ એવો રાખજો કે જે પુસ્તકોને સમજી શકે, તેની પસંદગી કરી

શકે. એવો કોઈ સ્વયંસેવક ન મળે તો વધારે રૂપિયા આપજો.' આ સાથે જ ગાંધીદર્શનના પ્રબુદ્ધ ચિંતક **કાકાસાહેબ કાલેલકરે** ગ્રંથપાલનાં કાર્યોની સરાહના કરતાં અને ગ્રંથાલયમાં તેની અનિવાર્ય ઉપસ્થિતિ વિશે નોંધેલ મંતવ્ય : 'પુસ્તકો દ્વારા પ્રત્યક્ષ વ્યક્તિની દરમિયાનગીરી વગર આપણે જ્ઞાન, સંસ્કારિતા, આનંદ અને પ્રેરણા મેળવીએ છીએ, છતાં **ગ્રંથપાલ વગરનું પુસ્તકાલય મડદાં જેવું છે. ગ્રંથપાલ અસંખ્ય ગ્રંથકારો વચ્ચે અને પ્રજા વચ્ચે આધ્યાત્મિક સંબંધ બાંધી આપનાર ગોર છે. ગોરનો મૂળ અર્થ જો ગુરુ હોય તો એ ગુરુ છે.** પણ ગુરુ કરતાં વધારે એ હિતેચ્છુ મિત્ર છે, સ્નેહી છે, સુહૃદ છે. શું ચાહવું ને શું પસંદ કરવું એ શીખવનારને જો આપણે કળાધર કહેતા હોઈએ તો ગ્રંથપાલ કળાધર પણ છે. એનો નિર્હેતુક પ્રેમ આખી પ્રજાને જ્ઞાનસમૃદ્ધ, સંસ્કારી અને દીનસેવક બનાવવા દિનરાત મથે છે. ખૂબ પસંદગીપૂર્વક ઉત્તમ ગ્રંથસંગ્રહ અને ઉત્તમ ગ્રંથપાલની યોજના થઈ હોય તો પ્રજા જોતજોતામાં ચડે. જૂનો જમાનો આજે હોય તો લોકો ગ્રંથપાલને મિત્રવર્ય તરીકે સંબોધતક (કાલેલકર ગ્રંથાવલિ, ભાગ-૪, પૃ. ૪૮૩) સુચિંતનીય બની રહે છે.

આજનાં ગ્રંથાલયો અદ્યતન Information Communication Technologyના વિનિયોગના કારણે **'Libraries without walls'** અર્થાત્ વાચકને પોતાના ઇચ્છિત સ્થળે અને સમયે તેને જરૂરી વાચનસામગ્રી/માહિતી પૂરી પાડવા સજ્જ બની રહ્યાં છે. ગ્રંથાલયોની આ અસાધારણ અને કલ્પનાતીત સજ્જતા પાછળ ગ્રંથાલય વ્યવસાયિકોનાં દૃષ્ટિપૂત પુરુષાર્થ અને અડગ ધ્યેયનિષ્ઠા તેના પાયામાં રહ્યાં છે તે સ્મરણીય બની રહેવું જોઈએ. આજના ગ્રંથપાલો કસ્ટોડિઅન નહીં, પરંતુ જ્ઞાનસમૃદ્ધ અને પ્રતિબદ્ધ સેવાપરાયણ બની રહેતાં ઉપભોક્તાઓ અને ગ્રંથાલયો વચ્ચેની કડી સમાન છે. અર્થાત્ તેમનામાં જ્ઞાનની તૃષા પણ જન્માવે છે તેમજ તેમની જરૂરિયાતને યથાર્થ રીતે પ્રસન્નચિત્ત સંતોષે પણ છે. જ્ઞાના વિતરણ દ્વારા સાંસ્કૃતિક વાતાવરણ ઊભું કરવામાં અને રાષ્ટ્રવિકાસમાં ગ્રંથપાલની ભૂમિકા મહત્ત્વપૂર્ણ ગણાઈ છે. ગ્રંથપાલ સવાયો શિક્ષક ગણાયો છે. માત્ર ગ્રંથસંગ્રહથી ગ્રંથાલયની વિભાવના સાકાર ન જ થાય. આ માટે આવશ્યક બની રહે છે દૃષ્ટિપૂત ગ્રંથાલયી અને વ્યવસ્થાતંત્રની. જ્ઞાનસમૃદ્ધ સમાજના ઘડતર માટે સમૃદ્ધ અને જીવંત સાર્વજનિક તેમજ શૈક્ષણિક ગ્રંથાલયો અને તેની સાથે તેના પ્રાણસમાન કાર્યકુશળ, પ્રતિબદ્ધ અને સેવાપરાયણ ગ્રંથાલયીઓ અનિવાર્ય છે. આ સંદર્ભે Prof. R. David Lankersનું સુચિંતનીય વિધાન 'If you want a future of libraries, it is within you, the librarians. If you want a healthy community that seeks out knowledge, and seeks informed conversation, then advocate for it beyond your walls'. ધ્યાનાર્હ બની રહે છે.

આમ છતાં, દુઃખ તો એ વાતનું છે કે આપણા નીતિ-નિર્ધારકો – સનદી અધિકારીઓ, મંત્રીશ્રીઓ વગેરેને ગ્રંથાલય – ગ્રંથપાલની સુદૃઢ સેવાઓની નિસરણી ઉચ્ચતમ સિદ્ધિનાં શિખરો સર કરવામાં ઉપકારક બની રહી હોવા છતાંય શિક્ષણ સંસ્થાઓમાં સુનિયોજિત ગ્રંથાલય સેવાઓ માટે ગ્રંથપાલની અનિવાર્ય આવશ્યકતાને પ્રાયઃ નજર-અંદાજ કરતા જોવા મળે છે. આ સાથે જ કરુણતા તો એ છે કે જે સમાજ - શિક્ષકો, અધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓ અને પ્રજાજનો-ની ગ્રંથાલય સેવાઓ માટે ગ્રંથાલય વ્યવસાયિકોની માંગ છે તેવો તેમના તરફથી તો કોઈ પ્રતિસાદ જ સાંભળવા મળતો નથી. અર્થાત્ અમારે સુદૃઢ અને સુનિયોજિત ગ્રંથાલય સેવાઓની જરૂરિયાત છે, સમૃદ્ધ ગ્રંથાલયો અને ગ્રંથપાલની આવશ્યકતા છે અમુક વર્ષોથી અમારા ગ્રંથાલયમાં ગ્રંથપાલ નથી કે ગ્રંથાલય સેવાઓ સારી રીતે પૂરી પાડવામાં આવતી નથી તે વિશે કોઈ હરફ પણ ઉચ્ચારતું નથી. સૌ અનાસકત ! પ્રો. સુરેશ જોષીએ પણ નોંધ્યુ છે કે ''વિદ્યાપીઠોમાં ચાલતી સંશોધનની પ્રવૃત્તિ અને અને એને અંગે જરૂરી એવાં અદ્યતન પુસ્તકાલયો માટેના જરૂરી ખર્ચ પર સૌ પ્રથમ કાપ મૂકવામાં આવે છે. 'વિદ્યાપીઠોને મહેલ જેવાં મકાન વગર ચાલે પણ પુસ્તકાલય વગર કેમ ચાલે ? ....પુસ્તકાલયની અપૂરતી સગવડ માટે હજી ખાસ આંદોલન થયાનું સાંભળ્યું નથી.'' વિશેષ દુઃખ તો એ છે કે આપણા સર્જકો, કુલપતિશ્રીઓ, રાજદ્વારીઓ વગેરે અમેરિકા-યુરોપના પ્રવાસ દરમિયાન ત્યાંનાં ગ્રંથાલયોની મુલાકાત લઈ તેની સંગીન સેવાઓથી પ્રભાવિત થતાં પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા જોવા મળે છે, પરંતુ ઘરઆંગણે તેવી સેવાઓ ઊભી કરવા માટે સંબંધિત સત્તામંડળ સમક્ષ રજૂઆત કરવામાં કોઈ સક્રિયતા દાખવતા હશે કે કેમ ? એ પ્રશ્ન છે. વધુમાં, આપણા પ્રકાશકો ભારત સરકારના 'ડિલિવરી ઑફ બુકસ ઍન્ડ ન્યૂઝપેપર્સ ઍક્ટક અને ગુજરાત સરકારના 'કૉપીરાઇટ ઍક્ટ' અન્વયે નિર્ધારિત ગ્રંથાલયોને પુસ્તકોની નકલો મોકલવાનો વિવેક પણ ચૂકતા જાય છે. તેનાં વિઘાતક પરિણામો ભાવિ પેઢીને ભોગવવાં પડશે.

આ સાથે જ દુઃખ સાથે ઉલ્લેખ કરવો રહ્યો કે સમાજમાં ગ્રંથાલય વ્યવસાયિકો પ્રાયઃ ઉપેક્ષિત રહ્યાં છે –

અલબત્ત, અપવાદ બાદ કરતાં. અરે ! સાહિત્યમાં પણ ! સાહિત્યમાં કંઈક રસ-રુચિ ધરાવતો ગ્રંથાલયી હોવાના કારણે સહજ જિજ્ઞાસાવશ ગુજરાતી સાહિત્યમાં ગ્રંથાલય અને ગ્રંથપાલનું કેવું નિરૂપણ કરવામાં આવ્યું છે તેમાં ડોકિયું કરતાં, સાહિત્ય-સર્જકો સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે કેટલીક કવિતાઓ પુસ્તકના માહાત્મ્ય સંબંધી રચાઈ છે, પરંતુ શિક્ષકો, ડૉકટરો કે અન્ય વ્યવસાયિકોનાં ઉદાત્ત વ્યક્તિત્વોનું નવલકથા વગેરે સાહિત્ય સ્વરૂપોમાં ગૌરવગાન કરવામાં આવ્યું છે તે ધોરણે ગ્રંથપાલ અને ગ્રંથાલય તરફ નજરઅંદાજ કરવામાં આવ્યો છે. ગ્રંથાલયોના પ્રસંગોચિત્ત ઉલ્લેખો નવલકથાઓમાં જોવા મળશે, પરંતુ તે એક મિલન સ્થળ તરીકે જ. જો કે અમે ગ્રંથાલય વ્યવસાયિકો ગુજરાતી સાહિત્યના પ્રબુદ્ધ સર્જક સ્વ. ભગવતીકુમાર શર્માના આભારી છીએ કે જેમણે યશોદાયી નવલકથા **'અસૂર્યલોક'** (૧૯૮૭)માં ગ્રંથાલય અને ગ્રંથપાલનો ભારે મોટો મહિમા ગાયો છે. ગ્રંથાલયીઓએ આ કૃતિ અચૂક વાંચવી રહી.

ગ્રંથાલયિત્વના તત્ત્વજ્ઞાનના પાયાની બાબતો અર્થાત્ ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિના પિતા ડૉ. એસ. આર. રંગનાથન દ્વારા ૧૯૨૮ (પ્રકા. ૧૯૩૧)માં પ્રદત્ત પાંચ કાનૂનો : ''Books are for use, Every person his or her book, Every books its reader, Save the time of the reader, and A library is a growing organism''ની સાથે બ્રિટિશ ગ્રંથાલયી માઈકેલ ગોરમૅન (Michael Gorman) દ્વારા ૧૯૯૦માં પ્રવર્તમાન અને ભાવિ ગ્રંથાલયોને ધ્યાને લઈને ડૉ. રંગનાથન પ્રદત્ત કાનૂનોનો વિસ્તાર કરીને ઘડેલા પાંચ કાનૂનો : ''Libraries Serve Huminity, Respect All Forms by which Knowledge is Communicated, Use Technology Inteligently to Enhance Service, Protect Free Access to Knowledge, and Honor the Past and Create the Future''ને આત્મસાત કરવાની સાથે ગ્રંથાલય જગતનાં નવાં પરિવર્તનો અને પડકારોને ઝીલવા માટે જ્ઞાનના ઉત્પાદન, સંવર્ધન અને સંરક્ષણમાં પોતાની બહુઆયામી ભૂમિકાને ધ્યાને લેતાં ગ્રંથાલય વ્યવસાયિકોએ કેટલીક ક્ષમતાઓ કેળવવી પડશે. સૌ પ્રથમ તેણે એક સારા વાચક અને નવું નવું શીખતા રહેવાની વૃત્તિવાળા બની રહેવાની જરૂરિયાત છે. જે સંસ્થાના ગ્રંથાલયમાં કાર્ય કરી રહેલ છે તે સંસ્થાના થ્રસ્ટ એરિયાથી સુપરિચિત હોવાની સાથે સંબંધિત વિષય ક્ષેત્રનું જ્ઞાન પણ ધરાવતો હોવો જોઈએ, કારણ કે પરંપરાગત પ્રણાલિકા અનુસાર પોતાના ઉપભોકતાને માહિતીના સ્રોત કે સાચી માહિતી પૂરી પાડવામાં તેના કાર્યની ઈતિશ્રી નથી, પરંતુ ઉપભોકતાને જે સ્વરૂપે માહિતીની જરૂરત છે તે રીતે સંશોધિત કરીને - માહિતીનું ગઠન, પુનર્ગઠન, પૃથક્કરણ અને અર્થઘટન કરીને પૂરી પાડવાની છે. અર્થાત્ અદ્યતન ટેક્નૉલૉજીના ગ્રંથાલયમાં વિનિયોગ માટે પાવરધાપણું અનિવાર્યપણે અપેક્ષિત બની રહે છે. આ ઉપરાંત તેણે ઉપભોકતાને પ્રશિક્ષિત પણ કરવાનો છે કે જેથી તે જાતે જ જરૂરી માહિતી શોધી શકે. તેણે પ્રશિક્ષકની ભૂમિકા અદા કરવાની હોવાથી પ્રત્યાયનમાં કાર્યકુશળતા પણ અપેક્ષિત બની રહે છે. **પ્રો. કૌલાએ** નોંધ્યું છે કે, 'આજના ગ્રંથપાલો માટે ઉપભોક્તઓને વધુ માહિતી પૂરી પાડવી કે સાચો ઉત્તર આપવો તે પડકાર નથી. આ કાર્ય મશીન દ્વારા પણ થઈ શકે છે, પરંતુ ઉપભોક્તાઓને સાચો પ્રશ્ન પૂછતા કરવામાં મદદ કરવી અને તેને સ્વયં સાચો ઉત્તર શોધવા સક્ષમ કરવો તે પડકાર છે !' આજની આપણી કરુણતા તો એ છે કે આપણે સરોવર કાંઠે તરસ્યા રહીએ છીએ. પન્નાલાલ પટેલે 'મળેલા જીવ' નવલકથાના પ્રારંભિક પૃષ્ઠોમાં નોંધેલ ચિંતન કણિકા **'માથાની તુંબડીમાં લાખ લાખ મોતી, / લ્યા હૈયાની કોથળી ખાલી, / અભાગિયા ! હૈયાની ચૈંથરી ઠાલી !'** આ ગર્ભિત સંદેશ આપણ સૌને અને ગ્રંથાલય વ્યવસાયિકોને પણ ઠીક ઠીક અંશે લાગુ પડે છે. અર્થાત્ ગ્રંથાલયમાં ઉત્તમોત્તમ ગ્રંથો સંગૃહીત છે પણ તે આપણા હૈયામાં પ્રવેશ્યા નથી તેનું કારણ વાંચનરસ-રુચિનો અભાવ જ ગણવું રહ્યું !

આદર્શ ગ્રંથાલયિત્વને ચરિતાર્થ કરવા માટે વ્યવસાયિક સજ્જતા તો અનિવાર્ય છે જ પણ આ સાથે સેવાપરાયણ અને સ્વાગતશીલ સ્વભાવ પણ તેટલો જ જરૂરી છે. વેપાર જગતની વ્યક્તિઓ માટે વપરાતી સૂક્તિ 'સ્મિત વગરની વ્યક્તિએ દુકાન ખોલવી જોઈએ નહીં', ગ્રંથાલય વ્યવસાયિકોને તેટલી જ લાગુ પડે છે. ગ્રંથાલયીએ ધ્યાને લેવું રહ્યું કે પોતાનું અસ્તિત્વ ઉપભોક્તા માટે છે તેથી તેણે ઉપભોક્તા પરાયણ બની રહેવું જોઈએ. બૅંકની મુલાકાત સમયે આપણને મહાત્મા ગાંધીનું નીચેનું વિધાન વાંચવા મળે છે : ''A customer is the most important visitor on our premises. He is not dependent on us. We are dependent on him. He is not an interruption in our work. He is the purpose of it. He is not an outsider in our business. He is part of it. We are not doing him a favor by serving him. He is doing us a favor by

giving us an opportunity to do so.'' આ આદર્શનું ગ્રંથાલયો અને ગ્રંથાલય વ્યવસાયિકોએ સ્વધર્મ તરીકે પાલન કરવું જોઈએ. ગ્રંથાલય ઉપભોક્તાને આપણા અસ્તિત્વનો આધાર તરીકે સ્વીકારીને તેની જરૂરિયાતોની પૂર્તિ કરવી જોઈએ. પોતાની જાતનું જ્ઞાનસેવકમાં રૂપાંતરણ કરવું એ જ એનો ધર્મ બની રહે છે. આપણા આર્ષગ્રન્થ 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતાકનો ધ્રુવમંત્ર **'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन'**ને ખરા અર્થમાં આત્મસાત્ કરીને કર્તવ્યપરાયણ બની રહેવું જોઈએ. અર્થાત્ ગ્રંથાલયી ગ્રંથાલયનો પર્યાય બની રહેવો જોઈએ. આ સાથે ગ્રંથાલયના કુશળ સંચાલન માટે તેનામાં નેતૃત્વના ગુણો અને ટીમ ભાવના આવશ્યક બની રહે છે. સક્ષમ અને સમયસર સેવાઓ પૂરી પાડવા માટે ગ્રંથાલય વ્યવસાયિકોમાં પ્રતિબદ્ધતા અને ઉત્તરદાયિત્વની ભાવના આવશ્યક છે. આજે સંવેદનશીલ અને સેવાપરાયણ ગ્રંથાલયી આવશ્યક બની રહે છે. અનુભવે જણાયું છે કે આજના ભૌતિકવાદી યુગમાં માણસ યંત્રવત કર્મચારી રહ્યો છે અને 'માણસક ખોવાયો છે. તેનાં વાણી અને વર્તનમાં માનવીય ઉષ્માનો – સંસ્પર્શનો અભાવ જોવા મળે છે. 'માણસક હશે તો જ ગ્રંથાલય કે અન્ય કોઈ સેવાઓમાં ચૈતન્ય પ્રસરશે. આ સાથે ધ્યાને રહે કે ઉષ્માપૂર્ણ વાતચીત – વ્યવહારની સાથે સાથે ઉપભોક્તનું ગ્રંથાલયમાં આગમન સાર્થક પુરવાર થયું છે તેવી તેને અનુભૂતિ – સંતુષ્ટિ થાય તેવી કાર્યપ્રણાલી અપેક્ષિત બની રહે છે.

આપણે સૌ જાણીએ છીએ કે માનવજીવનના ઉત્કર્ષ અર્થે, વૈચારિક ચેતના પેદા કરવા માટે, જ્ઞાનવાન થવા વગેરે હેતુસર વાંચન અનિવાર્ય છે. પુસ્તકોના મહત્ત્વને ધ્યાને લઈ કહેવાયું છે કે **'જ્ઞાનાયપેત્ય યા વૃત્તિઃ સા વિનાશયતિ પ્રજાઃ'** અર્થાત જ્ઞાનથી વિમુખ વૃત્તિ પ્રજાનો નાશ નોંતરે છે, પરંતુ શું વાંચવું જોઈએ અને શું ન વાંચવું જોઈએ તે માટે સારાસારનો વિવેક પણ જરૂરી બની રહે છે. એક બાબત ધ્યાનમાં લેવી જોઈએ કે આપણે **'Read to Live, not Live to Read'** અર્થાત્ જીવવવા માટે વાંચવું જોઈએ, નહીં કે વાંચવા માટે જીવવું જોઈએ. માત્ર સમય પસાર કરવા કે હેતુવિહીન વાંચનનો પણ અર્થ નથી. વાંચન પછી ચિંતન પણ કરવું જોઈએ અને તેમાંથી પેદા થતા ઉદાત્ત વિચારોને અપનાવવા પણ જોઈએ. આ સાથે જ આપણા પ્રબુદ્ધ ચિંતક ગુણવંત શાહ કહે છે તેમ અધોળ જેટલું વાંચન કરીને ટનબંધ ચિંતન કરવું જોઈએ. આ જ વાત રવિશંકર મહારાજના શબ્દોમાં જોઈએ : 'કેટલાક જલદી જલદી પુસ્તકો વાંચી નાખે છે. મનન કરતા નથી. જે ઢોરને વાગોળતાં ન આવડે, તેને લોહી ન ચઢે. તેમ જે વાંચીને મનન ન કરે, તેને જ્ઞાન પચે નહિ. નિદિધ્યાસન થાય નહિક ને પણ ધ્યાને લેવા રહ્યા. અર્થાત્ વાંચન એકલું પર્યાપ્ત નથી. વાંચનની સાથે ગહન-ગંભીર ચિંતન પણ અનિવાર્ય છે. કેદારનાથજીના શબ્દોમાં કહીએ તો 'વાચનથી માત્ર શુભ ભાવનાઓ જાગ્રત થઈને વિલીન થઈ જતી હોય, તો એથી શો લાભ ? વાંચનથી જો ભાવનાઓની વૃદ્ધિ થતી ન હોય, અને તે પ્રમાણે આચરણ થતું ન હોય, તો એ વાંચન એક જાતનું વ્યસન જ બની જાય છે.' આજનું સંકુલ માનસ જે મનોદશામાંથી પસાર થઈ રહ્યું છે તેનું ચિત્રણ કવિ **ન્હાનાલાલે** તેમના નાટક 'ઇન્દુકુમાર'ની નાયિકા કાન્તિના મુખે વ્યક્ત કર્યું છે :

**અરેરે હૃદયની આજ્ઞા એક**
**અને ચરણનાં ચાલવાં બીજાં**
**આશાઓ અમૃતભરી**
**અને અનુભવો લીલા ઝેરના.**

આ સ્થિતિમાંથી ઊગરવાનો એકમાત્ર ઉપાય સદ્‌ગ્રંથોનું સાંનિધ્ય કેળવવામાં જ છે. આમછતાં, દિનપ્રતિદિન વાંચન ટેવ ઘટતી જાય છે. આપણા પ્રબુદ્ધ ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈએ તા. ૩૧ જુલાઈ, ૨૦૨૨ના 'ગુજરાત સમાચાર'ની રવિપૂર્તિમાં તેમની લેખમાળા 'પારિજાતનો પરિસંવાદ'માં સાક્ષરતા અને પુસ્તકપ્રેમ વચ્ચે વધતી જતી ખાઈ સંદર્ભે ચિંતા વ્યક્ત કરતાં : 'આપણાં પુસ્તકાલયો પ્રાચીન ઇમારત કે બિસ્માર હવેલી જેવાં બનવા લાગ્યાં છે. પુસ્તકોના વિક્રેતાઓની દુકાનો અને બજાર સમેટાઈ રહ્યાં છે.... ગુજરાતી સર્જકોને મોટી મથામણ એ છે કે વાચનની આદત જ સતત ઓસરી રહી છે ત્યારે ગ્રંથસર્જનનું ભવિષ્ય શું ?' નોંધીને ઘટતી જતી વાચનટેવ પાછળ મોબાઇલ ઉપર સમય પ્રસાર કરવો, મોબાઇલ અને અન્ય ટૅક્નૉલૉજી દ્વારા જરૂરી માહિતીની પ્રાપ્તિ થવી, મોંઘાં પુસ્તકો વગેરે કારણો ગણાવેલ છે.

શબ્દમાં કેટલી અગાવી તાકાત છે, તેની પ્રતીતિ માટે કેટલાક ગ્રંથોનાં ઉદાહરણો પર્યાપ્ત થઈ પડશે. યુરોપમાં મુદ્રણકળાના આવિષ્કાર બાદ પુસ્તકોના માધ્યમથી વિચારોના ફેલાવાથી જે વૈચારિક ચેતનાની લહેર પ્રસરી ગઈ તેનાથી **પુનર્જાગરણયુગ** અને ત્યાર બાદ જે પરિવર્તનો આવ્યાં તે આપણી નજરસમક્ષ છે. **ઈ.સ. ૧૭૮૯ માં નેપોલિયન બોનાપાર્ટે** કહ્યું હતું કે, 'જો રુસો ન હોત તો ફ્રાંસની ક્રાંતિ ન થાત.' આ સમયગાળામાં પ્રગટ થયેલાં પુસ્તકો પૈકી

**હરડરેનું** 'આઇડિયાઝ ઑન ફિલોસૉફી ઑફ હિસ્ટ્રી ઑફ મૅનકાઇન્ડ', **ઍડમ સ્મિથનું** 'ધ વેલ્થ ઑફ નેશન્સ', **જ્યુસેથ મેઝિનીનું** 'ડ્યૂટીઝ ઑફ મૅનક, **કાર્લ માર્ક્સનું** 'દાસ કેપિટલ' વગેરેએ ચિંતનની નવી દિશા પૂરી પાડી. દ્વિતીય વિશ્વયુદ્ધનો હીરો, પ્રસિદ્ધ રાજનીતિજ્ઞ, શબ્દસ્વામી અને ઇંગ્લૅન્ડના તત્કાલીન વડાપ્રધાન **વિન્સન્ટ ચર્ચિલ**કૃત 'ધ સેકન્ડ વર્લ્ડ વૉર'ની ગ્રંથશ્રેણી એક અદ્વિતીય ઇતિહાસગ્રંથ અને રાજનીતિ શિક્ષણનો અદ્ભુત ગ્રંથ છે. આ ગ્રંથ માટે ચર્ચિલને નૉબેલ ઍવૉર્ડથી અલંકૃત કરવામાં આવ્યો હતો. ભારતીય વહીવટ અને ઇતિહાસ-બોધ માટે **ફિલિપ**કૃત 'ધ મૅન હુ રુલ્ડ ઇંડિયા' પણ સ્મરણીય બની રહે છે. અરે, આપણા ઘર આંગણે જ જુઓને **કરસનદાસ મૂળજીએ** 'મહારાજ લાયબલ કેસકના માધ્યમથી વૈષ્ણવ મહારાજોનો ભાંડો ફોડીને કેટલી બધી વાસ્તવિકતાઓ છતી કરી હતી ? **મહાત્મા ગાંધી**કૃત 'સત્યના પ્રયોગા'એ વિષયવસ્તુ અને લેખનશૈલીની દૃષ્ટિએ આકર ગ્રંથ છે, વિશ્વની શ્રેષ્ઠ આત્મકથાઓમાં ગૌરવપ્રદ સ્થાન ધરાવે છે કે જેણે આત્મકથા સ્વરૂપ માટે રોલ મૉડેલ પ્રસ્તુત કર્યું. ટૉલ્સ્ટૉય અને રસ્કિનનાં પુસ્તકોના વાંચનથી ગાંધીજી ઉપર પડેલ પ્રભાવ જગજાહેર છે. અરે ! આ બધા ગ્રંથો તો દૂરના ભૂતકાળના છે. હાલના દિવસોમાં જ પ્રસારિત કરવામાં આવેલી ફિલ્મ **'કાશ્મીર ફાઈલ્સ'** કઠોર વાસ્તવિકતાઓનો પર્દાફાશ કરી રહી છે. આ ફિલ્મ ઉપરાંત કાશ્મીરની યથાતથ વિગતો જાણવા માટે રાહુલ પંડિતાકૃત **'Our Moon has Blood Clots : A Memior of a Lost Home in Kashmir'** (૨૦૧૩) વાંચતી રહી. ૧૯૯૮ના આસપાસનાં વર્ષોમાં આતંકીઓ દ્વારા આપવામાં આવેલી ધમકીઓ **'રલીવ, ચલીવ યા ગલીવ'** એટલે કે 'ધર્માન્તરણ કરો, મૃત્યુ પામો યા ચાલ્યા જાઓ'ના કારણે સાડા ત્રણ લાખ હિંદુઓએ કાશ્મીર છોડ્યું હતું. આ ગ્રંથનો લેખકે તે સમયે ૧૪ વર્ષની વયનો હતો. તેણે અધ્યયન-સંશોધન-પ્રત્યક્ષ મુલાકાતોના આધારે આ દસ્તાવેજી ગ્રંથ તૈયાર કર્યો છે. આપણા સૌ માટે પુસ્તકો એ જીવન જીવવાનો આધાર છે. તેવાં પુસ્તકોની લૂંટ સંબંધી પુસ્તક **'The Book Thieves'**/by Anders Rydell (૨૦૧૭)માં નાઝીઓ દ્વારા યહૂદીઓ અને વિરોધી વિચારધારા ધરાવતા વ્યક્તિઓના ગ્રંથભંડારો લૂંટવામાં આવ્યા હતા તે વિશેની હૃદયવિદારક ઘટનાઓ વર્ણવામાં આવી છે. જર્મનીની આ લૂંટમાંથી અમેરિકા ૧૦ લાખ પુસ્તકો ભાગ-બટાઈમાં લઈ ગયું હતું. એક અન્ય પુસ્તક વ્યક્તિ માત્ર માટે ઉપકારક નીવડે તેવું પુસ્તક ગુજરાતના શિક્ષણ વિભાગનાં પૂર્વ અગ્રસચિવ અંજુ શર્માકૃત 'Corporate Monk' (૨૦૧૮) છે કે જેમાં વિક્ષુબ્ધ વ્યક્તિને આત્મખોજ થકી સુયોગ્ય પથ પર લાવવા યા વ્યવસાયિક કારકિર્દીમાં અધ્યાત્મના વિનિયોગ દ્વારા કઈ રીતે સાધુત્વ કેળવવું / ઉચ્ચતમ સિદ્ધિ હાંસલ કરવું તે વિશે સમજાવ્યું છે. ગ્રંથો જીવનમાં કેવો પ્રભાવ પાડી શકે તે માટે **પ્રીતિ શાહ**કૃત **પીધો અમીરસ અક્ષરનોક** વાંચી જવા ખાસ ભલામણ છે.

ઘણી વાર ગુજરાતી પ્રજા માટે વાંચનટેવ કે પુસ્તકપ્રેમ સંદર્ભે કટુ વચનો સાંભળવા મળતાં હોય છે. જેમ કે, ગુજરાતીઓ ચોપડીના નહીં, પણ ચોપડાના પૂજારી છે. અર્થાત્ સરસ્વતીના નહીં, પરંતુ લક્ષ્મીના પૂજારી છે. આ સંદર્ભે પાટણના વતની અને વિશ્વવિખ્યાત પૌર્વાત્યવિદ્ ડૉ. ભોગીલાલ સાંડેસરાએ એક જાણીતા વિદ્વાનનું મંતવ્ય ટાંકતાં જણાવેલ કે, 'ગુજરાતની લક્ષ્મીની ઉપાસના તો આજે પણ સુપ્રસિદ્ધ છે, પણ ગુજરાતીઓના પૂર્વજોએ કરેલી લક્ષ્મી તેમજ સરસ્વતી બંનેની ઉપાસના જોવી હોય તો જાઓ પાટણ. જુઓ ત્યાંના જ્ઞાનભંડારો.' આ એ ભંડારો છે કે જેમાં અન્યત્ર પ્રાપ્ય નથી તેવી દુર્લભ હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. ઉદા. તરીકે રાજશેખરકૃત **કાવ્યમીમાંસા,** શાંતરક્ષિતકૃત **તત્વસંગ્રહ,** ચાર્વાક દર્શન વિશેનો એકમાત્ર ગ્રંથ ભટ્ટ જયરાશિકૃત **તત્ત્વોપપ્લવ,** ધર્મકીર્તિકૃત **હેતુબિન્દુટીકા ઉપર અર્ચતની ટીકા, કુટ્ટનીમત** અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અઢળક કૃતિઓ કે જે અદ્યાવધિ અપ્રકાશિત છે.

આજના સમયની માંગ છે કે વિદ્યાર્થીઓને **'નોટ બુક કલ્ચર'**માંથી બહાર કાઢીને **'લાઇબ્રેરી કલ્ચર'** તરફ વાળવા. વિદ્યાર્થીઓ ગ્રંથાલયમાં જશે તો કંઈક જોશે અને સમયાન્તરે તે અચૂક વાંચવા પ્રેરાશે. વિદ્યાર્થીઓને ગ્રંથાલય ભણી દોરવામાં ગ્રંથપાલો અને અધ્યાપકોની સક્રિયતા અને ક્રિયાશીલતા અનિવાર્ય બની રહે છે. આ સંદર્ભે આપણા પ્રબુદ્ધ સર્જક ભોળાભાઈ પટેલનું અવલોકન પણ ધ્યાનાર્હ બની રહે છે : ''પુસ્તકો છપાય છે, વેચાય છે, ખરીદાય છે, પણ વાચક - ખરેખાતનો વાચકવર્ગ બહુ ઝડપથી લુપ્ત - વિરલ થતો જાય છે. જેમનું કામ વાંચવાનું છે, વાચનસજ્જ થવા માટે જેમને મસમોટાં વેતન આપવામાં આવે છે, એ વ્યવસાયી વાચકો અર્થાત્ શિક્ષકો-અધ્યાપકો પણ પુસ્તક વિમુખ થતા જાય છે.... મોટા ભાગના અધ્યાપકો પુસ્તક જેમને માટે ખરેખર તો 'આરાધ્યક કે 'સેવ્યક છે, તેનાથી સ્વેચ્છાવિમુખ થયા છે, થઈ રહ્યા છે ! વિદ્યાર્થીઓ પણ પુસ્તકો તો શું પાઠ્યપુસ્તકોય પૂરાં વાંચતા નથી, ખાસ તો સાહિત્યના વિદ્યાર્થીઓ. બજારૂ નોટ્સને આધારે ૫૫ ટકા લાવી પણ દે છે. ખરેખર તો અધ્યાપકોનું કર્તવ્ય છે : 'છાત્રોને

પુસ્તક - અભિમુખ કરવા, પુસ્તક વાંચવાની ટેવવાળા કરવા. પણ એક અધ્યાપક તરીકેના ચાર દાયકાના અનુભવમાં જોયું છે કે એ સહેલું નથી તેમ છતાં પ્રયત્ન કરવાથી સારું પરિણામ લાવી શકાય છે.'' અધ્યાપકોની વાચનવિમુખતાને ધ્યાને લેતાં પ્રબુદ્ધ, વિવેચક- સર્જક સુરેશ જોષી પ્રોફસરને 'જ્ઞાનજગતનો સાચો સંન્યાસી' ઓળખાવે છે.

ગ્રંથાલયી તરીકેના સુદીર્ઘ અનુભવે જણાયું છે કે અધ્યાપકો કે આચાર્યો ગ્રંથાલયોની અલ્પમાત્રામાં મુલાકાત લેતા જોવા મળ્યા છે. અધ્યાપકોની આ ઉદાસીનતા કેવાં માઠાં પરિણામો સાંપડાવશે તેની તો આપણે કલ્પના જ કરવી રહી. જેની સીધી અસર વિદ્યાર્થીઓ ઉપર પડે છે. અર્થાત્ પોતાના રોલ-મૉડેલ સમ પોતાનાં ગુરુજનોની ગ્રંથાલયમાં અનુપસ્થિતિ પણ તેમને તેમ કરવા પ્રેરે છે. વિદ્યાર્થીઓ પણ ગ્રંથાલયના ઉપયોગના સ્થાને ગાઇડો કે 'નોટસ'ના આધારે કામ ચલાવતા થઈ ગયા છે, પરિણામે સંબંધિત વિષયની પાઠ્યેતર કૃતિઓથી પ્રાયઃ અજ્ઞાત થતા જઈ રહ્યા છે. આજે પ્રાયઃ બધા જ વિષયોમાં પાઠ્યપુસ્તકો અદશ્ય થઈ રહ્યાં છે અને તેનું સ્થાન ગાઇડોએ લઈ લીધું છે.

આજનાં આપણાં બાળકો / વિદ્યાર્થીઓ વાંચન વિમુખ થવા પાછળનાં કેટલાંક કારણો પૈકીનું એક કારણ વાલીઓની ઘટતી જતી વાંચનટેવ છે. આ ઉપરાંત એક જમાનો હતો કે આપણાં ગામડાંઓમાં શ્રાવણ તેમજ અધિક માસમાં રામાયણ, ભાગવત વગેરે જેવા ગ્રંથોનું વાંચન નિયમિત પણે થતું તેમજ ઉનાળામાં ધાર્મિક કથા સપ્તાહોનું આયોજન કરવામાં આવતું, જેનો લાભ આબાલવૃદ્ધ સૌ ગ્રામજનો લેતાં. આજે આ કથા સંસ્કૃતિ પ્રાયઃ અદશ્ય થઈ ગઈ છે. આપણાં સાર્વજનિક ગ્રંથાલયો કે શાળા-કૉલેજો-યુનિવર્સિટીઓનાં ગ્રંથાલયોનો ઉપયોગ દિનપ્રતિદિન ઘટી રહ્યો છે. જેમ જેમ વાંચન અદશ્ય થતું જશે તેમ તેમ અંધકારનાં પડળો ઘર કરી જશે. Ray Bradbury એ સાચું જ કહ્યું છે કે : 'You don't have to burn books to destroy a culture. Just get people to stop reading them.'

એક અન્ય મહત્ત્વનું કારણ એ છે કે આજની આપણી શિક્ષણ પ્રણાલી અને વાલીઓની પોતાના પાલ્યને અંગ્રેજી માધ્યમમાં ભણાવવા તરફની આંધળી દોટ. કહેવાતી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં હિન્દી ભાષાનું જ ભારે પ્રચલન જોવા મળે છે. વળી, આવી શાળાઓમાં માતૃભાષાના અધ્યાપન પ્રતિ ઉપેક્ષા સેવવામાં આવે છે કે તેનું મહત્ત્વ ગૌણ ગણીને તેનું અધ્યાપન કરાવવામાં આવતું હોય છે. પરિણામસ્વરૂપે ધોરણ ૧૦-૧૨ સુધીનો અંગ્રેજી માધ્યમનો વિદ્યાર્થી નથી માતૃભાષા સરખી રીતે લખી, બોલી કે વાંચી શકતો અને આ જ સ્થિતિ અંગ્રેજી અને હિંદી ભાષાઓના જ્ઞાનની પણ જોવા મળે છે. આવા અધકચરા ભાષાજ્ઞાનના કારણે વિદ્યાર્થીઓ લલિત સાહિત્ય કે જ્ઞાન-વિજ્ઞાના અન્ય વિષયોના પાઠ્યેતર ગ્રંથો ભાગ્યે જ વાંચવા સમર્થ હોય છે અને તેની ઇચ્છા પણ ધરાવતાં નથી અને તેનાં પરિણામે વિદ્યાર્થીઓની મૌલિક વિચાર - ચિંતન શક્તિ કુંઠિત થતી જતાં વિચારશૂન્યતા તરફ ઢસડાઈ રહ્યાં છે. વળી, શાળા / કૉલેજો / ટ્યૂશન વર્ગોમાં પરીક્ષાકેન્દ્રી ગોખણવિદ્યાના પ્રોત્સાહનના કારણે વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણાંક સાથે ડિગ્રીધારી બહાર પડે છે, પરંતુ અપેક્ષિત જ્ઞાનથી કોરાધાકોર રહે છે. આ સ્થિતિ જ્ઞાનીકવિ અખાના શબ્દો : **'તલમાં તાંદળા ભળ્યા, ન થાય ઘેંસ કે ઘાણી'**માં અભિવ્યક્ત ભાવ જેવી પરિણમતી જાય છે. આ સ્થિતિના નિવારણ અર્થે તેમજ પોતાના પાલ્યના સર્વાંગી વિકાસ અને હિતને ધ્યાને લઈ વાલીઓએ અંગ્રેજી માધ્યમનો વ્યામોહ છોડીને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, ઉમાશંકર જોશી, નિરંજન ભગત, ભોળાભાઈ પટેલ વગેરેની દૂરંદેશિતાપૂર્ણ શીખ **'ઉત્તમ અંગ્રેજી માધ્યમ ગુજરાતી'**ને હૈયે ધરવી રહી ! આ સ્થિતિ બાળકોને સત્વશીલ વાંચન કરવા પ્રેરશે અને વધુ સામર્થ્યશીલ બનાવશે.

બાલ્યવયથી જ બાળકની વાંચનમાં રસ-રુચિ કેળવવામાં માતા-પિતાની ભૂમિકા સંદર્ભે એકાદ ઉદાહરણ જોઈએ : ૧૯મી સદીના પ્રસિદ્ધ અંગ્રેજ કવિ અને નાટકકાર રૉબર્ટ બ્રાઉનિંગ વિશેનો. આ કવિની 'Men and Women', 'Ring and the Book', 'Dramatic Romances and Lyrics' વગેરે કૃતિઓ વિશેષ જાણીતી છે. પાંચ વર્ષના બ્રાઉનિંગે પિતાને પૂછ્યું 'શું વાંચો છો ડેડી ?' ''આ **'ઈલિયડ'** પુસ્તકમાંથી ટ્રોયના ઘેરા વિશે વાંચું શું'' – પિતા બોલ્યા. ''ટ્રોય શું છે ?'' - બાળકે ફરીથી પૂછ્યું. બીજા કોઈ પિતાએ કહ્યું હોત કે ટ્રોય એક નગર છે અને પછી ઉમેર્યું હોત કે, ''જા હવે બહાર રમવા જા અને મને વાંચવા દે !'' પરંતુ, રૉબર્ટના પિતાએ બેઠકખંડમાં જઈને ફર્નિચર વગેરે સેટ કરી નાના સરખા નગરનો આકાર બનાવ્યો. ટેબલ ઉપર ખુરશી મૂકી રૉબર્ટને બેસાડ્યો અને કહ્યું ''જો, હવે આ બધું ટ્રોય નગર છે અને તું એનો રાજા **પ્રાયમ** છે.... અને આ રહી તારી સુંદર રાણી હેલન !'' એટલું બોલી પિતાએ રૉબર્ટની પાળેલી બિલાડીને ઊંચકી.'' અને બહાર પેલા કૂતરાઓ છે ને – જે

હંમેશાં તારી બિલાડીની પાછળ પડે છે તે જ **રાજા એગ્મેન** અને **રાજા મેનેલેઅસ,** જેમણે હેલનનું હરણ કરી જવા ટ્રોય ઉપર ચઢાઈ કરી હતી. આ પ્રમાણે પિતાએ રોબર્ટને સરળ રીતે સમજાવ્યું. તે સાત-આઠ વર્ષનો થયો ત્યારે પિતાએ તેને 'ઈલિયડ' વાંચવા આપ્યું... અને થોડાંક વર્ષો બાદ રૉબર્ટને મૂળ ગ્રીક ભાષામાં 'ઈલિયડ' વાંચતાં શીખવ્યું. આ છે કિસ્સો એક પિતાએ પોતાના બાળકમાં વાંચન સંસ્કારનું કઈ રીતે ઘડતર કર્યું તે વિશેનો આ પ્રસંગ વત્સલા મહેતાએ નોંધ્યો છે, તે અહીં ટૂંકાવીને સાભાર ઉદધૃત કર્યો છે. આ પ્રસંગ **'વાચકની દીવાદાંડી ભાગ-૧'**માં સંગૃહીત છે.

ગ્રંથ-સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર અને સંવર્ધનમાં આયખાના ૧૦૦મા વરસમાં પ્રવેશીને તા. ૩ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ દિવંગત થયેલા **શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીના** વ્યક્તિગત ધોરણે હાથ ધરેલા પ્રયાસો સંભવતઃ સમગ્ર રાષ્ટ્રમાં એકલવીર સમાન છે. 'લોકમિલાપ ટ્રસ્ટ'ના માધ્યમથી નહીં નફો નહીં નુકસાનના ધોરણે ઘણાં ઉત્તમ પુસ્તકો આપણને આપ્યાં છે.

વાંચનના માહાત્મ્ય વિશે વાત કરવાની સાથે જ તાજેતરનાં વર્ષોની આ સંબંધી બે ઘટનાઓ જોઈએ : **સંયુકત આરબ અમીરાતના પ્રેસિડેન્ટ શેખ ખલીફા** દ્વારા વિશ્વના દેશોમાં પ્રાયઃ ક્યાંય અસ્તિત્વ ન ધરાવતો - 'Unprecedented cultural and legislative initiative' = 'અનઅગ્રવર્તી સાંસ્કૃતિ' તથા વૈધાનિક પહેલ કે જે આરબોની સાંસ્કૃતિક ધરોહર અને વૈશ્વિક ક્ષેત્રના અનુભવો અને તજ્જ્ઞતાને ધ્યાને લઈને તૈયાર કરવામાં આવેલ - **'National Law of Reading'** – 'રાષ્ટ્રીય વાચન કાનૂન' **તા. ૩૧ ઑકટોબર, ૨૦૧૬**ના રોજ જાહેર કરીને અમલીકૃત કરવામાં આવ્યો. **આ સંદર્ભે નામદાર શેખ ખલીફાએ જણાવ્યું હતું** કે આ કાનૂનનો મૂળભૂત ધ્યેય સમાજના સઘળા વર્ગોના સભ્યોને આજીવન શિક્ષણ માટેનો આધાર પૂરો પાડવાનો અને પ્રજાના માનસિક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક સંપદાના સંવર્ધનનો પણ રહ્યો છે. જ્ઞાન આધારિત સમાજ વિના જ્ઞાન આધારિત અર્થકારણ સંભવિત નથી. અમારી યુવાપેઢીની ક્ષમતા પ્રસ્થાપિત કર્યા વગર અમારી વિકાસ યોજનાની વ્યૂહરચના પણ ન થઈ શકે. સંસ્કૃતિ, વાચન અને જ્ઞાનની અનુપસ્થિતિમાં અમે સામાજિક જાગૃતિ, સુદઢ પારિવારિક મૂલ્યો સહિતનો સહિષ્ણુ સમાજ અને રાષ્ટ્રીય ઓળખની સભાનતા પણ ન કેળવી શકીએ. વાચન અભિમુખ સમાજ સાંસ્કૃતિક મૂલ્યોને આત્મસાત કરે છે કે જે લવચીક તથા અનુકૂલિત છે અને આપણા બહુ-સાંસ્કૃતિક વિશ્વમાં વિકાસ તરફ દોરી જવા માટે બૌદ્ધિક ક્ષમતા ધરાવે છે. અમારો ઉદ્દેશ આવનારી પેઢીઓ શ્રેષ્ઠતા તથા દૂરંદેશિતા હાંસલ કરવા માટે કાર્ય કરે, તેમજ અમીરાતે તેના પ્રાદુર્ભાવકાળથી જ જ્ઞાન, વિજ્ઞાન અને સંસ્કૃતિને પ્રાધાન્યતા આપી છે, તેથી આ બધાંનો વિનિયોગ માતૃભૂમિ અને અમીરાતનાં ઉત્તમ હિતો માટે કરવામાં આવે તે રહ્યો છે.

પ્રસ્તુત કાનૂનને આધીન કેટલીક મહત્ત્વપૂર્ણ વૈધાનિક જોગવાઈઓ કરવાની સાથે તેનો અમલ પણ શરૂ કરવામાં આવ્યો, જેમાં -

● વાચનપ્રવૃત્તિના પ્રોત્સાહન માટે સવિશેષતઃ બિન સરકારી અને સ્વૈચ્છિક સંગઠનોને મદદરૂપ નીવડવા માટે **૧૦૦ m. Dirhamsની નિધિ** ઊભી કરવામાં આવી.

● શિક્ષણ મંત્રાલય દ્વારા શાળા ગ્રંથાલયોનો અદ્યતન સાધન-સામગ્રી અને પુસ્તકો સહિતની વાચનસામગ્રીથી સુસજ્જ કરવા માટે ઘણા મોટા બજેટની ફાળવણી

● સરકારી કર્મચારીઓને તેમની ફરજના સમય દરમિયાન **વાંચનનો અધિકાર** અને આ સમય દરમિયાન કર્મચારીઓએ તેમના વ્યવસાયિક અને વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહક સાહિત્યનું વાંચન કરવું.

● સમાજના બધા જ વર્ગોની જરૂરિયાત સંતોષવા **ડિજિટલ લાઇબ્રેરીની** સ્થાપના કરવી.

● સાર્વજનિક અને શૈક્ષણિક **ગ્રંથાલયોનો** કાયાકલ્પ કરવો.

● પ્રતિ વર્ષ માર્ચ માસ **'વાચન માસ'** તરીકે નિર્ધારિત કરવો, વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

હવે પૂર્ણતઃ પ્રતિબદ્ધત્તા સાથે આ કાર્ય સંપન્ન કરવાની સામે આપણે ગુજરાત રાજ્યની સ્થાપનાની સુવર્ણજયંતીના ઉપલક્ષ્યમાં રાજ્ય સરકાર દ્વારા **'વાંચે ગુજરાત'** અભિયાન **૧ એપ્રિલ, ૨૦૧૦ થી પ્રારંભ કરીને પૂરા એક વર્ષ સુધી** સુપેરે ચલાવવામાં આવ્યું તે તરફ દષ્ટિપાત કરીએ. આ અભિયાન અંતર્ગત બહુવિધ દષ્ટિવંત કાર્યક્રમો પૂરા હોશ અને જોશ સાથે ઉદા. તરીકે 'વિદ્યાર્થીઓ માટેની વાંચન શિબિરો' 'ગ્રંથ સારથિ શિક્ષકોની શિબિરો', 'શ્રેષ્ઠ વાચક સ્પર્ધાઓ', 'મને ગમતું પુસ્તક વાર્તાલાપ', 'એકસાથે વાંચે ગુજરાત', 'પુસ્તકમેળાઓ', 'તરતાં પુસ્તકો', 'અધ્યયન - અનુશીલન પ્રોજેકટો' વગેરે હાથ ધરવામાં આવ્યા હતા. પ્રત્યેક વ્યક્તિને, ગુજરાતને અને અંતતઃ રાષ્ટ્રને માહિતી અને

જ્ઞાનસમૃદ્ધ બનાવવા માટે આ અભિયાન ખરા અર્થમાં ઉપયોગી હોઈ તેની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી. આ અભિયાને આખા ગુજરાતને વાચન પ્રતિ આંદોલિત કર્યું, પરંતુ અનુભવે જણાયું છે કે, ઉમદામાં ઉમદા ધ્યેય સાથે શરૂ કરવામાં આવેલા સરકારી કાર્યક્રમો પણ તેની પૂર્ણાહુતિ બાદ કાળગ્રસ્ત થઈ જતા હોય છે અથવા અમુક સમય-મર્યાદા માટે પ્રત્યક્ષ તથા પરોક્ષ હેતુઓ માટે જીવંત રાખવામાં આવતા હોય છે. આ પરંપરામાં **'વાંચે ગુજરાત'** આંદોલન પણ આજે નામશેષ થઈ ગયું. હકીકતમાં આ અભિયાનને સુવર્ણજયંતીની ઉજવણી સુધી મર્યાદિત ન રાખતાં વર્ષો સુધી ચાલુ રાખવાની જરૂરત હતી, અલબત્ત, પ્રચાર-પ્રસારના ભભક સિવાય એક શાન્ત ક્રાન્તિ સ્વરૂપે - એક સ્થાયી કાર્યક્રમ તરીકે. વાંચનપ્રવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડવા તેમજ વાચકને વાચનરસિયો જીવમાં પરિવર્તિત કરવામાં ગ્રંથાલય અને ગ્રંથપાલની ભૂમિકા નિર્ણાયક બની રહે છે, તે ધ્યાનાર્હ રાખવા જેવું છે.

વાંચનપ્રવૃત્તિના પ્રોત્સાહન માટેના આ બંને કાર્યક્રમોનો હેતુ સમાન રહ્યો છે. સંયુક્ત આરબ અમીરાતની સરકાર દ્વારા વાંચનના પ્રોત્સાહન અર્થે ખાસ કાનૂન પસાર કરીને નક્કર પ્રાવધાનો કર્યાં અને તેનો અમલ પણ શરૂ કર્યો. જ્યારે ગુજરાતમાં 'વાંચે ગુજરાત' ! દ્વારા એક હવા ઊભી કરવામાં આવી, પરંતુ લાંબાગાળાની કોઈ નક્કર અને સ્થાયી યોજના વગર. પરિણામે, આજે આ આંદોલન લોકસ્મૃતિમાં પણ જળવાયું નથી.

માત્ર અસ્થાયી સમય માટે 'ઉત્સાહનું વાતાવરણ' પેદા કરવાથી ધ્યેયસિદ્ધિ સ્વપ્નવત બની રહે છે. ગુજરાતને ખરા અર્થમાં 'વિશ્વની વિદ્યાપીઠ' બનાવવા માટે આગળ ઉપર દર્શાવેલ ઉપાયોને ધ્યાને લઈ કાર્યવાહી કરવામાં આવે તે અપેક્ષિત બની રહે છે અને તે થકી ધ્યેય પરિપૂર્ણ થશે તેમાં કોઈ અવકાશ નથી. અન્યથા રાજકીય લાભ ખાટવાના હેતુથી નક્કર યોજનાવિહીન આંદોલનો કે ગુણવત્તા (par excellence) વિહીન દિનપ્રતિદિન અવનવી સંખ્યાબંધ યુનિવર્સિટીઓ કે શિક્ષણસંસ્થાઓની સ્થાપનાથી ઝાઝું નિષ્પન્ન થઈ શકશે નહીં.

અને છેલ્લે ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષ ૨૦૧૯માં સુરતમાં ભરાયેલ અધિવેશનમાં પ્રસ્તુત કરેલ વાતને અહીં પુનઃ સંક્ષેપમાં દોહરાવીને મારી વાત પૂરી કરીશ. ગ્રંથાલયી તરીકે મને એક ચિંતા એ સતાવી રહી છે કે આજે ઠેર ઠેર માતૃભાષા બચાવો અભિયાનો હાથ ધરવામાં આવી રહ્યાં છે, અંગ્રેજી માધ્યમની શાળાઓના ઘોડાપૂર સામે ગુજરાતી માધ્યમની શાળાઓ કેટલી ટકશે એ પ્રશ્નો સંદર્ભે શિક્ષણવિદો ચિંતા સેવી રહ્યા છે જે આવકાર્ય છે. પરંતુ ગુજરાતમાં આજે એક પણ એવું ગ્રંથાલય નથી કે જેમાં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં બધાં તો દૂરની વાત રહી, પરંતુ ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં કુલ પુસ્તકોના અંદાજિત ૭૦%થી ૮૦% જેટલાં પુસ્તકો ઉપલબ્ધ ન હોવા છતાંય કયાંય કોઈ શિક્ષણવિદ, રાજકીય નેતા કે અન્ય કોઈનોય ઊંહકારો પણ સાંભળવા મળતો નથી. 'ગુજરાતી સાહિત્ય પરિષદ' કે 'ગૂજરાત વિદ્યાપીઠ'ના ગ્રંથાલયમાં પણ ભાગ્યે જ ૭૦% પુસ્તકો સચવાયેલાં હશે. અને સચવાયેલાં પૈકી કેટલાં પુસ્તકો અક્ષત સચવાયાં હશે તે પ્રશ્ન પણ ખરો. આ પૈકી પ્રથમ આવૃત્તિનાં કેટલાં પુસ્તકો સચવાયાં હશે તે બીજો પ્રશ્ન પણ ખરો જ ! અને ત્રીજો પ્રશ્ન એ કે જે પુસ્તકની એકથી અધિક આવૃત્તિઓ પ્રકાશિત થઈ હોય તે બધી જ આવૃત્તિઓનાં પુસ્તકો કોઈ એક ગ્રંથાલયમાં સાચવવામાં આવતાં હશે કે કેમ? હજી પણ સમય છે કે **ગુજરાતી ભાષામાં ઈ.સ. ૧૭૯૮માં મુદ્રિત પ્રથમ પુસ્તક મોબેદ બહેરામ**કૃત **'ખુરદે અવસ્તા'**થી શરૂ કરી આજદિન સુધી મુદ્રિત થયેલાં બધાં જ પુસ્તકો મૂળ સ્વરૂપે કે તેની ઈ-નકલ મેળવીને એક ગ્રંથાલય એવું ઊભું કરવું જોઈએ કે જેમાં સઘળું સાહિત્ય ઉપલબ્ધ હોય. ગુજરાતી ભાષા સાહિત્યનું એક વિશિષ્ટ ગ્રંથાલય **'Institute of State Importance'** વિધાનસભામાં ખાસ બીલ પાસ કરીને ઊભું કરવું જોઈએ. અને તેનો દરજ્જો વગેરે ભારત સરકાર દ્વારા પાર્લમેન્ટમાં બીલ પસાર કરીને કેટલાંક ગ્રંથાલયો, જેમ કે ખુદાબક્ષ ઓરિએન્ટલ પબ્લિક લાઇબ્રેરી, પટના, એશિયાટિક સોસાયટી, કોલકતા વગેરેનું સંચાલન કરવામાં આવે છે તે ધોરણે નક્કી કરવો જોઈએ. ગુજરાતી ભાષા-સાહિત્યની ધરોહરની સાચવણી અને સંવર્ધન માટે આ ગ્રંથાલય બહુવિધ રીતે ઉપયોગી નીવડશે. આ સૂચિત ગ્રંથાલય કોરું ગ્રંથાલય નહીં, પરંતુ બહુવિધ રીતે ધબકતું સાંસ્કૃતિક કેન્દ્ર હોવું જોઈએ. આ સૂચિત ગ્રંથાલયની વિસ્તૃત રૂપરેખા માટે જુઓ : 'ગુજરાતમાં સર્વોપયોગી એવું એક ગ્રંથાલય હોય...' વર્ષ ૯, અંક-૧ *સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત*, જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૯, પૃ. ૧-૭.

**– મણિભાઈ પ્રજાપતિ**

(શ્રીમતી કે. કે. શાહ આટ્ર્સ ઍન્ડ શ્રીમતી એલ.બી.પી. ગુંજારિયા કૉમર્સ કૉલેજ, થરામાં તા. ૨૨ માર્ચ, ૨૦૨૨ અને 'ગુજરાતી સાહિત્ય પરિષદ', અમદાવાદમાં 'National Librarian's Day ૨૦૨૨' નિમિત્તે તા. ૧૨ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ આયોજિત ગોષ્ઠિમાં રજૂ કરેલ વક્તવ્યના આધારે)

### ઇતિહાસની અટારીએથી :

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી- ગાંધીનગર :
# પૂ. છગનભાનો પ્રવાસ

વાચક ! આપણી જ્ઞાતિના શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ફંડના ઉઘરાણા માટે હું તથા રા. ચતુરભાઈ રાધાભાઈ અમીન તથા રા. ધનશા જેકરણદાસ ભગત તા. ૧૦-૧-૧૯૨૫ના રોજ પાટણવાડામાં ગયેલા તેનો અહેવાલ આપી મારા અનુભવો કે જે કેટલેક દરજ્જે સૌ કોઈને જાણવા જેવા છે તે અત્રે આપું તો તે અયોગ્ય નહિ જ ગણાય.

તા. ૧૦-૧-'૨૫ના રોજ ઉપરના સદ્‌ગૃહસ્થો તથા હું સવારની ગાડીએ મહેસાણા ગયા. અગાઉની ગોઠવણ મુજબ પાટણવાડામાં ગામ જેવાં કે ઉનાવા, પલાસર વગેરેના આગેવાન પાટીદારભાઈઓ આજ કામ માટે અમારી સાથે એ બાજુનાં ગામડાંઓમાં ફરવા આવવા માટે મહેસાણામાં અમારા જવા પહેલાં હાજર જ હતા. અમો ત્રણ તથા ઉપર જણાવ્યા તે ગામના ગૃહસ્થો મળી મહેસાણાથી સાંજની ગાડીએ વીસનગર પહોંચ્યા. ત્યાં રા. પ્રભુદાસ ભાવસંગદાસને ત્યાં રાત્રે ઊતર્યા. બીજે દિવસે સવારે વીસનગર ગામમાં ફંડની ટીપ શરૂ કરી. જેમાં કેટલાંક નાણાં ભરાયાં. ટીપ કરતી વખતે તે ગામના કેટલાક સદ્‌ગૃહસ્થોએ આ સંસ્થાના કાર્ય પ્રત્યેની સારી ભાવના તથા કાર્ય કરવાનો ઉત્સાહ બતાવ્યો.

ત્યાં સવારે ટીપનું કામ કેટલુંક પતી ગયું હતું છતાં પણ વચન આપ્યા મુજબ મહેસાણા ગામના મુખી-આગેવાન પા. ગંગારામ નરસીદાસ અમને તે કામમાં સહાયક થવા માટે સાંજની ગાડીમાં વીસનગર આવી પહોંચ્યા અને અમારા કાર્યમાં સામેલ થયા અને આગળ પડતો ભાગ લીધો અને એકંદર વીસનગર ગામમાં સારાં નાણાં ભરાયાં. કેમ કે પ્રેમથી આપેલો એક રૂપિયો તે કમનથી આપેલા હજાર રૂપિયા કરતાં વિશેષ છે અને તેથી 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી' જે ગામના લોકોએ પોતાના હૃદયના પ્રેમથી કરી આપી તે ખરેખર હજારો રૂપિયા બરાબર છે.

ઉપર જણાવ્યા મુજબ ધારાનગરના પાટીદાર ભાઈઓએ અમારા કાર્યમાં બતાવેલા ઉત્સાહ અને સદ્‌ભાવના પ્રશંસાપાત્ર છે, પણ તેમની બાબતમાં એક બાબત એવી છે કે જે જોઈ અમને હૃદયમાં ગ્લાનિ થયા સિવાય રહી નહિ અને તે એ જ કે વીસનગર જેવા મોટા શહેરમાં કેળવણી પામવાનાં દરેક સાધનો મળવા છતાં પણ ત્યાં પાટીદાર જ્ઞાતિમાં કેળવણી પામેલા માણસો બહુ જ જૂજ પ્રમાણમાં છે. તો આશા છે કે વીસનગરના પાટીદારભાઈઓ પોતાને બક્ષાયેલાં કેળવણીનાં સાધનોનો પૂરેપૂરો ઉપયોગ કરી કેળવણી લેવાના કાર્યમાં આગળ પડતો ભાગ લઈ આપણી કોમનાં બીજાં ગામોના ભાઈઓને દાખલારૂપ બનશે.

અમારા ત્યાં જવાનો લાભ લઈ આજ સમયે વીસનગરમાં ત્યાંના કેટલાક ઉત્સાહી પાટીદાર ભાઈઓએ 'પાટીદાર યુવક મંડળ' એ નામનું પાટીદાર કોમમાં કોમોપયોગી ચળવળ કરનારા એક મંડળ સ્થાપ્યું. તેના ઉદ્દેશો વગેરે જો અમલમાં મુકાય તો ઘણા જ ઉચ્ચ અને સારા છે.

આ પછી બીજે દિવસે અમો સઘળા ગામ ઉમતા જવા નીકળ્યા. ત્યાંના આંજણા પાટીદાર ભાઈઓએ તે રાત તેમના ગામમાં રોકાઈ જઈ તેમની શક્તિ મુજબ જે મદદ આપે તે લેવા જવાની ઇચ્છા દર્શાવી, પણ સમયના અભાવે અમો આગળ વધ્યા અને ગામ ઉમતા પહોંચ્યા અને ગામચોરે જઈ બેઠા. અમારે ત્યાં ગયાની જાણ થતાં ગામના મુખી આગેવાનો અને જેસીંગદદાસ રામદાસ વગેરે આવી પહોંચ્યા અને બધાની સંમતિથી પા. જેસીંગદાસ રામદાસને ત્યાં અમારો ઉતારો રાખ્યો. બીજે દિવસે સવારે ગામમાં ઉઘરાણું શરૂ કર્યું અને તે વખતે મને ગઈ સાલ મેડા આદરજમાં ઉઘરાણું કરવા ગયેલા ત્યારે જે અનુભવ થયો હતો તે જ અનુભવ અહીં પણ મળ્યો. ત્યાંના પાટીદારભાઈઓનાં પ્રેમ, ઉત્સાહ અને ભાવના જોઈ અમારા હૃદયમાં ઓર લાગણીઓ ઉત્પન્ન થઈ અને વિચારો સ્ફૂર્યા. ગામ ઉમતામાં આ પ્રમાણે સામાન્ય રીતે દરેક પાટીદાર ભાઈએ યથાયોગ્ય સપ્રેમ મદદ કરી.

આ પછી અમારા સંઘના બે ભાગ પડ્યા. રા. ધનશા તથા રા. ગંગારામ નરસીદાસ તથા રા. હરગોવિંદદાસ ભાગ પાડી વીસનગર પાછા ગયા. અમો બાકીના તથા ઉમતાવાળા પા. જેસીંગદાસ તથા લક્ષ્મીદાસ વક્તનદાસ તથા રા. કેવળદાસ ડુંગરદાસ મળી ગામ દેણપ જવા નીકળ્યા. સાંજે મંદિરમાં જઈ મુકામ કર્યો. ગામના ભાઈઓએ સારો આદર-સત્કાર આપ્યો. બીજે દિવસે ઉઘરાણું કરી સારી ટીપ કરી આપી અને પછીથી ઉઘરાવી લઈ તેમની મેળે જ નાણાં સંસ્થામાં મોકલી આપવાનું વચન આપ્યું. બીજે દિવસે સવારે

ગામના આગેવાન ગૃહસ્થ રા. હરિભાઈ સાથે ગામ કરલી ગયા. આ ગામમાં પાટીદારની ઘણી ઓછી વસ્તી હોવા છતાં સારી મદદ થઈ. ત્યાંથી ગામ કરણપુર ગયા. આ ગામમાં ગામના મુખી-તલાટીઓએ વિદ્યાનો પાટાદારોમાં ઘણો જ ખોટો દાખલો બોસાડેલો હોવાથી ગામના લોકોનો વિદ્યા પ્રતિ અણગમો જણાયો. પ્રભુ તે લોકોને સદ્‌બુદ્ધિ આપો અને તેમની કેળવણી પ્રતિ અભિરુચિ વધારો એવી અમારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે. ત્યાંથી આગળ ગામ ઉપેરા ગયા. જ્યાં તે ગામના પા. પ્રભુદાસ વગેરે અમને મળવા આવ્યા અને પા. નરોત્તદાસની દુકાનમાં મુકામ કર્યો. તે ભાઈઓએ સપ્રેમ બનતી સેવા કરી ગામમાંથી સારી ટીપ કરી આપી. જેમાં કેટલાક વાર્ષિક મદદ આપનારા પણ નોંધાયા. ત્યાંથી બીજે દિવસે સવારે ગાડા માર્ગે સદાતપુરા જઈ પહોંચ્યા. તે ગામના પાટીદારભાઈઓને અમે ત્યાં જવાના છીએ એવી અગાઉથી ખબર હોવાથી તેઓ ભાગોળે અમારું સ્વાગત કરવા અગાઉથી આવી ઊભા હતા. મંદિરમાં ઉતારો કર્યો અને પછી ગામની વસ્તીના પ્રમાણમાં સારાં નાણાં ટીપમાં ભરાયાં. સાંજના ત્યાંથી ગામ જાસકા ગયા. ત્યાં પણ મંદિરમાં જઈ ઉતારો કર્યો. ગામના લોકોએ ઉત્સાહ અને પ્રેમથી ટીપમાં નાણાં ભરી આપ્યાં. બીજે દિવસે ગામ સુંઢિયા ગયા. ગામચોરે મુકામ કર્યો. ત્યાંના રા. ચતુરભાઈ વગેરે આગેવાનો આવી મળ્યા. બીજે દિવસે સવારે ટીપ કરી યથાશક્તિ નાણાં ભરી આપ્યાં. ઉપેરાવાળા રા. ધનજીદાસે લોકોને વિદ્યાની જરૂરિયાત સારી રીતે સમજાવી. આ ટીપમાં સારાં નાણાં ભરવાને સમજાવ્યા તે ખરેખર પ્રશંસાપાત્ર છે. ત્યાંથી ગામ વડનગર થઈ ગાડી માર્ગે વીસનગર આવી રા. પ્રભુદાસ ભાવસંગને મળ્યા. ત્યાંથી બીજે દિવસે કડી મુકામે પાછા આવ્યા.

મારા પ્રવાસના અનુભવોમાં જણાવવા જેવી બેચાર બાબતો અત્રે જણાવવાની રજા લઉં છું. એક તો, અમો જે જે ગામોમાં ગયા અને ફર્યા તેમાંના સદાતપુર સિવાયના દરેક ગામમાં અમોને પાટીદાર ભાઈઓમાં માંહેમાંહે બહુ જ ઓછો સંપ હોવાનું માલૂમ પડ્યું. બીજું એ કે, પાટીદાર ભાઈઓને ચ્હાય તો ઘર વેચી, ખેતર વેચીને પણ ન્યાતવરા કરવા પ્રત્યે લગની લાગી હોય એમ જણાયું. પ્રભુ એમને સદ્‌બુદ્ધિ આપો. અસ્તુ.

**૧૦-૧-૨૫ — રા. છગનલાલ પીતાંબરદાસ પટેલ**

(સૌજન્ય : સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભા. ડૉ. મંગુભાઈ રા. પટેલ, અમદાવાદ પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ, ૨૦૦૮, પૃ. ૨૫૫-૨૫૭)

# આઝાદ તો થયા, હવે આબાદ થઈએ

**તુલસીભાઈ પટેલ**

સન ૧૯૪૭માં આપણે આઝાદ તો થયા, પરંતુ હવે આબાદ થવા માટે સંકલ્પ કરીએ. આપણે સ્વરાજ તો પ્રાપ્ત કર્યું, પણ હવે એને સુરાજ્યમાં તબદિલ કરવા માટે દૃઢ નિશ્ચય કરીએ. આગળ પ્રયાણ કરતાં પહેલાં એક વાર પાછળ પણ નજર કરી લઈએ કે આપણો અતીત કેવો ભવ્ય હતો અને હવે આપણા માટે સુનહરા ભવિષ્યનાં કેવાં શમણાં સાકાર કરવાં શેષ છે. હિન્દીના રાષ્ટ્રીય કવિ મૈથિલીશરણ યોગ્ય જ કહે છે :

**हम क्या थे, क्या हो गये, क्या होंगे अभी,**
**आओ इन समस्याओं पर हम सोचें सभी.**

આપણો અતીત ભવ્ય હતો. શેષ દુનિયા જ્યારે અંધકારગ્રસ્ત હતી ત્યા આપણા ભારતવર્ષમાં ધર્મ અને સંસ્કૃતિનો સૂર્ય ઝળહળી રહ્યો હતો, પરંતુ મધ્યકાળમાં આપણે યવનોના આક્રમણનો ભોગ બન્યા ને લગભગ એક હજાર વરસ સુધી રાજકીય ગુલામી વેઠી. આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક શોષણના શિકાર બન્યા, પરંતુ લાલ-બાલ-પાલ તથા ગાંધી, સરદાર, નહેરુ, સુભાષ ને અનેક વીર શહીદોના ત્યાગ અને બલિદાનોથી આપણે આઝાદી પ્રાપ્ત કરી. રાષ્ટ્રીય શાયર મેઘાણીએ સન ૧૯૩૦માં સ્વતંત્રતાની મીઠાશ આ શબ્દોમાં રજૂ કરી :

**તારા નામમાં ઓ સ્વતંત્રતા**
**મીઠાશ આ શી વત્સલતા ભરી,**
**મુરદાં મસાણ જાગતાં,**
**તારા શબ્દમાં શી સુધા ભરી!**

આપણે મહામૂલી આઝાદી તો પ્રાપ્ત કરી, પરંતુ વતનનું જતન કરવું એ પ્રત્યેક નાગરિકનો રાષ્ટ્રધર્મ છે. રાજકીય સ્વરાજને વાસ્તવિક સુરાજ્યમાં પરિવર્તિત કરવા માટે પ્રત્યેક ભારતીયે કટિબદ્ધ થવું પડશે. સન ૨૦૨૨ સુધીમાં આપણે આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં કર્યાં અને આઝાદીનો અમૃતમહોત્સવ ઊજવ્યો. દરમિયાન આપણે

પાયાની પાંચ પ્રકારની જે પ્રગતિ કરી એના પર વિહંગમ દૃષ્ટિપાત કરી લઈએ :

૧. **અનાજ :** અગાઉ આપણે અનાજ વિદેશથી આયાત કરવું પડતું હતું. આજે આપણે અનાજનું વિપુલ ઉત્પાદન કરીએ છીએ ને વળી નિકાસ પણ કરીએ છીએ.

૨. **વસ્ત્ર :** આપણે કાપડ ઉત્પાદનમાં પણ અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. મોટી કાપડમિલો બંધ થઈ, પરંતુ આધુનિક ટૅક્નૉલૉજી દ્વારા નાની જગ્યામાં પણ કાપડનું ઉત્પાદન ધમધોકાર ચાલી રહ્યું છે.

૩. **આવાસ :** આવાસમાં આપણે પ્રગતિ તો કરી છે, પરંતુ માનનીય પ્રધાનમંત્રીશ્રીએ વચન આપેલું કે સન ૨૦૨૨ સુધીમાં દરેક પરિવારને પાકું મળશે, પરંતુ હજી હજારો પરિવાર બે-ઘર છે. આપણે શતાબ્દી ઉજવણી પહેલાં સૌને આવાસનું સ્વપ્ન પૂરું કરવું જોઈશે.

૪. **શિક્ષણ :** શિક્ષણક્ષેત્રે આપણે અનેક સ્કૂલ, કૉલેજો અને યુનિવર્સિટીઓ ખોલી છે. નિરક્ષરતા દૂર કરવામાં આપણે નોંધપાત્ર પ્રગતિ કરી છે. આમ છતાં શિક્ષણનું સ્તર સુધારવા માટેના પ્રયાસો અપેક્ષિત બની રહે છે, તેમજ શિક્ષણક્ષેત્રે ફૂલીફાલી રહેલ ભ્રષ્ટાચાર ભારે વ્યથા ઉપજાવી રહ્યો છે.

૫. **સ્વાસ્થ્ય :** આરોગ્ય ક્ષેત્રે આપણે ગૌરવ લઈ શકીએ એટલી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આઝાદી સમયે આપણું સરાસરી આયુષ્ય ૩૦ વરસ હતું. આજે આપણે ૬૦ ઉપર પહોંચી ગયા છીએ.

આપણી વ્યક્તિદીઠ સરેરાશ આવકમાં સંતોષકારક વધારો થયો છે, પરંતુ 'સરેરાશ આવક'ના ખ્યાલને આચાર્ય વિનોબાજી 'સરાસરીનો સિતમ' કહે છે. આઝાદી બાદ આંગળીના વેઢે ગણી શકાય એટલી વ્યક્તિઓ અબજોપતિ થઈ છે, પરંતુ કરોડો લોકો ગરીબીમાં સબડે છે ! વિનોબાજી સરસ દૃષ્ટાંત દ્વારા 'સરાસરીના સિતમ'ની વાત સમજાવે છે. તેઓ કહે છે : માણસનો એક પગ સળગતી સગડી પર હોય અને બીજો પગ બરફની પાટ પર હોય તો ગણિતશાસ્ત્રી કહેશે કે એ માણસની સરાસરી સ્થિતિ સારી છે! આવકની ભારે અ-સમાનતા દૂર થવી જોઈએ. શ્રમજીવીઓનું શોષણ દૂર થવું જોઈએ. આવકનો તફાવત ૧:૧૦થી વધારે ન હોવો જોઈએ.

આપણે ઉત્પાદનવૃદ્ધિમાં પ્રગતિ તો કરી રહ્યા છીએ, પરંતુ જનસંખ્યાનો વિસ્ફોટ વિકાસને ખાઈ જાય છે. અર્થશાસ્ત્રી માલ્યુસની થિયેરી પ્રમાણે ઉત્પાદન ગાણિતિક અનુપાતમાં ૧-૨-૩-૪ની જેમ વધે છે; જ્યારે વસ્તી ભૌમિતિક અનુપાતમાં ૧-૨-૪-૮ની જેમ વધે છે. જનસંખ્યાનો વિસ્ફોટ આપણને ઠેર ને ઠેર રાખે છે ! આઝાદી મળી ત્યારે આપણે ૩૦ કરોડ હતા, આજે ૧૩૦ કરોડ છીએ!

આપણી અન્ય કેટલીક સળગતી સમસ્યાઓ છે. ધાર્મિક કટ્ટરતા, કોમવાદ, પ્રાંતવાદ, વંશવાદ વગેરે. આઝાદી બાદ ધાર્મિક ઝનૂને તો હદ વટાવી છે ! ધર્મનો મર્મ સમજ્યા વિના ધર્મના નામે રક્તપાત વધી રહ્યો છે. ખરેખર તો ધર્મનું પાલન ઘરમાં, પરંતુ આંગણ બહાર પગ મૂક્યો એટલે સૌએ 'નાગરિક ધર્મ'નું પાલન કરવું ઘટે. ભ્રષ્ટાચારીની સમસ્યા પણ ઘટવાને બદલે વધતી જાય છે, એ ખૂબ શોચનીય છે.

અલબત્ત, દેશને વિકસિત અને સમૃદ્ધ બનાવવો એ માત્ર સરકારની જવાબદારી નથી. વ્યક્તિઓ વડે દેશ બને છે; એટલે પ્રત્યેક વ્યક્તિએ પોતાની ફરજ બજાવવી પડશે. આપણા લાડીલા કવિ ઉમાશંકરની વાત કાને ધરવી ઘટે :

**દેશ તો આઝાદ થતાં થઈ ગયો, તેં શું કર્યું ?**
**દેશ જો બરબાદ થતાં રહી ગયો,**
**એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?**
**લાંચરુશ્વત, ઢીલ, સત્તાદોર, મામા-માસીના,**
**કાળાં બજારો, મોંઘવારી : ના સીમા !**
**– રોષથી સૌ દોષ ગોખ્યા,**
**ગાળથી બીજાને પોંખ્યા.**
**આળ પોતાને શિરે આવે ન, જો ! તેં શું કર્યું ?**

છેલ્લે, આઝાદીના અમૃતમહોત્સવની ઉજવણી પ્રસંગે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી ધ્વજ ફરકાવતાં આઝાદીની શતાબ્દીની ઉજવણી ઉમંગભેર ઊજવી શકીએ એ માટે આપણને પાંચ સંકલ્પો આપ્યા :

૧. આર્થિક દૃષ્ટિએ ભારતને વિકસિત બનાવીએ
૨. સાંસ્થાનિક અને સાંસ્કૃતિક ગુલામીમાંથી મુક્તિ પ્રાપ્ત કરીએ
૩. આપણા ઉજ્જ્વળ અતીતના ભવ્ય વારસા પર ગૌરવ અનુભવીએ.
૪. એક અને અખંડિત ભારતનું સ્વપ્ન સાકાર કરીએ.
૫. નારી એ શક્તિ છે. નારીનું ઉચિત સન્માન કરીએ.

તો આવો, આપણે સૌ સાથે મળીને આ પાંચ સંકલ્પ સાકાર કરવા માટે જોશ અને હોશપૂર્વક આગેકદમ બઢતા રહીએ.

અસ્તુ !

**પ્રા. તુલસીભાઈ પટેલ**
B/206, વ્રજભૂમિ એપાર્ટમેન્ટ ફાલ્ગુન સોસાયટી પાછળ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫ મો. ૯૯૯૮૦૮૯૬૩૩

# ભારતીય પ્રજાનું રાષ્ટ્રીય ચારિત્ર્ય

**નરેશ વેદ**

દેશમાં ફેલાયેલા સંગ્રહખોરી, દાણચોરી, કરચોરી, આતંકવાદ, ભ્રષ્ટાચાર વગેરે દૂષણોની ચર્ચા કર્યા બાદ આખરે લોકો એક તારણ ઉપર પહોંચે છે કે આ બધાં દૂષણોનાં મૂળમાં મુખ્ય કારણ છે રાષ્ટ્રીય ચારિત્ર્યના પતનનું (The fall of national character). ત્યારે મનમાં પ્રશ્ન ઊઠે છે કે રાષ્ટ્રીય ચારિત્ર્ય એટલે શું ? વ્યક્તિના ચારિત્ર્ય વિશે આપણે સાંભળ્યું છે પણ રાષ્ટ્રીય ચારિત્ર્ય હોય ખરું ? વર્ષોના સંપર્ક, પરિચય અને સહવાસ પછીય કોઈ વ્યક્તિના ચારિત્ર્ય વિશે નક્કરપણે આપણે કશું કહી શકવાની સ્થિતિમાં હોતા નથી; તો પછી કરોડો વ્યક્તિઓથી બનેલા રાષ્ટ્રના ચારિત્ર્ય વિશે કઈ રીતે આપણે કશું જાણી શકીએ ? રાષ્ટ્રીય ચારિત્ર્ય એ કોઈ શેખચલ્લીના મગજનો કોઈ તરંગ છે કે પછી વિશ્વના પ્રબુદ્ધ વિચારકો અને વૈજ્ઞાનિકોએ સ્વીકારેલો અને અપનાવેલો સંપ્રત્યય છે ?

આવા પ્રશ્નો કોઈના મનમાં ઊઠે તો એના ઉત્તરો છે : હા, જેમ વ્યક્તિને તેનું વ્યક્તિત્વ તેમ જ ચારિત્ર્ય હોય છે તેમ પ્રત્યેક રાષ્ટ્રને પણ તેનું આગવું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય હોય છે. એ કોઈ મનસ્વી માનવીનો તરંગ નથી પણ વર્તનવાદી વિજ્ઞાનીઓ, રાજકીય વિશ્લેષકો અને ઇતિહાસવિદ્યાના વિશારદોએ સ્વીકારેલી સમૃદ્ધ અને અનેક રાષ્ટ્રોએ વ્યવહારિક સ્તર પર સ્વીકારેલી અવધારણા છે. આંતરરાષ્ટ્રીય સંબંધ (International relation) અને વિદેશ પ્રજ્ઞાના નિષ્ણાત એવા (foreign intelligence) સંદર્ભમાં ઉપયોગી માની પોતપોતાના રાષ્ટ્રની શિક્ષણનીતિમાં એને આમેજ કરી અભ્યાસક્રમમાં દાખલ કરેલો અધ્યયન-વિષય પણ છે. વ્યક્તિના ચારિત્ર્યસ્ખલનની માફક રાષ્ટ્રના ચારિત્ર્યપતનની વિચારણા સ્વતંત્રપણે અવશ્ય થઈ શકે. આવી વિચારણા વ્યવસ્થિત રીતે થઈ શકે એ માટે આપણે આ લેખમાં ચાર મુદ્દાઓ ક્રમશઃ છણીશું (૧) રાષ્ટ્ર એટલે શું ? (૨) ચારિત્ર્ય એટલે શું ? (૩) રાષ્ટ્રીય ચારિત્ર્ય એટલે શું ? અને (૪) ભારત એક રાષ્ટ્ર છે કે નહીં તથા (૫) એક રાષ્ટ્ર તરીકે એનું ચારિત્ર્ય કેવું છે ? આ બધી બાબતોની સ્પષ્ટતા આપણે શૈક્ષણિક કે વિદ્વત્તામૂલક ધોરણે અમુકતમુક વિદ્વાનોની વ્યાખ્યાઓ અને વિચારો ટાંકીને નહીં કરીએ, પરંતુ સામાન્ય લોકોને પણ સમજાય એવી સાદી સરળ અને વ્યવહારુ ભૂમિકાએ કરીશું.

રાષ્ટ્રની સંકલ્પના કરતાં ભૂમિવિસ્તાર, રાજકીય શાસનવ્યવસ્થા, જાતિ, ધર્મ, ભાષા, ઇતિહાસ, સંસ્કૃતિની એકતા અને સમાનતાનાં તત્ત્વો લક્ષમાં લેવાય છે. એને આધારે રાષ્ટ્રની સામાન્ય સમજૂતી આપણે આ રીતે આપી શકીએ : કોઈ વિસ્તૃત કદના પણ સુબદ્ધ ભૌગોલિક વિસ્તારમાં સ્વેચ્છાથી વસતો, એક જ રાજ્યશાસન હેઠળ જીવતો, સમાન સાંસ્કૃતિક જીવનધરોહર ધરાવતો, જાતિ, ધર્મ, ભાષા અને પરંપરાઓની વિભિન્નતા છતાં પોતા વચ્ચે પારસ્પરિક આત્મીયતા અને સહૃદયતા સ્થાપતો પ્રજાસમુદાય એટલે રાષ્ટ્ર.

મનુષ્યનો શારીરિક, વાચિક અને બૌદ્ધિક દેખાવ એનું વ્યક્તિત્વ પ્રગટ કરે છે, પણ ચારિત્ર્ય એટલે મનુષ્યના માનસિક (Mental) અને નૈતિક (Moral) પક્ષો (aspects)નો સમ્મુચય. આપણા દેશમાં આપણે એને 'શીલ' અને 'દામન' એવી સંજ્ઞાઓથી ઓળખવાનું વધુ પસંદ કરીએ છીએ અને એનો સંબંધ સદાચાર (સત્ આચાર) સાથે જોડીએ છીએ. ભારતીય પ્રજાને મન આ શીલ અથવા ચારિત્ર્યનું મહાત્મ્ય ઘણું છે. એક અંધ, દુષ્ટ, ધૃષ્ટ અને ખલ રાજસત્તાએ એક સતીના શીલ અથવા સ્વમાનની અવમાનના કરી અને એને કારણે કુરુક્ષેત્રનું ધમસાણ યુદ્ધ થયું હતું. પશ્ચિમી પ્રજાએ પણ એક સૂક્તિ બનાવી જ છે ને ? When money is lost nothing is lost, when health is lost Something is lost, but when character is lost everything is lost. અંગ્રેજી ભાષાની આ character સંજ્ઞા ચરિત્ર અને ચારિત્ર્ય ઉભયની પરિચાયક છે. ભારતીય પ્રજા, ચારિત્ર્યને વ્યક્તિનો સર્વોચ્ચ ગુણ, અમીરી અસ્મત ગણે છે, પણ બીજી બાજુ કોઈ વ્યક્તિના ચારિત્ર્ય વિશે વાત કરતાં દૂધીનું ડીટિયું કાપવા જેટલી સહજતાથી કોઈના ચારિત્ર્ય વિશે અભિપ્રાય પણ ઉચ્ચારે છે ! આમ, ચારિત્ર્ય એટલે માણસની ટેવ-કટેવ કે તેની કાળીધોળી વ્યક્તિતા નહીં પરંતુ તેનો આંતરિક ગુણધર્મ. એનું ઘડતર શિક્ષણ વડે થાય અને એની ઓળખ એ માણસ એના જીવનના નાનામોટા પ્રસંગોથી માંડી કપરી કસોટી કે તીવ્ર કટોકટીમાં કઈ રીતે વર્તે છે એને આધારે થાય છે. 'કાજળની કોટડીમાં જાય પણ કાજળનો ડાઘ ન લાગે' એવી ઉક્તિ પાછળ આ વાતનું ધ્વનન છે. આટલી ચર્ચાનો સાર એ કે

ચારિત્ર્ય એટલે માણસનું આંતર-સત્ત્વ (inner substance). ચારિત્ર્ય વિશે કોઈએ કશું કહેવાની જરૂર પડતી નથી. જેમ ફૂલમાંથી ફોરમ આપોઆપ વહે છે તેમ શીલની સુવાસ આપોઆપ પ્રસરતી રહે છે.

પણ આ તો વ્યક્તિના ચારિત્ર્યની વાત થઈ, રાષ્ટ્રનું ચારિત્ર્ય એટલે શું ? એની ઓળખ કેવી રીતે થાય ? વ્યક્તિના જૂથથી જેમ સમાજ બને છે તેમ સમાજોનાં જૂથથી રાષ્ટ્ર બને છે. જેમ ટ્રેડયુનિયન, કિસાનસંઘ, મેડિકલ એસોસિએશન વગેરે જૂથો અમુક સમાન હિતો–આશયો કાજે અસ્તિત્વમાં આવે છે તેમ રાષ્ટ્ર પણ અસ્તિત્વમાં આવે છે. આ જાતનાં જૂથો, સંઘો, સમાજોને જેમ એમના વ્યક્તિત્વ અને ચારિત્ર્ય હોય છે તેમ રાષ્ટ્રને પણ પોતપોતાનાં વ્યક્તિત્વ અને ચારિત્ર્ય હોય છે. જો એમ ન હોય તો આપણે અમુક પ્રાંતના કે રાષ્ટ્રના પ્રજાસમુદાય વિશે લક્ષણદર્શન અભિપ્રાયો ઉચારીએ છીએ તે ન ઉચ્ચારતા હોત. જેમ કે બંગાળીઓ આળસુ, મીઠાઈપ્રિય, મધુરભાષી, મરાઠાઓ ખડતલ, મહેનતુ, ઝઘડાળું, ગુજરાતીઓ શાંતિપ્રિય, વેપારી માનસવાળા વગેરે. ફ્રેંચ પ્રજાની ઓળખ રસિકતાથી, જર્મન પ્રજાની શિસ્તપ્રિયતાથી, અંગ્રેજ પ્રજાની અતડાપણાથી, અમેરિકન પ્રજાની નિખાલસતાથી ઓળખ આપીએ છીએ તે શું બતાવે છે ? છે તો આ બધા અમુક કે તમુક પ્રાંતના કે રાષ્ટ્રના પ્રજાસમૂહો પણ એની નિરનિરાળી ઓળખ હોય છે. એ વસ્તુ જ બતાવે છે કે પ્રત્યેક રાષ્ટ્રને પણ આગવું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય હોઈ શકે. જેમ વ્યક્તિના અસલી ચારિત્ર્યનો અધિકૃત પરિચય એની કસોટી કે કટોકટીભરી પરિસ્થિતિમાં થાય છે તેમ રાષ્ટ્રના ચારિત્ર્યનો પરિચય પણ એના ઉત્થાન અને પતનની પરંપરા દરમિયાન થાય છે.

ભારત હજારો વર્ષોથી અસ્તિત્વ ધરાવતો દેશ (country) હતો પણ રાષ્ટ્ર (nation) તરીકે તો એ અસ્તિત્વમાં બહુ મોડો આવ્યો. અંગ્રેજોના આગમન પહેલાં એ અનેક ટુકડાઓમાં અનેક શાસકોના શાસનતળે વેરવિખેર હતો. અંગ્રેજોએ આ બધા ટુકડાઓને સાંકળીને સમાન રાજકીય અને શાસકીય વ્યવસ્થા હેઠળ એને આણ્યો. આઝાદી બાદ એને પોતાનું રાષ્ટ્રબંધારણ ઘડ્યું અને વહીવટી, સરકારી અને ન્યાયિક વ્યવસ્થાતંત્ર અપનાવી રાષ્ટ્ર તરીકે વિકસાવ્યો. આજે એ ચીન, જાપાન, ફ્રાંસ, બ્રિટન, અમરિકા જેવું જ એક રાષ્ટ્ર છે અને આ બધાં રાષ્ટ્રો સાથે તેને રાજકીય સંબંધો પણ છે. જો ભારત એક રાષ્ટ્ર છે તો એનું ચારિત્ર્ય કેવું છે ? ભારતીય પ્રજાના ચારિત્ર્યના સબળા અને નબળા અંશો કયા છે ?

ભારતીય પ્રજાના ચારિત્ર્ય વિશે વાત કરીએ તો સૌ પ્રથમ યાદ આવે એની સમન્વયશીલતાની. હજારો વર્ષોથી આ દેશમાં બહારથી અન્ય પ્રજાઓ આવતી રહી છે. અહીં આર્યો, ગ્રીકો, હૂણો, અંગ્રેજો, પોર્ટુગીઝો, પારસીઓ – એમ કેટલીક પ્રજાઓ બહારથી આવતી રહી છે. ભારતીય પ્રજાએ એ બધી જાતિઓને પોતાનામાં ઉદારભાવે સમાવી છે. આર્યો અને પારસી જેવી જાતિઓ તો આ રાષ્ટ્રની મૂળભૂત પ્રજા (aboriginal race) જોડે દૂધ-સાકર સંબંધથી જોડાઈ ગઈ છે. આ બધી જાતિઓની સભ્યતા અને સાંસ્કૃતિકતાનો સુભગ સમન્વય રચી ભારતીય પ્રજાએ એક સમન્વિત સંસ્કૃતિ (composite culture) વિકસાવી છે.

કોઈ રાષ્ટ્રની પ્રજા બહારથી ચડી આવતી પ્રજાને આટલી સુકરતા અને ઉદારતાથી પોતાનામાં સમાવે નહીં. ભારતીય પ્રજાએ સમાવી છે તેનું કારણ તેના ચારિત્ર્યનો બીજો ગુણ છે શાંતિચાહના. ભારતીય પ્રજા શાંતિચાહક પ્રજા છે. ઝનૂની, ઝઘડાળું અને આક્રમણખોર પ્રકૃતિવાળી નથી. 'જીવો ને જીવવા દો' એ ભાવના ભારતીય પ્રજાજનને ગળથૂથીમાં મળેલી છે. વિરોધ, ઘર્ષણ થાય, થયા પણ છે. પરંતુ અનધિકાર ચેષ્ટાથી અણહક્કનું, કોઈનું કાંઈ ઝૂંટવી કે પડાવી લેવાની એની પ્રકૃતિ નથી. આ શાંતિઝંખનાને કારણે તો આ રાષ્ટ્રે ક્યાંય કોઈ અન્ય રાષ્ટ્ર પર લશ્કરી આક્રમણો કરી યુદ્ધો કર્યાં નથી. સન ૧૯૬૨, ૧૯૬૫ અને ૧૯૭૨માં ચીન અને પાકિસ્તાને આક્રમણો કરી એને યુદ્ધમાં ઊતરવાની ફરજ પાડી ત્યારે એ યુદ્ધમાં સામેલ થયું છે. એટલું જ નહીં યુદ્ધમાં પાકિસ્તાનનો સર કરેલો પ્રદેશ અને કેદ કરેલા પંચોતેર હજાર જેટલા યુદ્ધકેદીઓ બિનશરતી પરત કર્યા છે. દુનિયામાં જેનો જોટો ન જડે એવું વિરલ આ દૃષ્ટાંત છે. ચીન અને પાકિસ્તાન જેવાં રાષ્ટ્રો દેશમાં માફિયા અને ભાંગફોડિયાઓ ઘુસાડી ભાંગફોડ અને ત્રાસવાદની પ્રવૃત્તિઓ કરે છે, કેટલીક વખત સરહદો પર સશસ્ત્ર સૈન્ય જમાવટ કરી ઉશ્કેરણી કરે છે, કેટલીક વખત આપણા સરહદી પ્રજાજનો અને સીમા સુરક્ષાદળો પર વિનાકારણ ગોળીબારી કરે છે. એને વળતો મુંહતોડ જવાબ વાળવા ભારત પણ આવી હીન પ્રવૃત્તિ કરી શકે. પણ ભારતે એવું કદાપિ કર્યું નથી. ઊલટું ચીન સાથે એણે પંચશીલના કરારો કર્યા હતા. પાડશી રાષ્ટ્રો સાથે શાંતિમય સહઅસ્તિત્વની નીતિ સ્વીકારી છે. આજુબાજુનાં રાષ્ટ્રો સાથે પ્રશ્નો ઊભો થાય તો પરસ્પર ચર્ચા-વિચારણા અને વાટાઘાટો વડે ઉકેલવાનું જ હંમેશાં તેણે પસંદ કર્યું છે. રાષ્ટ્રના વિભાજન સમયે જે કત્લેઆમ થઈ હતી અને આઝાદીનાં પચીસ વર્ષો દરમિયાન દેશની અંદરના ગદ્દારો અને વિદેશી વિદ્યાર્થીઓની હરકતોને કારણે કોમી રમખાણો થયાં છે તે પણ આ પ્રજાએ તરત જ કાબૂમાં લઈ લીધાં છે.

આંતરવિગ્રહમાં દેશને ધકેલાઈ જવા દીધો નથી. અંગ્રેજ સલ્તનતને પણ સત્યાગ્રહ અને સવિનય કાનૂનભંગ જેવી અહિંસક પદ્ધતિ વડે અહીંથી વિદાય કરી હતી, લોહિયાળ યુદ્ધો વડે નહીં. એ બતાવે છે કે ભારતીય પ્રજા શાંતિચાહક પ્રજા છે. વૈર, ઝેર, વિખવાદ, વિગ્રહ, યુદ્ધ, હિંસામાં એને શ્રદ્ધા નથી.

ભારતીય પ્રજા શાંતિચાહક છે એ તો ખરું જ પણ એ સહિષ્ણુ પણ ઘણી છે. અન્ય રાષ્ટ્રોનાં આક્રમણો એણે સહ્યાં છે. બહારથી અહીં આવેલી અને સ્થિર થયેલી પ્રજાએ પોતપોતાનાં રીતરિવાજો, ટેવો-ખાસિયતો લઈને આવી હતી એ પણ એણે સહન કર્યાં છે. ઉપખંડ જેવા આ દેશમાં ભાષા, ધર્મ, ખાનપાન, રીતરિવાજ, રહેણીકરણીનું અપાર વૈવિધ્ય છે. અહીં એક જ કુટુંબમાં જુદાજુદા ધર્મો પાળનાર સભ્યો એક જ ઘરમાં સાથે રહે છે. પરણીને સાસરે આવતી કુળવધૂનો પિયરમાંનો ધર્મ સાસરિયાથી જુદો હોય, સાસુ-વહુ અથવા પતિ-પત્ની અલગ અલગ ધર્મમાં આસ્થા ધરાવતાં હોય અને છતાં સૌ એક જ રસોડે જમતા હોય છે. એક જ કુટુંબમાં મોટોભાઈ મુસ્લિમ ધર્મ અને નાનોભાઈ હિંદુ ધર્મ પાળતો હોય છે. હિન્દુ-મુસ્લિમ, હિન્દુ-ખ્રિસ્તી, હિન્દુ-પારસી, જૈન-વૈષ્ણવ, ધર્મ-સંપ્રદાયોના સભ્યો આંતરધર્મી લગ્નો કરી પોતપોતાના લગ્નજીવનમાં સુખશાંતિથી જીવે છે. અહીં હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મ તો હતા જ, પાછળથી એમાં ઇસ્લામ, ક્રિશ્ચિયન, જરથોસ્તી, યહૂદી, ઝેન, તાઓ, શિયામ વગેરે ધર્મોમાં આસ્થા ધરાવતી પ્રજા ઉમેરાઈ. એ બધા ધર્મો-સંપ્રદાયો અને માર્ગો પંથોમાં એકમેકથી અલગ અનેક બાબતો છે છતાં ભારતીય પ્રજા હજારો વર્ષોથી સંપીજંપીને પરસ્પરમાં હળીભળી પરસ્પરને ચાહી-સ્વીકારીને જીવી શકી છે એનું કારણ એની સહિષ્ણુતા છે.

ભારતીય પ્રજાના ચારિત્ર્યમાં ધૈર્ય (forbearance) અને તિતિક્ષા (endurance)ના ગુણો પણ છે. વેપાર કરવાના ઇરાદે આવી સત્તાધીશ થઈ પોતાના ઉપર આધિપત્ય જમાવી બેઠેલી અંગ્રેજસત્તાને હાંકી કાઢવા પ્રથમ વિપ્લવ ૧૮૫૭માં કર્યા બાદ ગુલામીની ધૂંસરીમાંથી મુક્ત થઈ સ્વતંત્રતાની મુક્ત હવા ઝંખતી આ પ્રજાએ ૧૯૪૭ સુધી-એટલે કે નવ નવ દાયકા સુધી ધીરજ ધરી એ સત્તા સાથેની પોતાની અસહમતિ પ્રગટ કરતા રહી હિંસક યુદ્ધ છેડ્યા વિના એને વિદાય કરવાની તાકાત બનાવી હતી. ધીટ, ધુર્ત, મુત્સદી અંગ્રેજોના આવડા મોટા સામ્રાજ્યને પોતાની બેઠી તાકાતથી વિદાય કરી શકનાર ભારતીય પ્રજાને માટે દીવ-દમણ અને ગોવામાં સત્તાધીશ થઈ બેઠેલી પોર્ટુગીઝ પ્રજાને હાંકી કાઢવાનું સહેજે મુશ્કેલ ન હતું. પરંતુ આઝાદી બાદ ભારતીય પ્રજાએ એના ઉપર હુમલો કર્યા વિના ચૌદચૌદ વર્ષો સુધી એના નિર્ગમનની રાહ જોઈ હતી. એ પ્રજા નાસમજ થઈ ત્યારે લાચાર થઈ તેને લાલ આંખ બતાવી હતી. ભારતીય પ્રજા પર યુગોથી વિદેશી અને વિધર્મીઓનાં આક્રમણો, જેવી સુલતાની અને દુષ્કાળ, ભૂકંપ, જળરેલ જેવી આસમાની આફતો અને આપત્તિઓ અનેક વખત આવી છે છતાં ભારતીય પ્રજા ક્ષુભિત કે વિચલિત થઈ નથી. હતાશ, નિરાશ, નાસ્તિક થઈ નથી. સુખમાં અને દુઃખમાં, આપત્તિ કે વિપત્તિમાં એ અવિચળ અને સ્વસ્થ રહી શકી છે એની ધૈર્યશીલતા અને તિતિક્ષાવૃત્તિને કારણે, એણે અંગ્રેજ અને પોર્ટુગીઝ સરકારોનો વિરોધ કર્યો હતો. અંગ્રેજ અને પોર્ટુગીઝ લોકોનો નહીં. અંગ્રેજ સરકારે દમનનો કોરડો વીંઝ્યા પછીય એણે મોટા સત્તાધારીઓની નૃશંસ હત્યાનો માર્ગ લીધો ન હતો. બ્રિટિશ શાસન વખતે બંગાળમાં કારમો છપ્પનિયો દુકાળ પડ્યો હતો. છતાં નહોતાં અનાજનાં ગોદામો લૂંટાયાં, નહોતાં રોટીરમખાણો ફાટી નીકળ્યાં. પહેલા વિદેશી અને પછી દેશી સત્તાધીશોએ ક્યારેક અન્યાય અને અપમાન, અત્યાચાર કર્યા હશે, એને સુખી અને સમૃદ્ધ કરવાનાં વચનો આપી કશું કર્યા વિના છેતરપિંડી કરી હશે, એમ છતાં આ પ્રજાએ એ બધું મૂંગે મોંએ સહન કરી લીધું છે. ક્યારેય ધૂંધવાઈ, અકળાઈ, ઊકળી જઈ કાનૂન તોડી લોહિયાળ ક્રાન્તિ નથી કરી એ આ કારણે.

અન્ય વ્યક્તિ-જાતિ કે સમાજના ગમા-અણગમા, આચારવિચારનાં ધારાધોરણો, ક્રિયાકાંડો અને વિધિવિધાનોને જીરવીને જીવવાનું ઘણું કપરું હોય છે. છતાં ભારતીય પ્રજા પોતાની ઉદાર સમતા દૃષ્ટિ વડે એ બધું જીરવીને જીવી શકી છે.

કારણ કે એની મનોવૃત્તિ ગમ ખાવાની, જતું કરવાની, સમાયોજન સાધી લેવાની અને એ રીતે અણગમતી, અનપેક્ષિત, બાબતને સહન કરી લેવાની ધીરજ અને તિતિક્ષા છે અને આ ભારતીય પ્રજાનો મોટો ગુણ છે.

આપણી પ્રજાના ચારિત્ર્ય વિશે વાત કરતાં આપણે જેમ એના ઊજળા અંશો જોયા, તેમ એના નબળા અંશો પણ જોવા જોઈએ. એ રીતે જોઈ-વિચારીએ તો આપણી પ્રજાના ચારિત્ર્યગત અપલક્ષણો પણ કાંઈ ઓછાં જોવાં મળતાં નથી. આપણે વધુપડતા આત્મસંતોષી છીએ. ભૂમામાં સાચું સુખ છે; એવું માનતા હોવા છતાં મોટી આશાઓ અને આકાંક્ષાઓમાં રસ ધરાવવાને બદલે અલ્પથી; નાનીનાની વાતથી સંતુષ્ટ થઈ જઈએ છીએ. મોટાં સ્વપ્નાં, મોટી ઝંખનાઓ રાખતા નથી, અને એ પ્રાપ્ત કરવા મથતા નથી. આવું જ બીજું અપલક્ષણ છે આપણી પ્રજાની શાહમૃગીવૃત્તિ

(refusal to face the truth). આપણી પ્રજા સામે જ્યારે જ્યારે કસોટીઓ આવે ત્યારે એનો જોરદાર મુકાબલો કરવાને બદલે, ભાગ્યમાં એવું લખાયું હશે, એવું વિચારી સ્વીકારીને આંખ આડા કાન કરે છે. જેમ આંધી કે તોફાન સમયે શાહમૃગ પોતાનું માથું ધૂળમાં છુપાવી લે છે તેમ. એ તો કારણ છે કે આપણે અન્યાય અને દોંગાઈને પ્રારબ્ધવાદી માનસથી બરદાસ્ત કરી લઈએ છીએ. આવા પ્રસંગે આપણું લોહી ઊકળી ઊઠવું જોઈએ, પણ આપણું લોહી ઊકળી ઊઠતું નથી. કારણ કે આપણે ઠંડા લોહીવાળી (low arousal) પ્રકૃતિવાળી પ્રજા છીએ.

આવાં જ બીજાં આપણાં બે અપલક્ષણો છે : અસ્વચ્છતા અને સમયમૂલ્યની અબુધતા. સ્વચ્છતાનું મૂલ્ય અને સમયનું મૂલ્ય આપણી પ્રજા સમજતી નથી. નથી સમયનું પાલન કરતી, નથી સ્વચ્છતાનું. સરકાર સ્વચ્છતાના ગમે તેટલાં અભિયાન ચલાવે પણ આપણે એને અનુમોદન આપતા નથી. આપણે મુખ્ય વક્તા હોઈએ ત્યાં નિશ્ચિત સમયે પહોંચતા નથી, મોડા પહોંચીએ છીએ. એટલું જ નહીં 'ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ અનુસાર તો હું સમયસર આવ્યો ગણાઉં' એવી મશ્કરી અને શેખી કરીએ છીએ !

આવું જ એક અપલક્ષણ છે ખોટાં સોગન (perjury) ખાવાનું. સાચી વ્યક્તિના દિલોદિમાગમાં આપણી વાત ઠસાવવા આપણે આપણા પોતાના, સગાંસ્વજનના કે ભગવાનના ખોટા સોગન ખાઈએ છીએ. એમ કરતાં જરાય અચકાતા નથી.

એવાં બીજાં બે અપલક્ષણો આપણા ચારિત્ર્યમાં છે : નિયમિતતાનો અભાવ અને પ્રામાણિક વ્યવહારની ઊણપ. સમયમૂલ્ય સમજતાં ન હોવાને કારણે અને આળસુ તથા પ્રમાદી હોવાને કારણે આપણા કામમાં, પ્રવૃત્તિમાં અને ફરજમાં જરાય નિયમિતતાનું પાલન કરતા નથી. દેશવિદેશ સાથે વ્યાપાર કરીએ છીએ, પરંતુ આરંભમાં યોગ્ય અને સારો માલ મોકલીએ અને પછી નબળો અને નકામો માલ મોકલવા લાગીએ છીએ. આપણા વ્યવહારમાં આપણે પ્રામાણિકતા જાળવતા નથી.

દુષ્ટાચાર (Venality) અને ભ્રષ્ટાચાર (Corruption) આપણા ચારિત્ર્યની બીજી ખામીઓ છે. આપણે ધર્મમાં અને કર્મમાં, સેવામાં અને વહીવટમાં દુષ્ટ અને ભ્રષ્ટ આચાર કરતાં ખચકાતા નથી. લાંચરુશ્વત લેતા અને દેતા, અનૈતિક અને ગેરકાનૂની વર્તણૂક કરતાં સહેજ પણ થોથવાતા કે ડરતા નથી.

આપણી પ્રજાના ચારિત્ર્યમાં આવા જ બીજા બે દુર્ગુણો છે. સુસ્તપણું અને ઢીલાપણું (lethargy) અને (sloppiness). આપણે ઉત્સાહી, ઉમંગી અને સાહસિક પ્રજા નથી. જે કાંઈ પ્રવૃત્તિ કરીએ એમાં થકાવટનો, થાથાંપણાનો, નિરાસક્તિનો, નરમાશનો કે પછી કઢંગાપણાનો આપણને અનુભવ થાય છે.

આપણી પ્રજામાં જન્મજાત બુદ્ધિમત્તા હોવા છતાં શાણપણમાં ઊણપ દેખાયા કરે છે. મતલબ કે આપણી પ્રજા દુનિયાની કોઈ પ્રજા કરતાં સમજમાં કે બુદ્ધિમાં ઊણી ઊતરતી નથી. છતાં કહેવું પડે છે કે we have innate intelligence but we are absysmally low in wisdom. એ કારણે આપણે ત્યાં કોઈનો ચારિત્ર્યવધ રાષ્ટ્રીય રમત (character assassination is our national sports) બની ગઈ છે. એ જ રીતે જાતિ (Cast) અને સંપ્રદાય (Creed) ફૂટબૉલ કે વૉલીબૉલની રમતની જેમ ખેલાઈ રહ્યા છે ! કોઈની જાતિ વિશે, સંપ્રદાય વિશે કે ચારિત્ર્ય વિશે દૂધીનું ડીંટિયું કાપવા જેટલી સહજતાથી આપણે બેજવાબદાર અભિપ્રાયો ઉચ્ચારતા હોઈએ છીએ !

વ્યક્તિપૂજામાંથી હજુ આપણે બહાર આવ્યા નથી. ઠેરઠેર કોઈને કોઈનું પૂતળું મૂકતાં રહીએ છીએ. કોઈ વ્યક્તિ કે વંશની અંધભક્તિ કર્યા કરીએ છીએ. વ્યક્તિ નહીં, જીવન મહત્ત્વનું છે. વ્યક્તિપૂજા (hero worship)માંથી છૂટી આપણે અણમોલ જીવનપૂજા (life and work worship) બાજુ વળવું જોઈએ.

કોમીવિદ્વેષ (communal hatred), ભાષાકીય ઝનૂન (Linguistic) અને સાંપ્રદાયિક ઝનૂન (religious fundamentalism) તથા પ્રાદેશિક વફાદારી (regional loyalty) પણ આપણી ચારિત્ર્યગત ખામીઓ છે. વિભાજકતા (divisiveness) અને અકર્મણ્યતા (timidity) એ આપણા રાષ્ટ્રને ભરખી જતો કેન્સર જેવો મોટો વ્યાધિ છે.

આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યનો ખરેખરો ચિતાર મેળવવા માટે આપણે નિર્મમ બની આપણું આત્મનિરીક્ષણ અને આત્મપૃથક્કરણ કરવું જરૂરી છે. આજે જે કાંઈ સમસ્યાઓનો રાષ્ટ્ર સામનો કરી રહ્યું છે, એ રાષ્ટ્રીય ચારિત્ર્યના પતનને કારણે છે. પતનમાંથી ઊગરવું હોય તો રાષ્ટ્રના ચારિત્ર્યનું ઘડતર, આ વર્ણવી એવી બધી ઊણપો નિવારીને, આપણે કરવું જોઈએ.

**નરેશ વેદ**

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી,

મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર, ફોન નં.૦૨૬૯૨-૨૩૩૭૫૦

સેલ નં. ૦૯૭૨૭૩૩૦૦૦

**(વિ. વિદ્યાનગર ૫૭૮ ડિસેમ્બર, ૨૦૧૯**

**પૃ ૧૨થી ૧૫માંથી સાભાર)**

# ગઈ સદીના મહાન ન્યાયાધીશ લૉર્ડ ડેનિંગ

**શરદભાઈ પી. શાહ**

વિશ્વભરમાં પોતાના ચુકાદાઓથી વિખ્યાત થયેલા ઇંગ્લૅન્ડના ગઈ સદીના મહાન ન્યાયાધીશ લૉર્ડ ડેનિંગના જીવન અને કાર્યોની વાત લખવી છે. ઘણા વકીલો અને ન્યાયમૂર્તિઓના કાર્યોથી હું પ્રભાવિત થયો છું. તેમાં લૉર્ડ ડેનિંગ મોખરે છે.

સને ૧૯૭૦થી ૧૯૯૫ દરમિયાન લૉ-કૉલેજમાં શિક્ષણ કાર્ય કર્યું ત્યારે ઘણા વકીલો અને ન્યાયાધીશોની વાત મેં વિદ્યાર્થીઓને કરી, પરંતુ તેમાં બે ન્યાયાધીશો લૉર્ડ ડેનિંગ અને કૃષ્ણા આયરની વાત વારંવાર કરી. તેમના ચુકાદાઓની અને તેમનાં પુસ્તકોની વાત પણ કરી. લૉર્ડ ડેનિંગ વિશે લખવા બેઠો ત્યારે આ સ્મરણો તાજાં થયાં. એમ થયું કે મારી જેમ લાખો લોકોને લૉર્ડ ડેનિંગે પ્રભાવિત કર્યા હશે. તેથી જ માર્ગારેટ થ્રેચરે કહ્યું છે, ''Denning was probably the greatest English judge of modern times.''

**જન્મ, કુટુંબ, અભ્યાસ**

લૉર્ડ ડેનિંગનું નામ આલ્ફ્રેડ થોમ્પસન (ટોમ) ડેનિંગ. તેમનો જન્મ તા. ૨૩-૧-૧૮૯૯ના રોજ નાનકડા ગામ Whitchurch, Hampshire, England માં થયો.

તેમનાં પિતા ચાર્લ્સ ડેનિંગ અને તેમનાં માતા કલારા ડેનિંગ. તે ૬ ભાઈ-બહેનો હતાં. માતાપિતાએ બધાં બાળકોને સારું શિક્ષણ અને ઉચ્ચ સંસ્કારો આપ્યાં. પરિણામે બધાં સંતાનોએ દેશની સેવા કરી.

લૉર્ડ ડેનિંગ પર તેમની માતાનો ઘણો પ્રભાવ હતો. લૉર્ડ ડેનિંગ તેમનાં પુસ્તક 'ફૅમિલી સ્ટોરી'માં તેમની માતા વિશે નીચે પ્રમાણે લખ્યું છે.

''Mother was a different temperament from father. She got it from her father. Like him she was handsome with fine features. Very intelligent. Very hard-working. Determined to succeed whatever she undertook, She was driving force. Ambitious for her children.''

લૉર્ડ ડેનિંગે પ્રાથમિક શિક્ષણ Whitchurchની એલીમેન્ટરી સ્કૂલમાં લીધું. ત્યાર બાદ દરરોજ ટ્રેનમાં મુસાફરી કરી Andover ગ્રામર સ્કૂલમાં શિક્ષણ લીધું પછી યુનિવર્સિટી કૉલેજ Southamptonમાં જોડાયા. આ બધું શિક્ષણ સ્કૉલરશિપની મદદથી મેળવ્યું. તેમને મેથેમેટિક્સ ખૂબ ગમતું હતું. તેમની ઇચ્છા મેથેમેટિશિયન થવાની હતી. જોકે તે વખતે વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું હતું અને બધા શિક્ષકો લશ્કરમાં જોડાયા હતા. તેથી નવા શિક્ષકો સારી રીતે મેથેમેટિક્સ શીખવાડી શકતા નહીં. લૉર્ડ ડેનિંગ જાતે મહેનત કરતા, પરંતુ તેમને સલાહ મળી કે સાથે-સાથે Oxfordમાં અભ્યાસ કરવો. તેમને વધારાની સ્કૉલરશિપ મળતાં તે Megdalen College, Oxfordમાં જોડાયા ત્યાં તેમણે મેથેમેટિક્સ અને ગ્રીકનો અભ્યાસ કર્યો. સને ૧૯૧૬માં તેમણે Oxfordમાંથી મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. ત્યાર પછી હેમ્પશાયર કાઉન્ટી કાઉન્સિલ તરફથી વધારાની વાર્ષિક ૫૦ પાઉન્ડની સ્કૉલરશિપ પ્રાપ્ત થઈ. કૉલેજનો અભ્યાસ ચાલુ રાખ્યો. તે દરમિયાન સવાર અને સાંજ મિલિટરી ટ્રેઇનિંગ લેવા જવું પડતું હતું. છતાં અભ્યાસમાં પૂરતું ધ્યાન આપી સને ૧૯૧૭માં પ્રથમ સ્થાને મેથેમેટિક્સની ડિગ્રી પ્રાપ્ત કરી.

ત્યાર પછી લૉર્ડ ડેનિંગને મિલિટરી સર્વિસમાં જવાનું બન્યું. તેઓની ડૉક્ટરે તપાસ કરીને અને રિપોર્ટ કર્યો કે Systolic Heart Murmerના કારણે તે મિલિટરી સર્વિસમાં જોડાઈ શકે નહીં. લૉર્ડ ડેનિંગ તેમના ભાઈઓની જેમ મિલિટરી સર્વિસમાં જવા માટે આતુર હતા તેથી તેમણે અપીલ કરી. તે મંજૂર થતાં ૧૪ ઑગસ્ટ, ૧૯૧૭ના રોજ તેમને કેડેટ તરીકે દાખલ કર્યા અને જરૂરી ટ્રેઇનિંગ બાદ ૧૭મી નવેમ્બરે સેકન્ડ લૅફ્ટેનન્ટનું પદ મળ્યું, પરંતુ તે વખતે તેમણે ૧૯ વર્ષ પૂરા કર્યા ન હોઈ, નિયમ પ્રમાણે તેમને ફ્રાંસમાં કામગીરી માટે મોકલવામાં ન આવ્યા. તે પછી માર્ચ, ૧૯૧૮માં જર્મન લશ્કર પૅરિસ તરફ આગળ વધ્યું ત્યારે લૉર્ડ ડેનિંગના યુનિટને ફ્રાંસ મોકલવામાં આવ્યું ત્યાં તેમણે ત્રણ મહિના રાત-દિવસ કામ કર્યું. ત્યાર બાદ તેમને

ઇન્ફલ્યુએન્ઝા થયો અને યુદ્ધના આખરી દિવસો તેમણે હૉસ્પિટલમાં ગાળ્યા. આ બાબતનું દુઃખ તેમણે તેમના 'The Family Story' પુસ્તકમાં વ્યક્ત કર્યું છે. તેમણે લખ્યું છે કે મારું એ સદ્‌ભાગ્ય નહોતું કે મારા બે ભાઈઓની જેમ મને દેશ માટે બલિદાનની તક મળે, પણ 'I did my bit' આમ લખી તેમણે દેશપ્રેમ વ્યક્ત કર્યો છે.

મિલિટરીની કામગીરી બાદ પુનઃ અભ્યાસ ચાલુ કર્યો. સને ૧૯૧૯માં ફરીથી Megdalen Collegeમાં જોડાયા. ૧૯૨૦માં ફર્સ્ટક્લાસ સાથે મેથેમેટિક્સ અંડર ગ્રેજ્યુએટ થયા. તેથી વાર્ષિક ૩૫૦ પાઉન્ડની મેથેમેટિક્સ શીખવવાની નોકરી મળી. દરમિયાન એક વખત કૉર્ટની કાર્યવાહી જોવાનો અવસર પ્રાપ્ત થયો. ત્યારે બૅરિસ્ટર બનવાના કોડ જાગ્યા. ૧૯૨૧માં તેમને Eldon Law Scholarship પ્રાપ્ત થઈ. તેમણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો અને ખૂબ સારા ગ્રેડથી પરીક્ષા પાસ કરી. ૧૯૨૩ના મે માસમાં બારની એક્ઝામ પણ પ્રથમ નંબરે પાસ કરી અને ત્રણ વર્ષ માટે દર વર્ષે ૧૦૦ ગીનીનો અવૉર્ડ પણ પ્રાપ્ત કર્યો. ત્યાર બાદ વકીલાત શરૂ કરી. તેમની વકીલાતની વાત જોઈએ તે પહેલાં તેમના ભાઈઓ વિશે થોડી વાત કરીએ.

### લૉર્ડ ડેનિંગના ભાઈઓ

લૉર્ડ ડેનિંગને ચાર ભાઈઓ હતા. તેમના સૌથી મોટા ભાઈ કૅપ્ટન જ્હોન એડવર્ડ ડેનિંગ ૨૬ સપ્ટેમ્બર, ૧૯૧૬ના રોજ લીંકનશાયર રેજિમેન્ટમાં ફરજ બજાવતાં મોતને ભેટ્યા. તેમના નાનાભાઈ ચાર્લ્સ ગોર્ડન ડેનિંગ યુદ્ધમાં કામગીરી બજાવતા હતા ત્યારે ટી.બી. થયો અને તે કારણે તા. ૨૪-૫-૧૯૧૮ના રોજ તેમનું અવસાન થયું. તેમના એક ભાઈ રેગીનાલ્ડ ડેનિંગ બ્રિટિશ આર્મીમાં ખૂબ ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયા અને બીજા ભાઈ નોરમન ડેનિંગ નેવલ ઇન્ટેલીજન્સમાં ડાયરેક્ટર થયા અને ડેપ્યુટી ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ તરીકે નિવૃત્ત થયા. લૉર્ડ ડેનિંગે ન્યાયતંત્રમાં સેવાઓ આપી. આમ પાંચેય ભાઈઓએ દેશસેવામાં જીવન વિતાવ્યું.

### વકીલાતનાં વર્ષો

૧૩મી જૂન, ૧૯૨૩થી લૉર્ડ ડેનિંગ વકીલાત શરૂ કરી. શરૂઆતનાં વર્ષો કઠિન હતાં. નાની-નાની બ્રીફ મળવા લાગી, પરંતુ નવરાશના સમયમાં તેમણે લેખન કાર્ય કરવા માંડ્યું. તેમનો પ્રથમ લેખ Quantum Meruit and Statute of Frauds ૧૯૨૫માં પ્રસિદ્ધ થયો. પછી લેખન કાર્ય ચાલુ રહ્યું. સાથે-સાથે વકીલાત પણ વધવા લાગી અને ગુણવત્તાસભર કામ મળવા લાગ્યું તે High Court of Justiceમાં પણ કામ કરવા લાગ્યા. ત્યારે સને ૧૯૩૨માં તેમને સલાહ મળી કે તેમણે સંપૂર્ણ ધ્યાન હાઈકૉર્ટની પ્રૅક્ટિસમાં કરવું જોઈએ. તેમણે વિશેષ ધ્યાન હાઈકૉર્ટની પ્રૅક્ટિસ માટે કર્યું. પરિણામે સને ૧૯૩૬માં તેમની વાર્ષિક આવક ૩૦૦૦ પાઉન્ડ (આજના ધોરણે ૨ લાખ પાઉન્ડ) થઈ. ઉત્તરોત્તર તે વકીલાતમાં પ્રગતિ સાધતા રહ્યા.

તેઓ ૧૯૩૮માં King's Connsel બન્યા. તેમને નોર્થ ઇસ્ટ રિજિયનમાં લીગલ એડવાઇઝર તરીકે પણ નીમવામાં આવ્યા.

તેમણે ઘણાં મહત્ત્વના કેસો ચલાવ્યા, પરંતુ સને ૧૯૪૨માં તેમણે Gold V. Essex County Councilનો કેસ ચલાવ્યો તે નોંધપાત્ર છે. તેમાં એવું નક્કી થયું કે હૉસ્પિટલના સ્ટાફની બેદરકારી હોય તો દર્દીને થયેલું નુકસાન ભરપાઈ કરવા હૉસ્પિટલ જવાબદાર છે.

સને ૧૯૪૩માં એક ન્યાયાધીશ બીમાર થતાં ડેનિંગને Commissioner of Assize બનવા જણાવવામાં આવ્યું. તેમણે તેનો સ્વીકાર કર્યો. આ જગ્યા ન્યાયાધીશ બનતા પહેલાનું પગથિયું છે.

૬ માર્ચ, ૧૯૪૪ના રોજ લૉર્ડ ડેનિંગ હાઉસ ઑફ લૉર્ડ્ઝમાં એક કેસમાં દલીલો કરતા હતા, ત્યારે લૉર્ડ ચાન્સેલર તેમની દલીલોથી પ્રભાવિત થયા અને High Court of Justiceમાં ન્યાયાધીશ બનવા આમંત્રણ પાઠવ્યું. તેમણે તેનો સ્વીકાર કરતાં ૭મી માર્ચ, ૧૯૪૪ના રોજ લૉર્ડ ડેનિંગને વાર્ષિક ૫૦૦૦ પાઉન્ડના પગારની નોકરી પ્રાપ્ત થઈ અને રિવાજ પ્રમાણે Kinghthood પણ પ્રાપ્ત થયું. આમ તેમની ન્યાયાધીશ તરીકેની કારકિર્દી શરૂ થઈ.

### ન્યાયાધીશ તરીકેની કામગીરી

૩૮ વર્ષની ન્યાયાધીશ તરીકેની કામગીરીમાં લૉર્ડ ડેનિંગે ઘણા નોંધપાત્ર ચુકાદાઓ આપ્યા.

સને ૧૯૪૫માં તેમને Kings Berch Divisionમાં મૂકવામાં આવ્યા. ૧૯૪૬માં Court of Apprelમાં નીમાયા. ૧૯૫૭ની ૨૪મી એપ્રિલે તે Law Lord બન્યા. ૧૯ એપ્રિલ, ૧૯૬૨માં ફરીથી તે કૉર્ટ ઑફ અપીલમાં Master of Rolls બન્યા. તેમની Mester of Rolls તરીકેની ૨૦ વર્ષ ઉપરાંતની કામગીરી રહી. ૮૦

વર્ષ ઉપરની ઉંમર સુધી કામ કરનાર થોડા ન્યાયાધીશોની યાદીમાં તે જોડાયા. જોકે Lord Holsburyનો રેકર્ડ અતૂટ છે. તેમનો જન્મ ૧૮૨૩માં થયો. તેમણે ૧૯૧૬ સુધી House of Lordsમાં કામ કર્યું. આમ ૯૩ વર્ષની ઉંમર સુધી તે કાર્યરત રહ્યા.

લૉર્ડ ડેનિંગના સેંકડો ચુકાદાઓમાંથી આપણે માત્ર થોડા ચુકાદાઓ જોઈશું. તે ક્રાંતિકારી વિચારો ધરાવતા હતા. ઘણી વખત જૂના વિચારોવાળા સાથે સંઘર્ષ પણ થયો. તેમની ટીકા પણ થતી, પરંતુ તે કાયદાના શબ્દો કરતાં Justice - ન્યાયને પ્રાધાન્ય આપતા અને કાયદાનું તે પ્રમાણે અર્થઘટન કરતા. યુવાન વકીલો કહેતા - New Judicial mind at work - qusetioun Creative, unusual.

પાર્લામેન્ટના સભ્ય Mr. Alex Lyonના શબ્દો નોંધપાત્ર છે.

''Denning was my great hero when I was a law student. I used to go to sit in the court just to listen him. He has a beautiful Voice and a beautiful Delivery, but I was also enthralled by what he was doing to the law to advance it into the twentieth century.''

હવે આપણે તેમની કામગીરી વિશે થોડી વાત કરીશું અને થોડા ચુકાદાઓ જોઈશું.

સને ૧૯૪૫માં લૉર્ડ ડેનિંગને Kings Berch Divisionમાં મૂકવામાં આવ્યા. સને ૧૯૪૬માં તેમને ડાયવોર્સ કેસોની પ્રોસીજરમાં સુધારા માટેની કમિટીમાં મૂકવામાં આવ્યા. તેમણે અભ્યાસપૂર્ણ રિપોર્ટ રજૂ કર્યો અને ઘણા સુધારા સૂચવ્યા. ત્યાર બાદ લૉર્ડ ડેનિંગે પેન્શન અંગેના ઘણા કેસો સાંભળ્યા.

તેમણે કરારના કાયદા ઉપર એક કેસનો નિર્ણય કર્યો, જે High Trees Hoal Ltdના નામે પ્રસિદ્ધ થયો અને અભ્યાસુઓ અને વકીલોએ તેને વખાણ્યા. Family Low અને Rights of deserted womanના સંદર્ભમાં પણ તેમણે નોંધપાત્ર ચુકાદાઓ આપ્યા.

સને ૧૯૫૧માં તેમણે Candler V. Grane, Christmas & Co.નો ચુકાદો આપ્યો. તે સંદર્ભમાં કહેવાયું છે કે ''Brilliant advancement to the law of negligent misstatement.''

સને ૧૯૫૨માં તેમણે Combe V. Combeના કેસમાં પ્રોમીસરી એસ્ટોપલ વિશે કહ્યું કે, ''it could be a 'Shield not a 'Sword.''

લૉર્ડ ડેનિંગે ખૂન કેસમાં ફાંસીની સજા કાયમ રાખી. શરૂઆતમાં તેમનું મંતવ્ય હતું કે ખૂનના ગુના માટે ફાંસીની સજા યોગ્ય સજા છે, પરંતુ પાછળથી તે મંતવ્ય બદલાયું હતું.

ફલી નરીમાન લૉર્ડ ડેનિંગ વિશે કહે છે કે તેમનું મગજ નવું-નવું શોધવાને સક્ષમ હતું અને તેમનું હૃદય ખાસ કરીને નબળાં લોકો માટે સંવેદનશીલ હતું - Original and innovative mind and compassionate heart.

આ માટે ફલી નરીમાને એક કેસ ટાંક્યો છે. તે રસપ્રદ છે તેથી અહીં રજૂ કરું છું.

બેલોગ નામે એક યુવાન એક સૉલિસિટરને ત્યાં ક્લાર્ક તરીકે નોકરી કરતો હતો. તેને રોજના પાંચ પાઉન્ડ મળતા હતા. તેણે એક કેસમાં જોયું કે કેસ ખૂબ નિરસ રીતે ચાલે છે અને લંબાયે જાય છે. કૉર્ટનું વાતાવરણ સાવ કંટાળાજનક છે. કોઈના મોં પર હાસ્ય નથી. તેથી તેણે વિચાર્યું કે થોડો નાઇટ્રસ ઑક્સાઇડ - $N_2O$ - જે લાફિંગ ગૅસ તરીકે ઓળખાય છે તે કૉર્ટમાં છોડું તો કૉર્ટનું વાતાવરણ બદલાય. ગાંડો વિચાર હતો, પણ તેને અમલમાં મૂકવા તેને પ્રયત્ન કર્યો. પાસેની હૉસ્પિટલમાંથી તે અર્ધું સિલિન્ડર ગૅસ લાવ્યો અને કૉર્ટરૂમ પાસે બાથરૂમમાં મૂકવા વિચાર કર્યો, પરંતુ રસ્તામાં તે પકડાયો. કૉર્ટના ઑફિસરે તેને પકડ્યો અને સિલિન્ડર ચોરવાનો આક્ષેપ મૂક્યો. તેણે કહ્યું તેનો ઇરાદો કૉર્ટમાં હાસ્ય ફેલાવવાનો હતો. તેને ટ્રાયલ કૉર્ટમાં રજૂ કરવામાં આવ્યો. ટ્રાયલ કૉર્ટના ન્યાયાધીશ ગંભીર સ્વભાવના હતા. તે જિંદગીમાં કદી હસ્યા નહોતા. તેમણે આ વાત ગંભીરતાથી લીધી. તેમણે કહ્યું આ તો Contempt of Court કહેવાય. બેલોગે ગુનો કબૂલ કર્યો અને માફી માંગી. દયાની માંગણી કરી. કૉર્ટે કહ્યું આ તો સિરિયસ કન્ટેમ્પ્ટ છે. દયા ન રખાય. કૉર્ટે તેને ૬ માસની જેલની સજા કરી. બેલોગ મનોમન બોલી ઊઠ્યો, 'તમે તો હાસ્યવિહીન મશીન છો.'

બેલોગે અપીલ કરી. તે જેલમાં હતો. તેથી અપીલની સુનાવણી જલદી થઈ. સાતમા દિવસે કેસ ચાલ્યો. તેના સારા નસીબે લૉર્ડ ડેનિંગ સમક્ષ કેસ આવ્યો.

કેસની સંપૂર્ણ વિગત જાણીને લૉર્ડ ડેનિંગને ગરીબ બીચારા બેલોગની દયા આવી. આ કમનસીબ માણસે ૭

દિવસ જેલમાં વિતાવ્યા છે તે તેમને ન ગમ્યું, પરંતુ કાનૂની રીતે તેને લાભ કેવી રીતે આપી શકાય તે લૉર્ડ ડેનિંગ વિચારવા લાગ્યા. કંઈક રસ્તો શોધવો જોઈએ અને લૉર્ડ ડેનિંગે રસ્તો શોધી કાઢ્યો.

તેમણે કહ્યું, 'તૈયારી એ ગુનો નથી. અહીં માત્ર તૈયારી છે, પ્રયત્ન પણ નથી, કાર્ય પણ નથી. તેથી Mere preparation for committing contempt even with intent is not contempt.

વિશેષમાં તેમણે જણાવ્યું કે બીજી રીતે વિચારીએ અને દલીલ ખાતર સ્વીકારીએ કે કન્ટેમ્પ્ટ થાય છે તોપણ તેને માફી માંગી છે તે પૂરતું છે.

તેમણે અપીલ મંજૂર કરી અને બેલોગને છોડી મૂક્યો.

નવી શોચ અને સંવેદનાનું માત્ર નાનકડું ઉદાહરણ રજૂ કર્યું છે. લૉર્ડ ડેનિંગે તેમની લાંબી કારકિર્દીમાં ન્યાય થાય તે માટે સંવેદનાસભર હૃદયથી કામ કર્યું. તેમના ઠરાવો અભ્યાસપૂર્ણ રહેતા. તેમની લખવાની સ્ટાઇલ અનેરી હતી. તે નાનાં-નાનાં સરળ વાક્યોમાં પોતાની વાત રજૂ કરતા.

લૉર્ડ ડેનિંગના Judgements ઉપર ઘણાં વિદ્વાનોએ ચર્ચા કરી અભ્યાસપૂર્ણ પુસ્તક Lord Denning : The Judge and the Law બહાર પાડ્યું છે. અભ્યાસુઓને તે વાંચવા ભલામણ છે.

### લોર્ડ ડેનિંગનાં કાનૂની મંતવ્યો.

● "We sit here to find out the intention of Parliament and Ministers and carry it out, and we do this better by filling the gaps and making sense of the enactment than by opening it up to destructive analysis."

● "We should be doing a disservice to the community at large if we were to impose liability on hospitals and doctors for everything that happens to go wrong. Doctors would be led to thing more of their own safety than of the good of their patients."

● 'Three great institutions, Parliament, the Press and the Judges are safeguards of justice and liberty, and they embody the spirit of the coustitution."

● "One of the most important tasks of the courts is to see that the powers of the executive are properly used, that is, used honesty and reasonably for the purposes authoreised by Parliament and not for any ulterior motive."

● "It is better to have too much freedom than too much control, but it is better still to strike the happy mean.''

● "The great judge was great because when the occasion cried out for new law he dared to make it, He was grat because he was aware that the law is a living organism, its vitality dependent upon renewal.''

● "If the door of cruelty were opened too wide, we should soon find ourselves granting divorce for in compatibility of temperament. That is a an easy path to trend.... The temptation must be resisted lest we slip into a state of affairs where the institution of marriage itself is imperilled.''

### પરદેશની અભ્યાસયાત્રા

લૉર્ડ ડેનિંગે પ્રવચનો આપવા અને બીજા દેશના કાનૂન સમજવા વિશ્વના ઘણા દેશોનો વ્યાપક પ્રવાસ કર્યો.

સને ૧૯૫૪માં કોર્ટના વૅકેશનમાં લૉર્ડ ડેનિંગે સાઉથ આફ્રિકાની ૬ યુનિવર્સિટીઓમાં પ્રવચનો આપ્યાં. તેમણે ૧૯૫૫માં અમેરિકાનો પ્રવાસ કર્યો અને અમેરિકન બાર ઍસોસિયેશને તેમને માનદ્ સભ્ય બનાવ્યા. તેમણે કૅનેડાનો પણ પ્રવાસ કર્યો અને યુનિવર્સિટી ઑફ ઓટોવાએ તેમને માનદ્ ડૉક્ટરેટની પદવી આપી. તેમને કૅનેડા બાર ઍસોસિયેશનના માનદ્ લાઇફ મેમ્બર બનાવવામાં આવ્યા. સને ૧૯૫૮માં તેમણે ઇઝરાયલ અને પોલેન્ડની મુલાકાત લીધી. સને ૧૯૬૧માં ફરીથી ઇઝરાયલ ગયા અને જેરૂસલમની હિબ્રૂ યુનિવર્સિટીમાં Lionel Cohen Lectures આપ્યાં.

જાન્યુઆરી, ૧૯૬૪માં લૉર્ડ ડેનિંગે તેમનાં પત્ની સાથે ભારતની મુલાકાત લીધી. તેઓ જયપુર અને મદ્રાસ ગયા અને ન્યાયશાસ્ત્રીઓ સાથે વાર્તાલાપ કર્યો. તેઓ દિલ્હી ગયા અને જવાહરલાલ નેહરુને પણ મળ્યા.

૧૯૬૪ના વર્ષમાં લૉર્ડ ડેનિંગ ફરીથી અમેરિકા અને

કેનેડા ગયા. તેમણે ન્યૂયોર્કમાં ફુલ કૉન્ફરન્સ હૉલમાં પ્રવચન કર્યું.

સને ૧૯૬૫માં તેમણે દક્ષિણ અમેરિકાની મુલાકાત લીધી. તેમણે બ્રાઝિલ, ઉરૂગ્વે, આર્જેન્ટિના, ચીલી અને પેરૂમાં પ્રવચનો કર્યાં. ત્યાંથી તેઓ મેક્સિકો ગયા.

સને ૧૯૬૬માં લૉર્ડ ડેનિંગ માલ્ટા ગયા અને ત્યાં લીગલ કૉન્ફરન્સમાં પ્રવચન કર્યું. તે જ વર્ષમાં તેઓ સાનફ્રાન્સિસ્કો, ફીઝી અને ન્યુઝિલેન્ડ ગયા અને Dunedinની લૉ કૉન્ફરન્સમાં ભાગ લીધો. તેમાં તેમના પ્રવચનથી ઑસ્ટ્રેલિયાના પ્રતિનિધિઓ પ્રભાવિત થયા અને સને ૧૯૬૭માં ઑસ્ટ્રેલિયામાં લૉ કૉન્ફરન્સમાં ભાગ લેવા આમંત્રણ પાઠવ્યું.

સને ૧૯૬૮માં લૉર્ડ ડેનિંગ કેનેડા ગયા. ત્યાં તેમને Mc. Gill Univeristy દ્વારા માનદ ડિગ્રી એનાયત થઈ.

સને ૧૯૬૯માં તેમણે ભારતની બીજી મુલાકાત Elwyn Jones અને Sir John Widgery સાથે લીધી. આ તેમની ઑફિશિયલ વિઝિટ હતી. તેમણે ઑગસ્ટ, ૧૯૬૯માં ફીઝીની મુલાકાત લીધી.

આમ તેમની ૭૦ વર્ષની ઉંમર સુધી તેમણે દુનિયાના ઘણાં દેશોમાં પ્રવાસ કર્યો અને કૉન્ફરન્સ, સેમિનાર વગેરેમાં ભાગ લીધો.

## લૉર્ડ ડેનિંગનું લગ્નજીવન

સને ૧૯૩૦માં ૩૧ વર્ષની ઉંમરે લૉર્ડ ડેનિંગનું લગ્ન મેરી સાથે થયું. મેરી Whitchurchના Vicarની પુત્રી હતી. લૉર્ડ ડેનિંગ તેણીને ૧૪ વર્ષની ઉંમરની હતી ત્યારે પ્રથમ મળેલા. તેમને મેરી ગમતી હતી. બંને વચ્ચે દોસ્તી પણ બંધાઈ હતી, પરંતુ વર્ષો સુધી મેરી લગ્ન માટે સંમત નહોતી થતી, પરંતુ ૧૮ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ બંનેએ એક સમારંભમાં સાથે નૃત્ય કર્યું. તે પછી મેરીએ જ લગ્ન માટે પ્રસ્તાવ મૂક્યો. બંનેનાં સગપણ થયાં અને લગ્નની તારીખ નક્કી થઈ. દરમિયાન, લગ્નનો ૬ માસનો સમય બાકી હતો અને મેરીને ટી.બી.નું નિદાન થયું. તેની સારવારને અંતે મેરી સ્વસ્થ થતાં ૨૮-૧૨-૧૯૩૨ના રોજ બંનેનું લગ્ન થયું. લગ્ન બાદ બંને લંડન જતાં ત્યાંના ધુમ્મસભર્યા વાતાવરણની મેરી પર અસર થઈ. તેને હૉસ્પિટલમાં દાખલ કરવી પડી. તેનું એક ફેફસું કાઢી નાંખવું પડ્યું. પછી તબિયત સુધરતાં તેમના પિતાશ્રી સાથે બે વર્ષ રહ્યાં. દર અઠવાડિયે લૉર્ડ ડેનિંગ તેમને મળવા જતા. ૧૯૩૫માં મેરી સંપૂર્ણ સ્વસ્થ થતાં બંનેએ નવું મકાન ખરીદ્યું અને આનંદપૂર્વક સહજીવન શરૂ કર્યું. ૩ ઑગસ્ટ, ૧૯૩૮ના રોજ પુત્ર રૉબર્ટનો જન્મ થયો. જે પછીથી Megdalen College, Oxfordમાં ડીન થયો. તેણે ઈનઓર્ગેનિક કેમેસ્ટ્રીમાં નિપુણતા પ્રાપ્ત કરી.

સને ૧૯૪૧માં મેરીને ગોલ બ્લેડરમાં સ્ટોનની તકલીફ થઈ. હેમરેજ થયું અને નવેમ્બર, ૧૯૪૧માં મેરીનું અવસાન થયું. આમ પ્રથમ લગ્નજીવનનો અંત આવ્યો.

સને ૧૯૪૫માં લૉર્ડ ડેનિંગની મુલાકાત Joan Stuart સાથે થઈ. તે વિધવા હતાં અને તેમને ત્રણ બાળકો હતાં. બંનેએ લગ્ન કરવાનું નક્કી કર્યું અને ૧૯૪૫ના ડિસેમ્બરમાં બંને લગ્નગ્રંથિથી જોડાયાં. તે બંનેનું ૪૭ વર્ષનું લગ્નજીવન સુખી અને આનંદભર્યું રહ્યું. તેમણે દેશપરદેશની સફર પણ કરી. ૧૯૯૨માં જોઆન સ્ટુઅર્ટને હાર્ટ એટેક આવ્યો અને તે મૃત્યુ પામ્યાં. મોટી ઉંમરે લૉર્ડ ડેનિંગ એકાકી બની ગયા.

## લૉર્ડ ડેનિંગનાં પુસ્તકો

(૧) ફ્રિડમ અન્ડર ધી લૉ - સને ૧૯૪૯
(૨) ધી ચેન્જિંગ લૉ - સને ૧૯૫૩
(૩) ધી રોડ ટુ જસ્ટિસ - સને ૧૯૫૫
(૪) ધી ડિસિપ્લિન ઑફ લૉ - સને ૧૭૯
(૫) ધી ફૅમિલી સ્ટોરી - સને ૧૯૮૧
(૬) વૉટ નેક્સ્ટ ઇન લૉ - સને ૧૯૮૨
(૭) ધી ક્લોઝિંગ ચેપ્ટર - સને ૧૯૮૩
(૮) લૅન્ડ માર્ક્સ ઇન લૉ - સને ૧૯૮૪
(૯) લીવ્ઝ ફ્રોમ માય લાઇબ્રેરી - સને ૧૯૮૬

## દુઃખદાયક નિવૃત્તિ

લૉર્ડ ડેનિંગે ખૂબ લાંબો સમય ન્યાયતંત્રની સેવા કરી. ૨૩ જાન્યુઆરી, ૧૯૮૨ના રોજ ડેનિંગ ૮૩ વર્ષના થયા ત્યારે ઘણાં લોકો પૂછતા કે તમે ક્યારે નિવૃત્ત થવાના છો ? વળી ઘણાં મિત્રો કહેતા કે કીર્તિની ટોચ પર હોઈએ ત્યારે નિવૃત્ત થઈ જવું જોઈએ. ડેનિંગના પત્ની પણ નિવૃત્ત થવા આગ્રહ કરતાં હતાં. લૉર્ડ ડેનિંગ તે વખતે What Next in Law એ નામનું પુસ્તક લખતા હતા. તેમના મનમાં હતું કે આ પુસ્તક લખાઈ જાય પછી નિવૃત્ત થવું, પરંતુ તેમને ખબર નહોતી કે પુસ્તકના પરિણામે તેમની નિવૃત્તિ દુઃખદાયક બની રહેશે.

૨૦મી મે, ૧૯૮૨ના રોજ તેમનું ઉપરોક્ત પુસ્તક પ્રકાશિત થયું. તેમાં જ્યુરી પદ્ધતિમાં સુધારા બાબતે તેમના

બે પેસેજ ઘણાં લોકોને અને ખાસ કરીને કાળા લોકોને વાંધાજનક લાગ્યા. લૉર્ડ ડેનિંગે જણાવ્યું હતું કે જ્યુરીમાં વધુ પડતા કાળા લોકોને લેવામાં આવે છે તે બરોબર નથી. તેમના લખાણને જાતીય ભેદભાવવાળા લખાણ તરીકે વર્ણવી સોસાયટી ફૉર બ્લૅક લૉયર્સના ચૅરમૅન શ્રી કાદરીએ આ રિમાર્ક્સને insulting અને degrading કહી. તેમણે લૉર્ડ ચાન્સેલરને વિનંતી કરી કે લૉર્ડ ડેનિંગનું રાજીનામું માંગી લેવું જોઈએ. વળી લૉર્ડ ડેનિંગ વિરુદ્ધ બદનક્ષી માટે કાનૂની પગલાં લેવાની ધમકી પણ મળી.

લૉર્ડ ડેનિંગ વ્યથિત થયા. આખી રાત ઊંઘી શક્યા નહીં. પબ્લિશરને પણ નોટિસ મળી હતી. તેથી વકીલ સાથે મિટિંગ કરી તેમાં સમજૂતી સાધી કે પ્રકાશક આ પુસ્તક પાછું ખેંચશે અને લૉર્ડ ડેનિંગ દિલગીરી પ્રગટ કરશે.

૨૦મી મે, ૧૯૮૨ના રોજ પુસ્તક પ્રકાશિત થયું. ૨૮મી મેના રોજ લૉર્ડ ડેનિંગે રાજીનામું આપવાની હકીકત જાહેર કરી. ૧લી જૂનના રોજ લૉર્ડ ડેનિંગે તેમની રિમાર્ક્સ બદલ દિલગીરી વ્યક્ત કરી. પ્રકાશકે પુસ્તક પાછું ખેંચ્યું.

લૉર્ડ ડેનિંગે વૅકેશન પડતાં સુધી એટલે કે જુલાઈના અંત સુધી કામગીરી કરી. વૅકેશનમાં ઠરાવો લખ્યા અને સપ્ટેમ્બર માસમાં કૉર્ટ ખૂલતાં એ ઠરાવો જાહેર કરી ન્યાયાધીશ તરીકેની કામગીરીમાંથી નિવૃત્ત થયા.

વૅકેશન પડવાના છેલ્લા દિવસે તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૮૨ના રોજ લૉર્ડ ડેનિંગનો વિદાય સમારંભ યોજાયો. તેમાં ૩૦૦ જેટલા વકીલો અને ઘણાં ન્યાયાધીશો જોડાયા. બધાએ તેમને ભાવભરી વિદાય આપી.

લૉર્ડ હાઈચાન્સેલર લૉર્ડ હેઈલસામે ખૂબ જ સરસ શબ્દોમાં લૉર્ડ ડેનિંગની પ્રશંસા કરી. તેમણે કહ્યું, 'We Shall miss your passion for justice, your independence and quality of thought, your liberal mind, your geniality. Your unfailing courtsey to colleagues, to court and to litigants in person.'

નિવૃત્તિ આવા સંજોગોમાં લેવાની આવી તેનું લૉર્ડ ડેનિંગને ભારોભાર દુઃખ થયું. તેમણે લખ્યું છે, કે કારકિર્દીનો અંત disgrace અથવા Failureથી આવે એવા ઘણાં જાણીતા માણસો થોમસ વોલ્સે, ફ્રાંસીસ બેકન, વૉરેન હેસ્ટિંગ્સ અને શેસીલ રોડ્સની યાદીમાં હું પણ જોડાઈ ગયો.

**નિવૃત્તિ પછીનું જીવન અને અવસાન**

નિવૃત્તિ બાદ લૉર્ડ ડેનિંગ Whitchurchમાં રહેવા ગયા. તેઓ વાંચન અને લેખન કરતા. પ્રવચનો પણ આપતા. સને ૧૯૮૩માં પડી જતાં ફ્રેક્ચર થયું અને લાંબો સમય આરામ કરવો પડ્યો, પરંતુ પછીથી પ્રવૃત્તિશીલ રહ્યા.

૯૦ વર્ષની ઉંમરે લૉર્ડ ડેનિંગે લખ્યું હતું કે ચાલવામાં તકલીફ પડે છે, લાકડીનો ટેકો લઉં છું, પરંતુ જીવનનો ઉત્સાહ ઓછો થયો નથી. વાંચું છું, લખું છું, ફરવા જાઉં છું અને ક્રિકેટ રમતાં બાળકોને જોઈને આનંદ અનુભવું છું. અફસોસ એ છે કે એક પછી એક સ્વજનો અને દોસ્તો આ દુનિયા અને મને છોડીને દૂર-દૂર ચાલ્યા જાય છે.

૧૯૯૭ની ૨૫મી નવેમ્બરે તેમને Order of Meritનું સન્માન મળ્યું. તે વખતે તે સન્માનનો સ્વીકાર કરવા લંડન જઈ શકે તેમ નહોતા. Queenના પ્રતિનિધિએ Whitchurch જઈ તેમને સન્માન અર્પણ કર્યું.

૨૩મી જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ લૉર્ડ ડેનિંગે ૧૦૦ વર્ષ પૂરાં કર્યાં. ત્યારે Queen તરફથી તેમને શુભેચ્છાનો તાર મળ્યો. Happy Birthday to youનો નાદ સંગીત દ્વારા ગૂંજી ઊઠ્યો. સ્થાનિક ચર્ચમાં તેમના માનમાં નવો bell 'Great Tom'ના નામથી મૂકવામાં આવ્યો.

ફેબ્રુઆરી, ૧૯૯૯માં લૉર્ડ ડેનિંગની તબિયત બગડી. તેમને આંખે દેખાતું બંધ થયું. કાને પણ ખૂબ ઓછું સંભળાતું હતું. ૫મી માર્ચ, ૧૯૯૯ના રોજ તે ખૂબ જ બીમાર પડ્યા. તેમને હૉસ્પિટલમાં દાખલ કર્યા, જ્યાં આંતરિક રક્તસ્ત્રાવથી તેમનું મૃત્યુ થયું.

લૉર્ડ ડેનિંગની દફનવિધિ તેમના જન્મસ્થળ Whitchurchમાં થઈ. મેમોરિયલ સર્વિસ ૧૭મી જૂન, ૧૯૯૯ના રોજ થઈ. સેંકડો સંદેશા પ્રાપ્ત થયા. લૉર્ડ ચીફ જસ્ટિસ લૉર્ડ બીંગહામે તેમના સંદેશામાં ડેનિંગ વિશે કહ્યું કે, ''The best known and best loved judge in our history.''

સલામ લૉર્ડ ડેનિંગ. સલામ તમારા ન્યાયતંત્રમાં આપેલ અસાધારણ અને અદ્વિતિય પ્રદાન બદલ. તમારા ચુકાદાઓ અને તમારા પુસ્તકો તમારી અમર છાપ મૂકી ગયા છે.

**શરદભાઈ પી. શાહ**
૫-૬, અણમોલ વીલા-૨
રામોસણા રોડ, મહેસાણા મો. ૯૪૨૯૭ ૩૬૩૬૫

# કવિ કલાપીના કલાકાર પૌત્ર કુમાર મંગલસિંહજી

**રજનીકુમાર પંડ્યા**





'કોઈએ સંભળાવેલું કટુવચન કાનમાંથી પાછું બહાર ફેંકી શકાતું નથી. છૂટા પડ્યાની છેલ્લી ઘડીના પ્રિયતમાની કંપનભરી કોમળ હથેળીના ગરમ-ગરમ સ્પર્શને મરણપર્યંત હથેળીવટો આપી શકાતો નથી. લોભાવનારું પતંગિયું ક્યારેક નિશ્ચેષ્ટ થઈને ભૂમિ પર ઢળી પડે પછી તેની પાંખોની રંગોળી બીજા કોઈ પતંગિયાની પાંખો પર ઉતારી શકાતી નથી. મોનાલીસા જેવા બેનમૂન ચિત્રની ચમક પણ શનૈઃ શનૈઃ ઝાંખી પડતી જાય છે. અને એક કાળે એ અને એવાં અનેક ચિત્રો પણ નામશેષ થઈ જશે. શું કહો છો તમે?'

આવી સાવ સાચી સાદી વાતમાં પણ પૂર્ણિમાબહેન મહેતા સંમત હોય એમ લાગ્યું નહીં. મને તો એમ કે હું સંસ્કૃત સુભાષિતકારના અભિનિવેશમાં એવું બોલ્યો કે સાંભળનારનું મસ્તક ડોલી જાય. પણ પૂર્ણિમા મહેતા ડોલ્યાં નહીં, પણ બોલ્યાં : 'આપણે એક મોટા કલાકારને મળવા જવાનું છે. ત્યાં સુધી તમે તમારું આ સુભાષિત રિલીઝ ન કરો એટલું માગું.'

કાળદેવતાએ કોઈનેય જનરલ પાવર ઑફ એટર્ની આપી નથી. કવિ કલાપીના પૌત્ર કુમારશ્રી મંગલસિંહજી પ્રતાપસિંહજી ગોહિલ ઑફ લાઠીને પણ નહીં. હું એમને ભાવનગરના સરદારનગરમાં આવેલી પ્રભાત સોસાયટીના બંગલા નંબર ૧૭૪૯- બીમાં મને એમનો પરિચય કરાવનારાં પૂર્ણિમાબહેનની સાથે મળવા ગયો તો જોયું કે એ પણ કંઈ કાળગ્રસ્તતાથી મુક્ત નથી. સિત્તેર વર્ષના માણસના મસ્તક પર શ્વેત કેશ ફરફરતા હોય. એમને પણ ફરફરે છે. બીમારી હોય, એમને પણ છે. આ ઉંમરના વૃદ્ધને એકાદ જુવાનજોધ પુત્રના અકાળ મરણનો ઘા દૂઝતો હોય, તે એમને પણ છે જ. યૌવનકાળમાં કોઈ વિદેશી કન્યાના પિતાએ સંભળાવેલાં કટુવચનો હજુ પણ કર્ણપાર નથી થયાં, પચ્ચીસમા વર્ષે વિછોડાયેલી પ્રિયતમાનો અંતિમ કરાંગુલિ સ્પર્શ હજુ પણ સ્મૃતિ સંવેદ્ય આ સિત્તેર ઉપરના કલાકાર જીવને હોઈ શકે. એમને પણ હશે એવી મારી કલ્પના છે. આમાં કઈ જગ્યાએ એ કાળને અતિક્રમી ગયા એ કહેશો ? એમ મેં પૂર્ણિમા મહેતાને નજરથી પૂછ્યું તો એમણે કહ્યું કે જોયા કરો. જોવા જેવું ઘણું હતું એમના એ નાનકડા ડ્રૉઇંગરૂમમાં, એમાંના નહીં. એમની વાત કરવાની ઢબ પણ એવી સુંવાળી કે એમનાં ચિત્રો જોયાનું સુખ અને એમની જોડે સંવાદ કર્યાનું સુખ એક જ કુળનાં લાગે. પણ સૌથી મઝા તો એ વાતની થઈ કે એમણે એમનું કાર્ડ મને આપ્યું તેમાં 'રીસ્ટોરર' લખેલું, તે એ રીસ્ટોરર શબ્દના અર્થ ની મને કશી ખબર નહીં. પણ મારા જ્ઞાનલાભાર્થે પૂછ્યું ત્યારે માલૂમ પડ્યું કે 'રીસ્ટોરર' એટલે જૂનાં જરી-પુરાણાં ચિત્રોને કાયાકલ્પ કરીને પાછાં સજીવન કરી દેનાર.

મને થયું કે એ કામ એ કરતા હોય ત્યારે આપણને જોવા મળે કે? મેં પૂર્ણિમાબહેનને પૂછ્યું કે આવું પુછાય કે નહીં? એમણે કહ્યું કે પૂછો. મેં પૂછવાનું શરૂ કર્યું. પૃચ્છાના પટારાને તળિયું તો હોતું જ નથી. એટલે નવા-નવા પ્રશ્નો એમાંથી નીકળ્યા જ કરે. મારે પણ નીકળ્યા કર્યા. નતિજે જે નીકળ્યું તે એ કે રીસ્ટોરેશન પણ આગવી કલા-કસબ છે. એ બે પ્રકારનાં હોય. એકમાં જૂનાં ચિત્રને માત્ર ઍટેન્ડ કરવાનું હોય. એટલે કે જૂનાં ચિત્રનો કેન્વાસ ઢીલો થયો હોય. એમાં કોઈ રાસાયણિક પ્રક્રિયાથી બગાડ થયો હોય. હવામાનને કારણે પણ હોય. સૂર્યના વધુ પડતા પ્રકાશ યા ભેજને લીધે પણ હોય. એમાં તિરાડ પડવા માંડે અથવા પોપડા ઊખડવા માંડે એ વખતે એને સમયસર સંભાળી લીધું હોય એને ઍટેન્ડ કર્યું કહેવાય. આવો સમય વીતી ગયો હોય, અને સંભાળી ન શકાયું હોય અને ચિત્ર બગડી જ ચૂક્યું હોય તો પછી એને બીજો પ્રકાર 'ટ્રીટ કરવાનો' લાગુ પડે. એટલે કે માવજત લેવી પડે. બને તો રાસાયણિક પ્રક્રિયા દ્વારા એને સુધારી લેવાય. એથી પણ આગળ બગાડના તબક્કે ગયું હોય તો સર્જિકલ ઇન્ટર્વેન્શન કરવું પડે. એટલે કે ઑપરેશન જેવું કરવું પડે. ફાટ્યું હોય તો કુશળતાપૂર્વક રફૂ કરી દેવું પડે. એમાં ચિત્રનો કોઈ ભાગ ખોવાઈ ગયો કે ખવાઈ ગયો હોય તો

એને પોતાની કલ્પનાશીલતાથી મનમાં ધારીને હૂબહૂ ચીતરી દેવો પડે. એમાં 'નહીં સાંધો નહીં રેણ' આવડત જોઈએ. હજુ આગળ અસાધ્ય બગાડ હોય તો ઇન્ફ્રારેડ કિરણોથી એને માવજત દેવી પડે. પછી એનો એક્સ-રે લેવાય. પછી સનલાઇટ ટ્રીટમેન્ટ પણ ક્યારેક દેવી પડે. એવી માવજત ઓછી પડે તો અલ્ટ્રાવાયોલેટ કિરણો આપવાં પડે. ફરી એક્સ-રે લેવો પડે અને ચિત્રની મૂળ રેખાઓ શોધી કાઢવી પડે. આવી-આવી તો અનેક ક્રિયાઓ જુદા-જુદા કિસ્સામાં જુદા-જુદા પ્રમાણમાં કરવી પડે. આમ આ આખી એક સ્પેશિયલાઇઝ્ડ આર્ટ છે. ભારતમાં એક કાળે આ કળા જાણનાર એકમાત્ર શ્યાવક્ષ ચાવડા થઈ ગયા. એ આ કળા રોમમાં શીખેલા, એ પછી તો ઘણા શીખ્યા. એમાંના આ કુમાર મંગલસિંહજી પણ ખરા.

'હજુ કોઈ નવો પ્રકાર પણ રીસ્ટોરેશનનો છે કે નહીં?'

'તમારા મનમાં કયો પ્રકાર છે?'

'હું પતંગિયાની પાંખ પરની કુદરતી રંગોળીની વાત કરવા માગતો હતો. હું માનું છું કે ગમતા એવા એક પતંગિયાની પાંખની રંગોળી બીજા પતંગિયાની પાંખ પર તબદીલ થઈ શકતી નથી.'

'રીસ્ટોરેશનનો એ ત્રીજો પ્રકાર થયો.' મંગલસિંહજી હસીને બોલ્યાઃ 'આ વીસમી સદી પૂરી થવા આવી છતાં મોટા ભાગના જૂનાં ચિત્રના સંગ્રાહકોને આવી કોઈ શોધ વિકસી છે એની ખબર જ નથી. એ પ્રોસેસમાં એવું છે કે એમાં મૂળ આખું ચિત્ર એના મૂળ કૅન્વાસ પરથી ઊંચકીને નવા કૅન્વાસ પર મુકાય. એને 'ટ્રાંસ્ફરિંગ' કહેવાય. ઘણી ખર્ચાળ પ્રક્રિયા છે. સમય પણ ઘણો માગી લે છે. એક ચિત્ર પાછળ આવી વિધિ કરતાં ચૌદ માસ જેટલો સમય લાગી જાય. આને માટે ખાસ મશીન જોઈએ. દુનિયામાં આવાં માત્ર દશ મશીનો છે. બાકી જૂનાં ચિત્રોને રીસ્ટોર કરવાની સંપૂર્ણ લૅબોરેટરી બનાવો તો પાંત્રીસ લાખ રૂપિયાની થાય, ને છતાં એને માટેના ટૅક્નિશિયનો મળવા મુશ્કેલ.'

'તો મને એ જાણવામાં તો અવશ્ય રસ પડશે કે આવા અનોખા ચિત્રવૈદ્યની દવા લેનારા કોણ-કોણ? ઝડપી ઝેરોક્સ તણા આ જમાનામાં આવા રીસ્ટોરેશનના રસિયા કોણ-કોણ?'

મંગલસિંહજીએ કહ્યું : 'અનેક છે. મેં ખુદ ભાવનગરના નીલમબાગ, પોરબંદર, લાઠી, જામનગર અને જયપુરના રાજવીઓના ચિત્રસંચયોમાંથી બેજોડ કીમતી પેઇન્ટિંગ્સ રીસ્ટોર કર્યાં છે. સવાઈ માનસિંગજી મ્યુઝિયમના ઑઇલ પેઇન્ટિંગ્સ અને બીજા સંખ્યાબંધ ખાનગી સંગ્રાહકોનાં ચિત્રો સજીવન કરી આપ્યાં છે. રીસ્ટોરેશનમાં મને નવા સર્જન સરીખો આનંદ આવે છે. અતિ ઘણો આભાર ડૉ. ઓ. ઝેડ. ફ્યુએલરનો કે જેમની પાસેથી હું જર્મનીમાં આ રીસ્ટોરેશનની કળા શીખ્યો!'

'એ ડૉક્ટર કોણ અને આપ જર્મની શીદને ગયા હતા?'

જર્મની સાથે કુમારશ્રીનો કરુણ-મધુર સંબંધ હશે એટલે ઝડપથી એ જર્મનીવાળું પાનું ફેરવીને જીવનકિતાબનાં આગલાં પાનાંઓમાં મને લઈ ગયા. બોલ્યા : 'જર્મની જ શું કામ, મારી મોટા ભાગની યુવાવસ્થા મેં વિદેશોમાં ગાળેલી. અહીં તો ફક્ત ચાર વર્ષ ની ઉંમરે ૧૯૧૯ની સાલમાં રાજકોટની રાજકુમાર કૉલેજમાં શિક્ષણ શરૂ કરેલું. પછી તરત જ કોડાઈ કૅનાલમાં પરદેશી ગાર્ડિયન પાસે ઊછરેલો. કારણ કે કવિ કલાપીનાં રાણી રમાબાની કૂખે જન્મેલા મારા પિતા પ્રતાપસિંહજી તો મારી ત્રણ વરસની ઉંમરે જ દિવંગત થઈ ગયેલા, પણ મારા દાદાબાપુને કવિ કલાપીની જેમ વાંચનનો ભારે શોખ હતો. હું એમની પસંદગીનાં પુસ્તકોનો કિલ્લો કરીને વચ્ચે એમાં પુરાઈ જાઉં. ના પાડે તો બૂમરાણ મચાવું ને એમની પેન્સિલો લઈને લાઠીના અમારા બંગલાની હાથ ચડે એ દીવાલ ચીતરી નાખું. આ જોઈને મારા પિતાજી કહેતા હતા કે આ છોકરો નક્કી ચિત્રકાર બનશે. વચ્ચે વળી મને સંગીતનો શોખ થયેલો. રાજકોટથી ઠાકોર લાખાજીરાજજીનાં રાણી અને મારાં ફઈબા એવાં રમણીકકુંવરબાએ મોકલેલું ઑર્ગન વગાડતો, પણ એ રસ બહુ જલદી ચિત્રકામની નીકમાં વળી ગયો. મારા અંગ્રેજ ગાર્ડિયન મિ. ટર્નરે મને નવ વર્ષની ઉંમરે રંગની પેટી આપેલી અને એમાંથી મેં કોડાઈ કૅનાલમાં અમારા ઘરની સામે દેખાતી પેરૂમલ હિલનું ચિત્ર દોરેલું. એ જોઈને રાજી થયા. તે મિ. ટર્નરના મિત્ર કર્નલ વેલ-વેલ, એમણે મને થોડું શીખવ્યું. એટલા પ્રસન્ન કે એમને તો મને ગોદ લઈ લેવાનું મન પણ થઈ ગયેલું!'

'આપ કંઈક પરદેશની વાત કરતા હતા ને?'

'હા, એ પછી હું દહેરાદૂન ગયો. હું. રૉયલ ઇંડિયન મિલિટરી કૉલેજમાં સાડાત્રણ વર્ષ ગાળીને સીધો લંડન ચાલ્યો ગયો. જોકે એમાં તકલીફ તો બહુ પડેલી, માને મારે સમજાવવાં મુશ્કેલ હતાં. માંસભક્ષણ નહીં કરવાનું. ચારિત્ર્ય શુદ્ધ રાખવાનું અને વિદેશમાં લગ્ન નહીં કરવાનું વચન આપ્યું ત્યારે માએ જવા દીધો. ડેવનશાયર ગયો, લંડનમાં ખાનગી સંસ્થામાં શીખ્યો, પણ ખરું શિક્ષણ ચિત્રકામનું મને સ્લેઇડ્સ સ્કૂલ ઑફ આર્ટ્સમાં મળ્યું. એ પછી હું. ઍપ્રેન્ટિસ થયો. એ પછી મને સર વિલિયમ રોઝિન્સ્ટાઇન અને જગવિખ્યાત પોટરેઇટ પેઇન્ટર ફ્રાઇબર્ગ પાસે રહેવાની તક મળી, પણ શીખવા કરતાં ત્યાં જીવનના જે પાઠ મળ્યા તે અદ્ભુત હતા. એક પ્રસંગ તો હૈયે કોતરાઈ ગયો છે. તે કદી ભુલાશે નહીં.'

મંગલસિંહજી બોલ્યા : 'અને તે એકે લેડી રોઝિન્સ્ટાઇન રોજ રાતે એક માતાના વાત્સલ્યથી મને અને પોતાના પુત્રને અમે ભરઊંઘમાં હોઈએ ત્યારે આવીને ઓઢાડી જાય. એ ભુલાતું. નથી અને બીજું ભુલાતું નથી તે એ કે એક વાર મેં એમને પૂછેલું કે 'મધર, આજે ફલાણા ટૉકીઝમાં બહુ સારો શો છે. નાટક છે તે જોવા જઉં? તો એ બોલતાં કે ના બેટા, એ શો તને શા કામનો? એ કરતાં તું બગીચામાં જા, પતંગિયાં જો, લાલ-પીળાં પર્ણો જો, પુષ્પો જો અને ત્યાં ન જવું હોય તો હાઇગેઇટના કબ્રસ્તાનમાં જા, કેટલું અદ્ભુત છે કબ્રસ્તાન! તેના પથ્થરોનું શિલ્પ અદ્ભુત છે. તું આ જગતના કોઈ પણ ખૂણામાં નજર કર. આ જગતના સર્જનહારની કલામાં ક્યાંય લોભ નથી. એણે રંગનાં કૂંડાં છૂટે હાથે ઢોળ્યાં છે. આકાશમાં જો અને એની રંગલીલા નિહાળ.'

'લેડી રોઝિન્સ્ટાઇન નામ કંઈક પરિચિ ત લાગે છે.' મેં કહ્યું.

'હા,' મંગલસિંહજી બોલ્યાઃ 'એ એ જ સન્નારી કે જેમને ગુરુદેવ ટાગોરે' 'ગીતાંજલિ' અર્પણ કરેલું... અદ્ભુત માતાસ્વરૂપ સ્ત્રી હતાં એ...વળી થોડી વાર રહીને એ બોલ્યાઃ 'અને એવા જ હતા સર વિલિયમ રોઝિન્સ્ટાઈન પણ. એક વાર એક જીવંત નગ્ન નારીદેહનું ચિત્ર બનાવતાં મને એકાએક લાગ્યું કે હું પુખ્ત બનતો જાઉં છું. વિકાર જન્મે છે, ત્યારે મેં એમની પાસે દોડી જઈને કહ્યું, સર, મને મારી માતાને આપેલું વચન યાદ આવે છે. મારે ચલાયમાન થવું નથી. મને એટલું કહો કે શી જરૂર છે આવાં ચિત્રો બનાવવાની! તો હસીને એમણે એમના એક મેડિકલ સર્જન મિત્રનો દાખલો આપ્યો. કહ્યું કે એમને કોઈ પણ સ્ત્રીને જોઈને એમાં કોઈ ને કોઈ બીમારી જ દેખાય છે. જ્યારે મને એ જ સુંદર સ્ત્રી જોઈને એમ થાય છે કે આહા, હું એનું સુંદર ચિત્ર બનાવી શકું તો કેવું? આમ જો તમે કલાકાર હો તો કોઈ પણ સ્ત્રીને એની ચિત્રાત્મક રંગ-રેખા અને આકારમાં જ જુઓ. એમની આ વાતથી મને એક નવી જ દૃષ્ટિ મળી.' બોલતાં-બોલતાં એ જરા વિચારોમાં ગરકાવ થઈ ગયા.

થોડી વારે સમાધિમાંથી ઝબકીને જાગ્યા! બોલ્યાઃ 'એ પછી હું વેસ્ટ મિન્સ્ટર પાર્લમેન્ટ હાઉસમાં દીવાલો પરનાં મ્યુરલ્સ (ભીતચિત્રો) રીસ્ટોર થતાં હતાં તે જોવા ગયો. સર ફ્રેન્કબેંગ્વિન એ કરતા હતા. વિશાળ કદનાં ચિત્રો હતાં. એની ટેક્નિક જાણવા રોમના બે વાર ફેરા થયા અને એ પછી હું જર્મની ગયો ને ડૉ. ઓ. ઝેડ. ફ્યુએલરની પાસેથી આ કળા શીખ્યો, પણ તે પહેલાં મને ભીંતચિત્રો બનાવવામાં પણ ઊંડો રસ પડી ગયો ને મેં ભારત આવીને અનેક મ્યુરલ્સ બનાવ્યાં. સૌથી મોટું મેં મારા ભાઈ માટે બનાવેલું. જ્યારે પ્રથમ મ્યુરલ મેં જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીમાં ધન્વન્તરી મંદિરનું કર્યું. ત્રણ ચિત્રો કર્યાં. એથીય મહત્ત્વનું કામ રાષ્ટ્રપતિ ભવન દિલ્હીમાં સૌરાષ્ટ્રની સંસ્કૃતિનો પૂરો ખ્યાલ આપે તેવો ઓરડો બનાવવાનું હતું, તે મેં કર્યું. તેમાં મારે ગોંડલમાં બનતો ગાલીચો બનાવવા માટે ગોંડલના જ કેટલાક ગાલીચા-કારીગરો ઉત્તર પ્રદેશના મિરઝાપુરમાં જઈને વસેલા, તેમને શોધી લાવવા પડેલા. આખો ઓરડો બનાવતાં ઘણો સમય લાગેલો. આજે તે ઓરડો 'દ્વારકા-સ્યુઇટ' તરીકે ઓળખાય છે. અશોક હોટલના ડાઇનિંગ હૉલમાં પણ એક મોટું મ્યુરલ મેં બનાવેલું છે. મારા ૧૯૩૦થી શરૂ કરીને ૧૯૭૫ સુધીના કામ તરફ નજર કરશો તો સમજાશે કે મેં વિવિધ પ્રકારની શૈલી, ફૉર્મ્સ અને સંયોજનોમાં કામ કર્યું છે. મારા વિષયોની પસંદગીમાં પણ માત્ર વૈવિધ્ય નહીં, મારા ચોક્કસ દર્શનની છાંખી થશે.'

ક્યાં લાઠી? ક્યાં કોડાઈ કૅનાલ? ક્યાં ઇંગ્લૅન્ડ, રોમ? ક્યાં ફ્રાંસ? ક્યાં જર્મની? ને ક્યાં ભાવનગર સરદારનગરમાંની પ્રભાત સોસાયટીનો અલાયદો નિવાસ? નવજુવાન પુત્ર સ્વિમિંગ બાથમાં નહાવા ગયો અને ખોયો. વર્ષોથી બીમારી અને સાત ઑપરેશનો, હાર્ટના દર્દી, કોઈ કહે કે કૅન્સરના દર્દી, છતાં દવા ન લેવી. મોજથી જીવવું, સાંજ પડે અને એક વૃક્ષને જોયા કરવું. સંગીતના શોખીન, સિતારિસ્ટ અને ચિત્રકામમાં પણ રસ લેતાં પત્ની પ્રવીણકુમારીબા સાથે જીવનની સંધ્યાના રંગો પણ પ્રસન્નતાપૂર્વક જોવા અને એ રીતે ક્યારેક કોઈ મનગમતા વિદેશી પતંગિયાની પાંખોની હૃદયે છપાઈ ગયેલી રંગોળીને એમના હૃદય પર 'રીસ્ટોર' કરીને જીવવું. કશું ભૂલવું નહીં. બધું યાદ રાખવું. છતાં પીડાવું નહીં. ને જીવવું ને જીવવું ને જીવવું. હવે કુમાર મંગલસિંહજી ઑફ લાઠીના જીવનને સંસ્કૃતના કયા સુભાષિતમાં પરોવવું ? જોકે કુમાર મંગલસિંહજીએ તો ૧૯૮૫ની સાલમાં વિદાય લીધી.

*વિશેષ નોંધ - કુમાર મંગલસિંહજીની સાલ ૧૯૮૩ની આસપાસ મેં લીધેલી ટૂંકી મુલાકાતનાં ટાંચણો ઉપર આ લેખ આધારિત છે. તેમના ભારતમાંના ગુરુઓ અને સહાયકો વિશેની વધુ ઝીણી વિગતો તો નેટ પરથી મળી શકે, આમાં માત્ર તેમના વ્યક્તિત્વની એક ઝલક જ આપવાનો આશય છે, ઇતિહાસમાં ઊતરવાનો નહીં.*

*- લેખક*

**(સૌજન્ય** : 'નવનીત-સમર્પણ' ઑક્ટોબર ૨૦૨૨, પૃ. ૪૫-૫૦, રજનીકુમાર પંડ્યાની અનુમતિથી સાભાર) **(તસવીર સૌજન્ય** : કવિ કલાપી વિશેના માહિતીસંદૂકએવા રાજેશ પટેલ (મુંબઈ)

# મોટા પદાર્થો અને સર્વશ્રેષ્ઠ પ્રમેયો

## (Big Bodies and Superb Theorems)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**


ન્યૂટને અત્યાર સુધી બિંદુ કે કણનો જ અભ્યાસ કર્યો છે. બિંદુ કે કણનો વિચાર કરીએ ત્યારે તેના કદનો વિચાર કરતા નથી. તેમનું સ્થાન યામોથી દર્શાવી શકાય છે. આથી વધારે આગળ જવાની ન્યૂટનને જરૂરિયાત લાગી. જરૂરથી યંત્રશાસ્ત્ર માટે બિંદુ કે કણ ખૂબ જ અગત્યના છે. હવે ન્યૂટન આની બહાર જાય છે. ન્યૂટનને મોટા પદાર્થો જોડે કઈ રીતે કામ કરવું તેની ચિંતાથી ન્યૂટન પ્રિન્સિપિયાનું લખવાનું પણ ધીરું થઈ ગયેલું. ન્યૂટન ત્રીજા પુસ્તકમાં આ પ્રશ્ન હાથ ઉપર લઈને તેનો ઉકેલ આપે છે.

ન્યૂટન મોટા પદાર્થોના નાના કણો ઉપર લાગતા બળો વગેરે લઈને આ બધાનો સરવાળો કરીને મોટા પદાર્થોના પ્રશ્નોના ઉકેલ મેળવી શકાય. કોઈ વખત ભૂમિતિની રીતો કે લક્ષની રીતો લઈને પણ મેળવે છે. ન્યૂટન ગોલીય કાચલીથી (Spherical shell) આકર્ષતા કણોથી શરૂ કરે છે અને પછી નક્કર ગોળાથી આર્ષાતા કણોનો અભ્યાસ કરે છે. બળોની વાત કરીએ તો વ્યસ્ત વર્ગના ઉપર આધારિત બળોનો સામાન્ય રીતે અભ્યાસ કરે છે.

**પ્રમેય ૭૦ :**

If to every point of a spherical surface there tend equal centripetal forces decreasing as the square of the distances from those points, I say, that a Corpuscle placed within that surface will not be attracted by those forces any way.

જો ગોલીય પૃષ્ઠ (Spherical Surface) ઉપરના દરેક બિંદુએ સરખું કેન્દ્રગામી બળ જે અંતરના વર્ગના પ્રમાણમાં ઘટે છે, કહું જો કોઈ કણ ગોલીય પૃષ્ઠની અંદર રાખ્યું હોય તો તે કણ કેન્દ્રગામી બળોથી આકર્ષાશે નહિ.




HIKL ગોલીય પાયા છે. આ ગોલીય પૃષ્ઠની અંદર કોઈ પણ P બિંદુએ કણ છે જેને માટે ન્યૂટન Corpuscle શબ્દ વાપરે છે. Pમાંથી પસાર થતી સુરેખા જે વર્તુલને I અને L બિંદુઓએ છેદે છે તે દોરીએ. $\angle IPH$ ખૂબ જ નાનો ખૂણો બને તે રીતે Pમાંથી પસાર થતી બીજી સુરેખા PK દોરીએ. $\angle IPH$ ખૂબ જ નાનો ખૂણો હોઈને $PK \approx PL$ અને $PH \approx IP$ કહી શકાય. આથી $\Delta PHI \equiv \Delta PKL$

$$\frac{HI}{HP} = \frac{KL}{PK} \qquad \therefore \frac{HI^2}{HP^2} = \frac{KL^2}{PK^2} (1)$$

આપણે IPHને શંકુ ગણીએ તો શંકુના પાયાનું ક્ષેત્રફળ જેને ટૂંકમાં આપણે ક્ષેત્રફળ IHથી દર્શાવીશું =

$\pi\left(IH/2\right)^2 = \pi/4\, IH^2$ થાય. આ જ રીતે શંકુ KPLના પાયાનું ક્ષેત્રફળ જેને આપણે ક્ષેત્રફળ KLથી દર્શાવીશું

અને તેની કિંમત $\pi\left(\frac{KL}{2}\right)^2$ થશે.

આથી $\frac{\text{ક્ષેત્રફળ } IH}{\text{ક્ષેત્રફળ } KL} = \frac{IH^2}{KL^2}$ છે.

P બિંદુએ વ્યાસ IHથી બનતા વર્તુલના કારણે લાગતું આકર્ષણબળ

$= \frac{\text{અચળ x ક્ષેત્રફળ } IH}{HP^2}$. આ જ પ્રમાણે P બિંદુએ વર્તુળ KLના કારણે લાગતું

આકર્ષણબળ $= \frac{\text{અચળ x ક્ષેત્રફળ } KL}{PL^2}$. આથી

$$\frac{\text{P બિંદુએ વર્તુળ IHના કારણે લાગતું આકર્ષણ બળ}}{\text{P બિંદુએ વર્તુળ KLના કારણે લાગતું આકર્ષણ બળ}}$$

$$= \frac{\text{ક્ષેત્રફળ } IH}{HP^2} \times \frac{PL^2}{\text{ક્ષેત્રફળ } KL} = \frac{PL^2}{HP^2} \times \frac{\text{ક્ષેત્રફળ } IH}{\text{ક્ષેત્રફળ } KL}$$

$$= \frac{PL^2}{HP^2} \times \frac{IH^2}{KL^2} = \frac{PL^2}{HP^2} \times \frac{HP^2}{PK^2} \qquad (\because 1)$$

$$= 1 \;(\because PK \approx PL)$$

આમ P બિંદુએ લાગતાં આકર્ષક બળો સરખાં છે અને સામસામી દિશામાં હોઈને IH અને LKના કારણે લાગતાં આકર્ષણો O છે. આ જ રીતે Pમાંથી દોરેલ શંકુની અને ગોલીય પૃષ્ઠના છેદતાં ક્ષેત્રફળો એકસરખાં આકર્ષકબળો P બિંદુએ લાગે છે, પણ સામસામી દિશામાં. આથી P બિંદુએ આ નવાં ક્ષેત્રફળોનાં લાગતાં આકર્ષક બળો સામસામી દિશામાં હોઈને ૦ આકર્ષક બળો લાગે છે. આ બધા ગોલીય પૃષ્ઠના ઉપરનાં ક્ષેત્રફળો P બિંદુએ આકર્ષણબળ ૦ આપે છે.

**પ્રમેય ૭૧ :**

The Same thing supposed as above, I say that a corpuscle placed without the spherical surface is attracted towards the centre of the sphere with a force inversely proportional to the square of its distance from the center.

ધારો કે અગાઉ આપ્યા પ્રમાણે વસ્તુઓ છે, હું કહું છું કે ગોલક પૃષ્ઠની બહાર P બિંદુએ કણ રાખીએ તો તે કણ ગોલકના કેન્દ્ર તરફ આકર્ષાય છે અને આ બળ કણના કેન્દ્રથી અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં હોય છે.

AHKB અને ahkb બે સરખા ગોલક પૃષ્ઠો છે, જેમના કેન્દ્રો S અને s છે. AB અને ab વ્યાસો છે. વ્યાસો BA અને ba લંબાવતાં કેન્દ્રો S અને sથી સરખા અંતરે આવેલાં P અને p બિંદુઓ ઉપર સરખા કણો ગોલાકની બહાર છે. Pમાંથી PHK અને તેની તદ્દન નજીક સુરેખા PIL દોરીએ. pમાંથી આ સુરેખાઓને સમાંતર phk અને pil સુરેખાઓ દોરીએ. આના કારણે ચાપ HK = ચાપ hk. SD $\perp$ PK, sd $\perp$ pk દોરો જે

PLને F અને plને fમાં છેદે છે. SE $\perp$ PL, se $\perp$ plને દોરો.

$\therefore$ HK = hk, IL = il, SD = sd, SE = se.

DF = Ds = FS = ds = fs = df.

ir $\perp$ pr અને IR $\perp$ PK.

$\Delta$PRT અને $\Delta$PDFમાં

$\angle$PDF = $\angle$PRI=૯૦° અને $\angle$IPR = $\angle$FPD

$\therefore$ $\Delta$PRI $\equiv$ $\Delta$PDF. એ જ રીતે $\Delta$pri $\equiv$ $\Delta$pdf

$$\therefore \frac{PI}{PF}=\frac{RI}{DF} \qquad (૧)$$

$$\therefore \frac{pi}{pf}=\frac{li}{df} \qquad (૨)$$

(૧) અને (૨)નો ગુણાકાર કરતાં

$$\frac{PI}{PF}\times\frac{Pf}{pi}=\frac{RI}{DF}\times\frac{df}{ri}=\frac{RI}{ri}\approx\frac{HI}{hi}$$


$$\Delta PIQ \equiv \Delta PSE \text{ અને } \Delta piq \equiv \Delta pse$$


$$\therefore \frac{PI}{PS}=\frac{IQ}{SE} \qquad (૩)$$

$$\therefore \frac{pi}{ps}=\frac{iq}{se} \qquad (૪)$$

(૩) અને (૪)નો ગુણાકાર કરતાં

$$\frac{PI}{PS}\times\frac{ps}{pi}=\frac{IQ}{SE}\times\frac{se}{iq}=\frac{IQ}{iq} \qquad (૫)$$




(A) અને (૫)નો ગુણાકાર કરતાં


$$\frac{PI^2}{PF}\times\frac{pf}{pi}\times\frac{1}{PS}\times\frac{ps}{pi}=\frac{PI^2\times pf\times ps}{pi^2\times PF\times PS}=\frac{HI}{hi}\times\frac{QI}{iq} \qquad (૬)$$

ચાપ IHને ABની આસપાસ ફેરવતાં જે કદ મળે તેની કિંમત HIxIQના પ્રમાણસર છે. આ પૃષ્ઠો P બિંદુએ આવેલા કણને કેન્દ્રગામી બળ $F_2$ થી આકર્ષે છે. $F_1$ બરાબર અચળ/ અંતરનો વર્ગ = અચળ/$PI^2$ થાય. આ જ પ્રમાણે બીજા ગોલકના પૃષ્ઠની બહાર q બિંદુએ આવેલા કણને કેન્દ્રગામી બળ $F_2$થી આકર્ષે છે. $F_2$ = અચળ/$pi^2$ થાય.

આપણી પાસે $\frac{F_1}{F_2}=\frac{pi^2}{PI^2}$ છે.

(૬)માં HI=hi, QI=qi હોઈને

$$\frac{pi^2}{PI^2}=\frac{pf\times ps}{PF\times PS}=\frac{F_1}{F_2}$$

આપણે PSની દિશામાં લાગતા બળની જરૂરિયાત હોઈને 

આપણી પાસે

$$\frac{F_1COS\theta_1}{F_2COS\theta_2}=\frac{F_1\,{}^{PQ}\!/_{PI}}{F_2\,{}^{pq}\!/_{pi}}=\frac{pf\times ps}{PF\times PS}\times\frac{PQ}{pq}\times\frac{pi}{PI}$$

$\Delta PIQ \equiv \Delta PSF$ $\Delta pig \equiv \Delta psf$

$\therefore \frac{PS}{PF}=\frac{PI}{PQ}$ $\frac{ps}{pf}=\frac{pi}{pq}$

હોઈને (૪)માં મૂકતાં

$$\frac{F_1COS\theta}{F_2COS\theta}=\frac{pf\times ps}{PF\times PS}\times\frac{PQ}{pq}\times\frac{pq\times ps}{pf}\times\frac{PF}{PS\times PQ}$$

$=\frac{ps^2}{PS^2}$ આપણે $F_2$ કણ Pએ લાગતા કેન્દ્રગામી બળ માટે લઈએ તો $f_1 = F_1\ COS\theta_1$ થશે અને એ જ પ્રમાણે $f_2$ કણ p ઉપર લાગતા કેન્દ્રગામી બળ માટે લઈએ તો $f_2 = F_2\,COS\theta_2$ થશે, આથી


$$\frac{f_1}{f_2}=\frac{ps^2}{PS^2}$$

**પ્રમેય ૭૨ :**

If to the several points of a Sphere there tend equal centripetal forces decreasing as the square of the distances from those points, and there be given both the density of the sphre and the ratio of the diameter of the sphere to the distance of the corpuscle from its center; I Say, that the force with which the corpuscle is attracted is proportional to the semi diameter of the Sphere.

ગોલકનાં ઘણાં બિંદુઓએ સરખાં કેન્દ્રગામી બળો જે બિંદુઓથી અંતરના વર્ગના પ્રમાણમાં ઘટે છે; અને ગોલકની ઘનતા અને ગોલકના વ્યાસનો અને કણના કેન્દ્રથી અંતરનો ગુણોત્તર આપ્યાં છે; હું કહું છું કે કણ જે આકર્ષણ બળથી આકર્ષાય છે તે ગોલકની ત્રિજ્યાના પ્રમાણસર છે.

એક જ પ્રકારની સરખી ઘનતાવાળા અને ત્રિજ્યાઓ $R_1$ અને $R_2$ વાળા બે ગોલકો છે. $C_1$ અને $C_2$ ગોલકનાં કેન્દ્રો છે. બે સરખા દ્રવ્યવાળા બે કણો $P_1$ અને $P_2$ છે કે જેથી $\frac{C_1P_1}{C_2P_2}=\frac{R_1}{R_2}$ થાય.





બે ગોલકોની અંદર $p_1$ અને $p_2$ બિંદુઓએ કણોછે કે જેથી $\frac{p_1P_1}{p_2P_2}=\frac{R_1}{R_2}$ છે. $P_1$ ને $P_1$ બિંદુ $f_1$, આકર્ષણબળથી આકર્ષે છે અને એ જ પ્રમાણે $P_2$ ને $p_2$ બિંદુ $f_2$ આકર્ષણબળથી આકર્ષે છે. આથી

$$\frac{f_1}{f_2}=\frac{1}{(P_1p_1)^2}\bullet\frac{(P_2p_2)^2}{1}=\frac{R_2^{\ 2}}{R_1^{\ 2}}$$ થાય.

બંને ગોલકોમાં આવેલાં દરેક બે બિંદુઓ માટે આવો ગુણોત્તર મેળવી શકાય. આથી ગોલકો ઉપર લાગતા આકર્ષણબળો $F_1$ અને $F_2$ ગોલકોમાં રહેલા કુલ્લે $N_1$ અને $N_2$ કણો ઉપર આધારિત છે. આપણી ધારણા પ્રમાણે સૂક્ષ્મ કણો સરખા ઘનફળના હોઈને $\frac{N_1}{N_2}=\frac{R_1^{\ 3}}{R_2^{\ 3}}$ • આથી બંને ગોલકો ઉપર $P_1$ અને $P_2$ જે આકર્ષણબળથી આકર્ષાય છે તેનો ગુણોત્તર $\frac{F_1}{F_2}=\frac{N_1f_1}{N_2f_2}=\frac{R_1^{\ 3}}{R_2^{\ 3}}\times\frac{R_2^{\ 2}}{R_1^{\ 2}}=\frac{R_1}{R_2}$ છે. આ જોઈતું પરિણામ છે.

**પ્રમેય ૭૩ :**




It to the several points of a given sphere there tend equal centripetal forces decreasing as the square of the distances from the points, I Say, that a Corpuscle placed within the sphere is attracat by a force proportional to its distance from the centre.

જો આપેલા ગોલકના ઘણાં બિંદુઓ એ સરખા કેન્દ્રગામી બળો જે બિંદુઓથી અંતરના વર્ગના પ્રમાણમાં ઘટે છે. હું કહું છું કે ગોલકની અંદર મૂકેલ કણ કેન્દ્રથી અંતરના પ્રમાણસર બળથી આકર્ષાય છે.

સમપરિણામ (Homogeneous) ગોલક ACBD જેના દરેક બિંદુ કેન્દ્રગામી બળનું કેન્દ્ર છે અને કેન્દ્રગામી બળ કેન્દ્રથી અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે. આ આપેલું છે. આપણને ગોલકની અંદર કોઈ પણ બિંદુ P આપેલું છે. આપણે આ P બિંદુએ રહેલા કણને લાગતું બળ શોધવું છે. Pમાંથી પસાર થતું અને ACBDને સમકેન્દ્રીય વર્તુલ PEQF દોરો. P બિંદુ ACBD અને PEQFની અંદર આવેલું હોઈને પ્રમેય ૭૦ના કારણે આ ભાગની કણને કોઈ અસર નથી. હવે ગોલકનો અંદરનો ભાગ EQF જેની ત્રિજ્યા r હોય તો તે ગોળાની બહાર કણ હોઈને પ્રમેય ૭૨થી કણને લાગતું આકર્ષણબળ PSના પ્રમાણસર છે.


**પ્રમેય ૭૪ :**

The Same things supposed, I say, that a corpuscle situated without the sphere is attracted with a force inversely proportional to the square of its distance from the centre.

ધારો કે અગાઉ આપ્યા પ્રમાણે વસ્તુઓ છે, હું કહું છું કે ગોલકની બહાર બિંદુએ કણ રાખીએ તો તે કણ કેન્દ્રથી અંતરના વર્ગના વ્યસ્તના પ્રમાણમાં પ્રમેય ૭૧થી આકર્ષાય છે. એ જ રીતે બીજા ગોલકીય પૃષ્ઠથી કણને લાગતું આકર્ષણબળ પણ ગોલકના કેન્દ્રથી કણના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં પ્રમેય ૭૧થી છે. આ જ રીતે બાકીનાં ગોલકીય પૃષ્ઠોના કારણે લાગતાં આકર્ષણબળો પણ ગોલકના કેન્દ્રથી કણના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે. બધી રકમોમાં છેદ સરખો હોઈને, અંશનો સરવાળો કરતાં કણ ઉપર ગોલકથી લાગતું આકર્ષણ બળ મળે જેમાં છેદ કેન્દ્ર અને કણ વચ્ચેના અંતરનો વર્ગ જ છે.


**પ્રમેય ૭૫ :**

If to the several points of a given sphere there tend equal centripetal forces decreasing as the square of the distances from the point, I say, that another similar sphere will be attractad by it with a force inversely proportional to the Square of the distance of the centers.




આપેલા ગોલકના દરેક બિંદુએ સરખું કેન્દ્રગામી બળ લાગે છે જે બિન્દુઓથી અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં ઘટે છે. હું કહું છું કે આ ગોલક બીજા કોઈ સમઘાત ગોલકને બંને કેન્દ્રોના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણ આકર્ષણ બળથી આકર્ષે છે.

આપણે પ્રમેય ૭૪માં બતાવેલું કે ગોળાની બહાર આપેલા p બિંદુએ રાખેલા કણને ગોળાનું આકર્ષણ બળ $F = \frac{CM}{r^2}$ જ્યાં C, M અચળો છે r એ p બિંદુએ આવેલા કણનું ગોળાના કેન્દ્રથી અંતર છે. આથી આખા ગોળાથી લાગતું આકર્ષણબળ 'ગોળાના કેન્દ્રમાં રાખેલા કણમાંથી આવતું લાગે છે' આખા ગોળાથી લાગતા આકર્ષણ બળ બરાબર કેન્દ્રમાં રાખેલા કણના આકર્ષણ બળ બરાબર છે. આપણે બીજા ગોળો પહેલાના જ ગોળાના બરાબર લઈએ.




C બિંદુએ આપણે કણ લઈએ જેના આકર્ષણ બળ બરાબર ગોળાનું આકર્ષણ બળ છે. આથી બીજા ગોળાનું C બિંદુએ રહેલા કણ ઉપર લાગતા આકર્ષણ બળ બરાબર $M^2/D^2$ જ્યાં D એ બંને ગોળાઓના કેન્દ્રો વચ્ચેનું અંતર છે.


નોંધ : આ પ્રમેયમાં ગોળાઓની ઘનતા ત્રિજ્યાની દિશામાં બદલાતી રહે છે. પૃથ્વીના ઉપરના સ્થરમાં હવાની ઘનતા બદલાતી રહે છે. કેન્દ્રથી પરિઘની ત્રિજ્યાનો વ્યસ્ત લેતાં બંને ગોળાઓમાં ૦થી ૧ સુધીની કિંમતો મળે છે. આમાંની કોઈ પણ કિંમત લઈને ગોળાઓ ઉપર જગ્યા નક્કી થાય. આ જગ્યાએ બંને ગોળાઓમાં ઘનતા

અને આકર્ષક બળની કિંમત સરખી છે. આ જગ્યાએ વર્તુલ દોરીએ તો આ વર્તુળ ઉપર બંને ગોળાઓમાં ઘનતા અને આકર્ષક બળની કિંમત સરખી છે.

**પ્રમેય ૭૬ :**

If spheres be however dissimilar (as to density of matter and attractive force), in the same ratio onwards from the centre to the circumference, but every where similar, at every given distance from the centre, on all sides round about; and the attractive force of every point decreases as the square of the distance of the centres.

જો ગોળાઓ ગમે તેટલા ભિન્ન હોય (દ્રવ્યમાનની ઘનતા અને આકર્ષક બળ) પણ કેન્દ્રથી પરિઘનો ગુણોત્તર બંને ગોળાઓનો સરખો છે; કેન્દ્રથી આવેલા દરેક અંતરે, બધી બાજુએ અને આજુબાજુમાં બધે જ સમાન છે અને દરેક બિંદુએ લાગતું આકર્ષક બળ આકર્ષાતા પદાર્થના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે; હું કહું છું કે બળ જે એક ગોળો બીજા ગોળાને આકર્ષે છે તે બંને કેન્દ્રોના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે.




બે ગોળાઓ જેની ઘનતા ગોલીય સંમિત (Spherically Symmetric) વિભાજીત (Distributed) છે. આપણે ગોળાને N સમકેન્દ્રીય ગોળાઓમાં વહેંચી દઈએ જેમાં કેન્દ્રનો ગોળો S છે અને તેનું દ્રવ્ય $\Delta M_{\square}$ છે. અને પછી ગોલાકીય કાચલીઓ (spherical Cells) જેમનાં દ્રવ્યો $\Delta M_1, \Delta M_2, ...\Delta M_n$ છે. આ જ પ્રમાણે બીજા ગોળામાં કેન્દ્રીય ગોળો s છે અને તેનું દ્રવ્ય $\delta M_{\square}$ છે. આ પછીના ગોલાકીય કાચલીઓ જેમનાં દ્રવ્યો $\delta M_1, \delta M_2, ..., \delta M_n$ છે. હવે આપણે બંને ગોળાઓનાં આકર્ષણ બળ શોધીએ.

પહેલા ગોળાની કાચલી i જેનું દ્રવ્ય $\Delta M_i$ છે તે લઈએ. આનું આકર્ષણ બળ બીજા ગોળાની કાચલી k જેનું દ્રવ્ય $\Delta M_k$ છે તે પ્રમેય ૭૫થી $\dfrac{G\Delta M_i \delta m_k}{D^2}$ છે

જ્યાં G અચળ છે અને D બંને ગોળાઓના કેન્દ્રો વચ્ચેનું અંતર છે. હવે બીજા ગોળાની બધી કાચલીઓનું અને પહેલા ગોળાની કાચલી i વચ્ચેનું આકર્ષણ બળ $G = \dfrac{\Delta M_i \sum_{k=0}^{n} \delta m_k}{D^2}$ છે.

હવે પહેલા ગોળાની બધી કાચલીઓ અને બીજા ગોળાની બધી કાચલીઓ વચ્ચેનું આકર્ષણ બળ

$$F\left(\sum_{i=0}^{n}\Delta M_i, \sum_{k=0}^{n}\delta M_k\right)=\frac{G}{D^2}\left[\sum_{i=0}^{n}\Delta M_i\left(\sum_{k=0}^{n}\delta M_k\right)\right]$$

હવે ગોળાઓની સંખ્યા વધારીએ અને $n \to \infty$ લઈએ તો

$$\lim_{n\to\infty} F\left(\sum_{i=0}^{n}\Delta M_i, \sum_{k=0}^{n}\delta M_k\right)= F\,(m_1 m)=\frac{G}{D^2}\lim_{n\to\infty}\left[\sum_{i=0}^{n}\Delta M_i,\left(\sum_{k=0}^{n}\delta M_k\right)\right]$$

$$=\frac{GMm}{D^2}$$

જ્યાં M અને m બંને ગોળાઓનાં દ્રવ્યો છે.

બીજા બળો

વ્યસ્ત વર્ગ બળ આપણા માટે અગત્યનું છે. પ્રમેય ૭૭ અને ૭૮માં સુરેખ આકર્ષણ બળ લઈને મળતા પરિણામો છે. જો ગોળાઓ સુરેખ આકર્ષણ બળથી કણને આકર્ષતા હોય તેવા કણોનો બનેલા હોય તો આવા ગોળાઓ એક બીજાને આકર્ષે છે અને આકર્ષણ બળ બંને ગોળાઓના કેન્દ્રોને જોડતા અંતર ઉપર આધારિત છે. બધા જ પ્રકારના બળોને આવરી લેતું ખરેખર અગત્યનું પ્રમેય ૮૦ છે.

**પ્રમેય ૮૦**

If equal centripetal forces tend toward each of the individual equal paricles of some sphere ABE, described about a center S, and if from each of the individual points D to the axis AB or the sphere in which some corpuscle P is located, there are erected the perpendiculars DE, meeting the sphere in the points E; and if on those perpendiculars, the length DN are taken, which are jointly as the quantity $\frac{DE^2 \times PS}{PE}$ and as the force that a particle of the sphere, located on the axis, exerts at the distance PE upon the corpuscle P; then I Say that the total force with which the corpucle P is attracted toward the sphere is as the area ANB comprehended by the axis AB of the spheres and the curved line ANB, which the point N traces out.

જો કોઈ ગોળા ABE જેનું વર્ણન તેના કેન્દ્ર Sથી કરી શકાય અને તેના સરખા કેન્દ્રગામી બળોનો ત્રોક અટૂલ સરખા કણોના ઉપર છે, અને જો ગોળાની ધરી AB ઉપરના દરેક જુદાજુદા એકલા બિંદુઓ D છે, ઉપરાંત ધરી ઉપરના કોઈ બિંદુ Pએ કણ આપેલો છે, ધરી ઉપરના બિંદુ D એ લંબ ઊભો કરીએ જે ગોળાને Eમાં મળે છે; આ લંબને લંબાવતાં લંબાઈ DN લઈએ જેથી તેની લંબાઈ $\frac{DE^2 \times PS}{PE}$ થાય અને ધરી ઉપરના કણનું આકર્ષણબળ P બિંદુએ આવેલા કણની ઉપર PEની દિશામાં લાગે છે; ત્યારે હું કહું છું કે P બિંદુએ આવેલ કણ ગોળા તરફ જે આકર્ષણ બળથી ખેંચાશે તે આકર્ષણ બળ ક્ષેત્રફળ ANB છે જેમાં ધરી ABનો સમાવેશ થાય છે અને વક્રરેખા ANB બિંદુ N દોરે છે.

ગોળા ABની ધરીને સરખા નાના કણો Dd... અને આખા ગોળાને Efce જેવા spherical concave

convex laminaમાં વહેંચી લઈએ. Lamina EFfe, P કણને આકર્ષણ બળ $DE^2 x Ef$થી આકર્ષે છે.

(પ્રમેય ૭૯) અને લેમા ૨૯થી $\frac{DD}{Ef}=\frac{PE}{PS}$ હોઈને $Ef=\frac{Dd \times PS}{PE}$.

Pકણને EFfe આકર્ષતુ આકર્ષણ બળ

$$= DE^2 \times Ef = DE^2 \times \frac{Dd \times PS}{PE} = \mathbf{Dd} \qquad \frac{DE^2 \times PS}{PE}$$

= Dd x DN

= ક્ષેત્રફળ DNndનું ક્ષેત્રફળ.

આથી P બિંદુએ લાગતા બધા બળોનો સરવાળો DNnd જેવા બધાં ક્ષેત્રફળોનો સરવાળો છે, જે ANBનું ક્ષેત્રફળ છે.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે.

(૧) Chandrasekhar S. Newton's Principia for the common Reader, Oxford clarendon press, 1995.

(૨) Cohen I. A Guinde to Newton's principia, Berkeley, University of Califonia Press, 1999.

(૩) Pask Colin. Magnificient Princpia, Prometheus Books, Amhrest, Newyork 14228, 2019.

**– વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરથા, તા.જી. ગાંધીનગર

મો. 94280 19042

## કાળજયી

મુંબઈમાં 'હું નથુરામ ગોડસે બોલું છું' – એ મરાઠી નાટકે દેશભરમાં સારી હલચલ પેદા કરેલી. મહાપુરુષોને વામણા ચીતરી પ્રજામાં પ્રસિદ્ધિ મેળવવાની તરકીબ જાણીતી છે. સામેની લીટી ભૂંસીને ટૂંકી કરવાને બદલે પોતાની લીટી તેનાથી લાંબી કાઢવાનો પડકાર જેઓ ઉઠાવી શકતા નથી તેઓ આવાં અટકચાળાં કરે છે. રાષ્ટ્રપિતાની મજાક કરનારા તો ગણતરીબાજ છે, પણ તે મજાક મૂંગે મોઢે સહી લેનારાયે કાં ભીરુ છે, કાં અજ્ઞાની છે, કાં રાષ્ટ્રપ્રેમી નથી.

ગાંધીજી તો રાષ્ટ્રપિતા હતા ને ? તેમની આંખમાં હિંદુ શું ને મુસલમાન શું ? હિંદુસ્તાન શું ને પાકિસ્તાન શું ? મિત્ર કોણ ને વેરી કોણ ? ઊંચ શું ને નીચ શું ? તેમની કરૂણા માત્ર પોતીકા ઉપર જ નહોતી વરસતી, વિરોધીઓ ઉપર પણ તેનો અભિષેક થતો. તેઓ તો વૃક્ષ જેવા હતા, કાપનાર ઉપર ક્રોધ નહીં ને સિંચનાર પર સ્નેહ નહીં. જાતે તાપ વેઠીને બીજાઓને ટાઢક કરતા. વળી, માવતરને નાનું, માંદું વધારે વહાલું હોય તેમ લઘુમતી, સ્ત્રીઓ, અસ્પૃશ્યો, ગરીબો પ્રત્યે તેમનો પક્ષપાત રહેતો, તે તો તેમનું રાષ્ટ્રપિતૃત્વ જ પુરવાર કરે છે ને !

વિશ્વના ટોચના દાર્શનિકો, વિજ્ઞાનીઓ, શાંતિવાદીઓ ગાંધી વિચારને જ આજના વિશ્વના અને માનવ સામેના પ્રશ્નોના ઉકેલરૂપે જુએ છે.

કાળપ્રવાહમાં સૌ તણાવાના છે. રાજપુરૂષો ને માલદારોને કોઈ યાદ નથી કરતું. જાહેર જીવનમાં થોડાં છબછબિયાં કરીને તેઓ કાળની ગર્તામાં ગૂમ થઈ જાય છે. સેંકડો-હજારો વર્ષ પછીયે લોકો યાક કરે છે તો રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઈસુ, મહમદ, કબીર, ગાંધીને જ ને!

જીવનની સમગ્રતા વિના ઉપરચોટિયા બૌદ્ધિક વાદ-વિવાદોમાં રાચનારાં ને ધર્મ-નીતિના ઓઠા નીચે રાજકરણ ખેલનારા ગાંધીના ચરણની રજ બરાબર પણ લાગે છે ખરાં?

**– જગદીશ શાહ**

**(ભૂમિપુત્ર, ૧-૮-૧૯૯૮)**

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**હું હતો ત્યારે : સંવેદનકથા / સંધ્યા ભટ્ટ.** અમદાવાદ : જોય એન્ટરપ્રાઈઝ; વિક્રેતા : ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., ૨૦૧૯. ૧૨૮ પૃ. કિં. રૂ. ૧૪૦. ISBN : ૯૭૮-૮૧-૯૩૩૦૪૩-૯-૬

પ્રસ્તુત પુસ્તકમાં લેખિકાએ પોતાનો પ્રથમ પુત્ર રોહન (૧૯૯૩-૨૦૦૯) કે જે કિશોરાવસ્થા વટાવીને યૌવનના ઊંબરે પગ માંડતાં જ ગમખ્વાર અકસ્માતનો ભોગ બનતાં પરલોક સિધાવી જતાં પ્રાપ્ત હૃદયવેધક કલ્પાંતને શ્લોકમાં પરિવર્તિત કરીને તેની વહાલભરી સંવેદનશીલ સ્મૃતિઓને - હૃદયોર્મિઓને શબ્દદેહ સ્વરૂપે સદ્‌ગત પુત્રને ચિરંજીવ બનાવ્યો છે, જેમાં માતૃત્વ, સર્જકત્વ અને શિક્ષકત્વના સુભગ સમન્વયનો રણકાર ધબકી રહયો છે. આ સાથે જ લેખિકાનાં બાળમનોવિજ્ઞાનનાં અભ્યાસી પાસાનાં પણ સહજમાં દર્શન થાય છે. લેખિકાએ એક નવતર પ્રયોગ તરીકે પોતાના પુત્રની સ્મૃતિકથા-આદિથી અંતસુધી - તત્કાલીન સામાજિક-શૈક્ષણિક- નગરજીવનના પર્યાવરણ સાથે તેના મુખે જ કહેવડાવીને દિવંગત પુત્રની આત્મકથા તરીકે રજૂ કરી છે. જેની પ્રતીતિ ગ્રંથારંભમાં જ થાય છે, જુઓ : ‘આકાશમાં રંગબેરંગી પતંગ ચગી રહ્યા છે... હું મારી મમ્મીના પેટમાંથી એ લહેરાતા પતંગોને ફરફરતા અને પવન સાથે તરતા જોઉં છું. મારે પણ આકાશમાં ઊંચે જવું છે... પણ થોભો. હજી સહેજ વારે છે (જન્મ તા. ૧૬ જાન્યુઆરી)... સુરતમાં ૬ ડિસેમ્બર ૧૯૯૨ થી શરૂ થયેલાં તોફાનમાં થોડી ઓટ આવેલી.... પણ કોણ જાણે કેમ અત્યારે અચાનક પોલીસની એક પછી એક જતી જીપની સાયરન સંભળાવા માંડી. એકદમ મોટા અવાજથી હું ઝબકી ગયો. મમ્મીએ મને હૈયાસરસો લઈ લીધો.’ આ સાથે જ અહીં ખાસ ધ્યાનાર્હ બાબત એ છે કે આ કથામાં લેખિકાએ સીધો પ્રવેશ ક્યાંય કર્યો નથી. સિવાય કે માતાની ભૂમિકામાં.

અહીં પોતાના પ્રથમ સંતાન એવા વિશેષ નટખટ, ક્રિયાશીલ અને સોહામણા પુત્રનાં કાળક્રમાનુસાર સંસ્મરણો ટૂંકાં-ટૂકાં ૨૧ પ્રકરણોમાં વિભાજિત કર્યાં હોવા છતાં પ્રત્યેક પ્રકરણાન્તે આગામી કથાનો કુતૂહલ પ્રેરક સંકેત આપીને કુશળતાપૂર્વક અનુસંધાન સાધવાના કારણે એક સળંગ રસિક ચરિત્ર યા લઘુનવલ સમ આકાર પામ્યાં છે. આ સાથે જ વિષયવસ્તુની અસ્ખલિત પ્રવાહિતા અને બાળકની ભાષા તથા બાળક સાથેના વ્યવહારની ભાષા, હાવભાવ, ભાવાભિવ્યકિત, ક્રિયાકલાપ, બાળસહજ ચેષ્ટાઓ, કુટુંબમાં પ્રથમ સંતાન અને તે પણ પુત્રજન્મનો હર્ષોલ્લાસ, હાલરડાં, પપ્પા-મમ્મી, દાદા-દાદી, માસી, ફઈ, કાકા, બહેનપણીઓ, સ્નેહીજનો વગેરેનાં પ્રસંગોપાત્તનાં આગમનો અને તેમના હૈયે હિલોળા લેતી પ્રસન્નતાભરી વાતોને વણી લેવી, કે જેમાં બાળઉછેર, બાળમનોવિજ્ઞાન, દેશી ઉપચાર, સામાજિકતા વગેરે સંબંધી અનુભવપૂત શીખામણો ધ્યાનાર્હ બની રહે છે. પરિણામે આ સંસ્મરણો રસિક કલાકૃતિની સાથે જ અનાયઆસ બાળઉછેરની હાથપોથીના પર્યાય સમ બની રહ્યાં છે.

પ્રકરણ-૧૦ થી રોહનનો બાલમંદિર-પ્રવેશ અને ક્રમશઃ તેનો ઉત્તરોત્તર શૈક્ષણિક-શારીરિક-બૌદ્ધિક-વૈચારિક વિકાસ, મિત્રમંડળી, લાગણીઓ, શાળાપ્રવાસ, ઉપનયન સંસ્કાર, શિક્ષકો પ્રત્યે લગાવ, બાઈક ખરીદી આપવાની બાળહઠ, ધોરણ-૧૨માં પ્રવેશ, અતીન્દ્રિયશકિતના કારણે અમંગળ ભાવિનો સંકેત, વગેરે ઘટનાઓ આવરી લેવામાં આવી છે. માતૃત્વ સાથે સર્જકત્વ ભળી જતાં રોહનના પ્રસવકાળથી અંતિમ દિન સુધીની પ્રત્યેક ઘટનાનું સાતત્યપૂર્ણ સ્મરણ અને તેની સાહજિક છતાં સંવેદનશીલ પ્રસ્તુતિ સ્મરણીય બની રહે છે. એક ધ્યાનપાત્ર બાબત એ છે કે માતાએ વેઠેલ ઊંડા આઘાતમાંથી આ ગદ્યકાવ્ય પ્રસ્ફૂટિત થયેલ હોઈ કોઈ પ્રકારની કૃતકતા શોધે પણ હાથ લાગે તેમ નથી. અને તેથી જ વાચકને પોતાના બાળપણ કે પોતાનાં બાળકોના લાલન-પાલનની સ્મૃતિ અનાયાસ તાજી કરાવે છે. પ્રસંગોપાત્ત રોહનના કાળક્રમાનુસાર ૩૧ રૂપકડા ફોટાઓની પ્રસ્તુતિ વિષયવસ્તુને વધુ કારુણ્ય બક્ષવામાં ઉદ્દીપકની ભૂમિકા અદા કરે છે. આ ફોટા મૂકવામાં લેખિકા માતાનું વહાલસોયા પુત્રને ફોટાના માધ્યમથી ચાક્ષુષ રાખવાનું વલણ સ્વાભાવિક અને ઔચિત્યપૂર્ણ બની રહે છે. આ સાથે જ આ કૃતિત્વ સંદર્ભે

એક વિચાર ઉદ્ભવે છે કે લેખિકાએ પોતાના પુત્રના મુખેથી આત્મચરિત્ર કહેવડાવીને જે સાહિત્યિક સિદ્ધિ/કલાત્મકતા અને ઊંચાઈ હાંસલ કરી છે તે લેખિકાએ સદ્ગત પુત્રનું સીધું ચરિત્રાલેખન કર્યું હોત તો આટલી ઊંચાઈ સિદ્ધ કરી શકત કે કેમ ? એ એક પ્રશ્ન છે. આ દૂરંદેશિતાના કારણે જ જાણીતા નવલકથાકાર અને વાર્તાકાર રજનીકુમાર પંડ્યાએ આ કૃતિને આવકારતાં 'જાતને પણ ભૂલી જવાય એવી સંવેદનાની પરાકોટિ અને સરસ્વતીના ઓતારનો આ ચમત્કાર અસામાન્ય છે. પણ બહેન સંધ્યા ભટ્ટ માટે એ સહજ બન્યો કારણ કે એમને ગળથૂથીમાં જ મળેલી સર્જકપ્રતિભાનો એ પરચો' તરીકે ઓળખાવી છે.

પોતાની ભાવોર્મિઓ અભિવ્યક્ત કરવા માટે અપનાવેલ સાહિત્યસ્વરૂપના કારણે પ્રસ્તુત ગદ્યકાવ્યમાં લેખિકાએ પોતાની મર્યાદાઓને આધીન માતા તરીકે પોતાની વેદના વ્યક્ત કરી શકયાં નથી, જે સ્વાભાવિક પણ છે, પરંતુ કવયિત્રી તરીકે ગ્રંથાન્તેનાં બે કાવ્યો - 'અંજલિ કાવ્ય' અને 'પ્રશ્ન'ની અંતિમ પંક્તિઓમાં માતૃત્વનો ચિત્કાર રજૂ કરતાં વાચકને પણ કલ્પાંત કરી મૂકે છે. આ રહી તે પંક્તિઓ :

**"આવીને ભરખી ગયો એક જ ક્ષણમાં એહ**
**જોઈ રહ્યા દિગ્મૂઢ થઈ, રોહન નામની ચેહ**
**હૈયે ચિરાડો પડ્યો, લૂંટી લીધું વિત્ત**
**ચૈન નથી પડતું કશે, કયાં જાઉં ? ઓ ચિત્ત ??"**

આ ઉપરાંત મર્મવેધક પુત્રવિયોગમાંથી બહાર નીકળવા માટે ભગવાન શ્રીકૃષ્ણ કથિત જીવનસંદેશ **'जातस्य हि ध्रुवो मृत्यु....'** (ગીતા ૨.૨૭) ને ખરાઅર્થમાં આત્મસાત કરતાં કરેલ એકરાર -

**'આપ્યું જ્ઞાન મને ગીતા પ્રવચને, કલ્પાંત આ વ્યર્થ છે,**
**જે આવ્યું દુઃખ તે સહો સમજણે, માનવ્યનો અર્થ એ'.**

વાચક માટે પણ માનવજીવનના સનાતન સત્યનો માર્ગ અનુસરવા ઉદ્દીપક બની રહે છે.

પ્રસ્તુત કૃતિના નવતર શૈલીગત પ્રયોગ સંદર્ભે રજનીકુમાર પંડ્યાના મંતવ્ય 'કોઈ દિવંગત વ્યક્તિની ગર્ભાવસ્થાથી માંડીને એના જીવનના અંત સુધીનું અનોખું પરિણામ ધરાવતી અને વળી આત્મકથાનો ઢાંચો ધારણ કરેલી, નૂતન સાહિત્યિક ઉન્મેષભરી બીજી કોઈ રચના ગુજરાતી સાહિત્યમાં તો મેં વાંચી નથી'માં સૂર પુરાવવાની સાથે નોંધવું રહ્યું કે હિન્દીમાં આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદીએ **'बाणभट्टकी आत्मकथा'** (૧૯૪૬) શીર્ષક હેઠળ મહાકવિ-ગદ્યકાર બાણભટ્ટના મુખેથી જ પોતાની આત્મકથા કહેવડાવી છે. આ કથા અપૂર્ણ છે. અલબત્ત આ કૃતિનું સાહિત્યસ્વરૂપ નવલકથાનું છે.

ઉલ્લેખનીય છે કે લેખિકા સંધ્યા ભટ્ટ બારડોલી કૉલેજમાં અંગ્રેજીની અધ્યાપિકા તરીકે સેવાઓ આપી રહ્યાં છે. તેમણે કવિતા, વિવેચન, ચરિત્ર વગેરે સાહિત્યસ્વરૂપોમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. પ્રસ્તુત ગ્રંથ ઉપરાંત 'મૂલ્યનિષ્ઠ સર્જક જયભિખ્ખુ' (૨૦૨૧)એ તેમના ધ્યાનાર્હ સર્જકત્વ, સ્વાધ્યાય અને સંશોધકીયનિષ્ઠાનો દ્યોતક ગ્રંથ છે.

❑

**સામયિક કોશ (ગુજરાતી ભાષાનાં કેટલાંક સામયિકો, સંપાદકો અને ગ્રંથોનો સંદર્ભ)/ સંપાદક : કિશોર વ્યાસ.**
અમદાવાદ : ગૂર્જર, ૨૦૨૨. ૮ ખ + ૨૫૨ પૃ. કિં. રૂ. ૬૨૫.
ISBN : ૯૭૮-૯૩-૯૪૦૯૬-૧૧-૦

કોઈ પણ વિષયક્ષેત્રના અદ્યતન પ્રવાહો-સંશોધનો-ગતિવિધિઓ વગેરેની તાજી જાણકારી માટે સંબંધિત વિષયનાં સામયિકો, પુસ્તકોની તુલનાએ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ સ્રોત હોવા છતાં પુસ્તકોની પ્રાપ્તિ - વ્યવસ્થાપન - સંરક્ષણ - સૂચિ વગેરે માટે જે કાળજી લેવામાં આવે છે તેની તુલનાએ સામયિકો પ્રાયઃ ઉપેક્ષિત રહયાં છે. ગુજરાતી મુદ્રણકળાનો ઈ.સ.૧૭૯૭માં થયેલા આવિષ્કાર બાદ પ્રકાશિત કરવામાં આવેલાં સામયિકોથી શરૂ કરી આજદિન સુધી પ્રકાશિત સામયિકો કે સ્વાતંત્ર્યોત્તર સમયમાં રજિસ્ટર્ડ થયેલાં વિવિધ પ્રકારનાં સામયિકો કે જેની યાદી વેબસાઈટ www.rni.nic.in/verified-titles/verified,titles (ઉપયોગની તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૨) ઉપર સુલભ છે (દૈનિક-૭૮૬, સાપ્તાહિક-૩૧૭૮, પાક્ષિક - ૮૬૪, માસિક-૧૬૭૪, ત્રૈમાસિક-૧૩૩ વગેરે) તે પૈકી મહત્ત્વપૂર્ણ સામયિકો અને પ્રકાશિત થયેલાં પુસ્તકો ગુજરાતના કોઈ એક ગ્રંથાલયમાં સાચવવામાં આવે છે ખરાં ? અરે ! ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં પણ મર્યાદિત સંખ્યામાં સામયિકો સાચવવામાં આવે છે. રાજ્યનાં સ્માર્ટ જિલ્લા ગ્રંથાલયો તથા રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયમાં પણ આ ક્ષેત્રે ભારે ઉપેક્ષા સેવવામાં આવે છે.

આજનાં આપણાં વિવિધ પ્રકારનાં ગ્રંથાલયો કે

જેમનું ઉત્તરદાયિત્વ વિવિધ પ્રકારના સાહિત્ય સંગ્રહનું રહયું છે ત્યાં જ વાચનસામગ્રી સંગ્રહમાં ભારે ઉણપ પ્રવર્તતી હોઈ સંશોધકો, સૂચિનિર્માતાઓ, અધ્યેતાઓ વગેરેનું કાર્ય ઘણું અઘરું થઈ પડે છે, જેનો પડઘો ગુજરાતી સામયિકોના પ્રબુદ્ધ અભ્યાસી, સંશોધક, વિવેચક, સૂચિકાર અને કોશકાર ર્ડા. કિશોર વ્યાસ સંપાદિત 'સામયિક કોશ'ના 'નિવેદન'માં સંભળાય છે. પ્રસ્તુત કોશમાં તેમણે ધ્યેયનિષ્ઠ કર્મઠ વિદ્યાકીય પુરુષાર્થ હાથ ધરીને યથાસંભવ ઉપલબ્ધ સામયિકોનું પ્રત્યક્ષ અવલોકન કરીને અથવા તેની પ્રાપ્તિના અભાવમાં બહુવિધ ગૌણસ્રોતો તપાસી જઈને, તેમજ સામયિકો સંબંધી માહિતી મેળવવા વિવિધ સામયિકોમાં જાહેર વિજ્ઞપ્તિ થકી પ્રાપ્ત માહિતીના આધારે સાહિત્યિક મૂલ્ય ધરાવતાં ૮૫૦ થી અધિક ગુજરાતી સામયિકો, સાહિત્યક પત્રકારત્વમાં નોંધપાત્ર પ્રદાન કરનાર ૮૦ પુસ્તકો અને સામયિકોના લેખોની સૂચિઓ - સૂચિગ્રંથો અને 'સંપાદનમાં કે તંત્રીકર્મમાં જેનો વિશેષ સ્પષ્ટપણે ઉપસી આવ્યો હોય, આપણા સાહિત્યને વળાંક આપવામાં નિમિત્ત બન્યા હોય' એવા ૫૦૦થી અધિક સંપાદકો/તંત્રીઓ વિશેની માહિતી સુલભ કરાવી આપી છે. વિવિધ સામયિકો સંબંધી અધિકરણોમાંથી પસાર થતાં આપણે જોઈ શકીએ છીએ કે સામયિકોની પ્રાપ્તિના અભાવના કારણે સંપાદકે ૨૮૦થી અધિક સામયિકો વિશે એકાદ/બે લાઈનોમાં, જેમ કે, 'અતીત'- 'ભાવનગરથી પ્રકાશિત સામયિક', 'શકીલ' - 'આઠમા દાયકામાં પ્રસિદ્ધ થયેલ સામયિક', 'હીરાકણી' - 'કેવળ વાર્તાનું માસિક', 'પરિષદ સંદેશ' - '૧૯૯૮માં પ્રકાશિત દલિત સાહિત્યનું સામયિક', વગેરે જેવી માહિતી આપીને ભગ્નહૈયે સંતોષ માનવો પડ્યો છે. અહીં સમાવિષ્ટ ૮૫૦થી અધિક સામયિકાનાં અધિકરણોનું પૃથક્કરણ કરતાં જોવા મળ્યું કે ઈ.સ.૧૯૦૦ પૂર્વે પ્રકાશિત ૧૫૫ જેટલાં સામયિકો, ૨૦મી સદીનાં ૪૦૦, ૨૧મી સદીનાં - ૫૦, પ્રકાશન વર્ષ કે તંત્રી/સંપાદકના નામના ઉલ્લેખ સિવાયનાં ૯૨, પ્રકાશન વર્ષનો ઉલ્લેખ ન કરતાં ૧૨૮, વિદેશથી પ્રકાશિત - ૧૫ અને ઇલેકટ્રોનિક સ્વરૂપમાં પ્રકાશિત - ૧૫ જેટલાં સામયિકો સમાવિષ્ટ છે. વિષયની દૃષ્ટિએ જોઈએ તો ૭૫થી અધિક સામયિકો દલિત સાહિત્યનાં છે. અહીં ઉલ્લેખિત દલિત સામયિકો પૈકી 'દલિત ઉન્નતિ'નું પ્રકાશન ૧૯૩૧માં ચિમનલાલ મોદીએ અમદાવાદથી શરૂ કર્યું હતું, જે સંભવતઃ ગુજરાતી દલિત સાહિત્યનું પ્રથમ સામયિક હશે.

પ્રસ્તુત કોશના અંતમાં ડિજિટલ સ્વરૂપે પ્રાપ્ત સામયિકો [૧૦ સામયિકોની ચોકકસ સમયાવધિ સહિત], વેબસાઈટ ઉપર જોવા મળતાં કેટલાંક સામયિકો [૩૧ સામયિકોનાં વેબસાઈટ સરનામાં], સામયિક-અખબાર સૂચિ, તંત્રી-સંપાદક-કર્તા સૂચિ, સાહિત્યિક પત્રકારત્વના ગ્રંથોની સૂચિ [વિવિધ ૧૬ સામયિકોની સામગ્રીના ૧૪ સૂચિગ્રંથો સહિત] અને પરિશિષ્ટ-૧ : 'આજનાં કેટલાંક સામયિકો : સંપર્ક અને પરિચય' અંતર્ગત ૨૫ સામયિકોની પ્રાપ્તિ સંદર્ભે આવશ્યક વિગતો, વિષય-વ્યાપ અને કવચિત આદ્યતંત્રી કે પરવર્તી તંત્રીઓના પ્રદાનના ઉલ્લેખ સહિત-ની આ બધી જ માહિતી કોશમાં આવરી લેવામાં આવી હોવા છતાં તેની ઉપયોગિતાને ધ્યાને લઈ અહીં તારવી-સારવીને અલગથી આપવામાં સંપાદકના દૃષ્ટિપૂત અભિગમની દ્યોતક બની રહે છે. આ કોશ અને પરિશિષ્ટ-૧માં દર્શાવેલ માહિતીની બહુવિધ દૃષ્ટિએ ઉપયોગિતાને અને તેનાં મૂલ્યને ધ્યાને લેતાં ગુજરાતી સામયિકોના મુદ્રણ પ્રકાશનના આદિકાળથી આજદિન સુધી પ્રકાશિત થયેલાં/થઈ રહેલાં તમામ સામયિકો અને તેની પ્રાપ્તિના સ્થાન-નિર્દેશ સહિતની - બંધ પડેલાં અને ચાલુ સામયિકોની સૂચિ અનિવાર્યપણે અપેક્ષિત બની રહે છે.

પ્રસ્તુત કોશનું અવલોકન કરતાં સ્પષ્ટ જોવા મળ્યું કે કોઈ સામયિકો પ્રત્યક્ષ જોવા ન મળ્યાં હોય કે કોઈ સામયિકો અને તેના તંત્રી/સંપાદકો વિશે અત્ર-તત્ર ફંફોસી જવા છતાં પણ આવશ્યક માહિતી હાથ ન લાગી હોય તેવા અપવાદોને બાદ કરતાં ગુજરાતી સાહિત્યિક સામયિક વિશ્વ-સાહિત્યક સામયિકો અને તેના તંત્રી/સંપાદકો તેમજ આનુષંગિક માહિતી સહિત-ની જાણી-અજાણી અર્થસભર તથા રસપ્રદ માહિતી સંપાદકીય-વિવેચકીય-સંશોધકીયનિષ્ઠા અને જ્ઞાનકોશીય વિવેક સાથે સુલભ કરાવવાનો સંપાદક-આલેખક ડૉ. કિશોર વ્યાસનો દૂરંદેશિતાશીલ પ્રયાસ અને તે પણ ગુજરાતના છેક પૂર્વ છેવાડાના કાલોલ (જિ.પંચમહાલ)માં રહીને કે જ્યાં આવશ્યક માહિતી સ્રોતો-સમૃદ્ધ ગ્રંથાલયો ઈત્યાદિ-ના અભાવ વચ્ચેનો હોઈ પ્રેરણાદાયી બની રહેતાં વિશેષ અભિનંદનીય બની રહે છે. સંપાદકશ્રીએ સાચા અર્થમાં ધૂળધોયાનું શ્રમસાધ્ય કામ કરીને માત્ર સામયિક વિષયક્ષેત્રના જિજ્ઞાસુઓ માટે જ નહીં, પરંતુ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં ગુજરાતી ભાષા-સાહિત્યના સંશોધકો માટે અણમોલ સામગ્રી હાથવગી કરી આપી છે. સામયિકો વિશેનાં અધિકરણોમાં સામયિકના વિષયવસ્તુની સત્ત્વશીલતા અને અન્ય આનષંગિક બાબતોને ધ્યાને લઈને

યથાસંભવ સામયિક શરૂ કરવાનો હેતુ, વર્ષ, ધ્યેયમંત્ર, મુખપૃષ્ઠ, સચિત્રતા, વિષયવસ્તુનો વ્યાપ, કોર્ટ કેસ અને સરકારી હસ્તક્ષેપ, નકલોનો ફેલાવો, જેમ કે, 'વીસમીસદી' ૨૦૦૦ નકલો અને 'ગુજરાતી' ૧૬૫૦૦ નકલો, ગ્રંથાવલોકનો, સામયિકનો કોઈએ કરેલ અભ્યાસ, જેમ કે 'ગુજરાત શાળાપત્ર ઉપર જયના પરમ પાઠક દ્વારા સમીક્ષાત્મક અધ્યયન (૨૦૧૨), પ્રકાશિત વિશેષાંકો, જેમ કે 'ગુજરાત' દ્વારા 'નરસિંહરાવ દિવેટિયા', વગેરે, 'ખેવના' દ્વારા 'અછાંદસ કવિતા', 'નિબંધ', 'ગ્રંથાવલોકનો' વગેરે, 'કવિલોક'નો મહાકાવ્ય વિશેષાંક અને તેમાં 'મહાકવિ વર્જિલના ઈનિડ' વિશે નિરંજન ભગતનો ૧૨૦ પાનનો લેખ પ્રગટ થવો વગેરે, વાર્ષિક સૂચિ/એકત્રિત સૂચિગ્રંથના પ્રકાશનનો પરિચય કરાવતી નોંધ લેવી, જેમ કે 'સંસ્કૃતિ'ની સૂચિનું સંપાદન તોરલ પટેલ અને શ્રદ્ધા ત્રિવેદી દ્વારા, સાહિત્યની દૃષ્ટિ મહત્ત્વપૂર્ણ એવા ૪૦ જેટલાં સામયિકો, જેમ કે 'અખંડઆનંદ', 'કવિતા', 'કુમાર', 'ગુજરાતી', 'ફાર્બસ', 'બુદ્ધિપ્રકાશ', 'વીસમી સદી' વગેરે વિશે ૧ થી ૫ કૉલમોમાં વ્યાપક પરિપ્રેક્ષ્યમાં અર્થગહન અધિકરણો આપવાં, કેટલાક મહત્ત્વપૂર્ણ સાહિત્યકારોની પ્રથમ/ પ્રારંભિકકાલીન/મહત્ત્વપૂર્ણ કૃતિઓનું સૌ પ્રથમ અમુક સામયિકમાં પ્રકાશન થવું, જેમ કે, ગોવર્ધનરામ ત્રિપાઠીકૃત 'સરસ્વતીચંદ્ર'નો ભાગ-૧ પુસ્તક સ્વરૂપે પ્રગટ થયો તે પહેલાં તેનું બે વર્ષ સુધી 'પ્રિયંવદા'માં પ્રકરણવાર પ્રકાશન થવું, ધૂમકેતુની સુપ્રસિદ્ધ વાર્તા 'ભૈયાદાદા'નું 'ગુજરાત'માં પ્રકાશન થવું, 'નવચેતન'માં ચાંપશી ઉદેશીની આત્મકથા, 'સ્મૃતિસવંદનો' અને 'ગુજરાત'માં મુનશીની આત્મકથા 'અડધે રસ્તે' અને અન્ય કૃતિઓનું હપ્તાવાર પ્રકાશન વગેરે, જે તે સમયના મોટા ગજાના કયા કયા સાહિત્યકારોની કૃતિઓ કોઈ સામયિકમાં પ્રગટ થતી, જેમ કે, રા. વિ. પાઠક સંપાદિત 'પ્રસ્થાન'માં ડોલરરાય માંકડ, બળવંતરાય ઠાકોર, પંડિત બેચરદાસ, રસિકલાલ પરીખ વગેરેની કૃતિઓનું પ્રકાશન થવું વગેરે, કોઈ સામયિકનું પ્રકાશન ઈ-સ્વરૂપે કે ડીવડીમાં તેના અંકોની પ્રાપ્તિ, જેમ કે 'ફાર્બસ' ના ૧૯૩૬ થી ૨૦૧૦ સુધીના અંકોની 'ડીવીડીમાં પ્રાપ્તિ, પુનર્મુદ્રણ જેમ કે રમેશ શુકલ દ્વારા 'ડાંડિયો' (૧૯૯૬)નું સંપાદન પ્રકાશન કોઈ સામયિકના વિરોધમાં નવું સામયિક શરૂ કરવું, જેમ કે કરસનદાસ મૂળજીના જદુનાથજી મહારાજ સામેના આક્ષેપોનું ખંડન કરવા 'મુમબઈના ચાબુક' શરૂ કરવું, અન્ય સામયિકો સાથે ભળી જવું યા અમુક વર્ષથી બંધ પડી જવું વગેરે સંબંધી કલ્પનાતીત માહિતી આવરી લેવામાં આવી છે.

સામયિકોના તંત્રી/સંપાદકો વિશેનાં સ્વતંત્ર અધિકરણો અથવા કોઈ સામયિકના અધિકરણ અંતર્ગત સંબંધિત તંત્રી વિશે તેની આગવી વિશેષતાઓ, કાર્યકાળ, અન્ય સામયિકોમાં પ્રદાન કે અન્ય સામયિકોનું સંપાદન, સંપાદકીય વલણ, નવાસર્જકોને પ્રોત્સાહન આપવાનો અભિગમ, તંત્રીકર્મ ઉપરાંત સાહિત્યિક પ્રદાન-સર્જકપ્રતિભા, કાર્યક્ષેત્ર વગેરે વિશે અભ્યાસનિષ્ઠ માહિતી આપવામાં આવી છે. ઉમાશંકર જોશી, દલપતરામ, મહાત્મા ગાંધી, મણિલાલ દ્વિવેદી, અલારખિયા હાજી મહમ્મદ, નવલરામ, રા. વિ. પાઠક, ક. મા. મુનશી, વિજયરાય વૈદ્ય, બચુભાઈ રાવત વગેરે વિશેનાં સ્વતંત્ર અધિકરણોમાં સવિશેષતઃ તંત્રી તરીકેના પ્રદાનની અભ્યાસનિષ્ઠ મૂલવણી કરવામાં આવી છે. કેટલાંક તંત્રીઓના તંત્રીકર્મ વિશેના નોંધપાત્ર વિચારો કાળજીથી ઉદ્ધૃત્ કર્યા છે, જે સંપાદકો માટે માગદર્શક બની રહે છે, જેમ કે, જયંત કોઠારીનું મંતવ્ય : "સામયિકના સંપાદકની કેવળ ટપાલી તરીકેની ભૂમિકા નથી, એ જવાબદારીપૂર્વક પસંદગીઓ કરે, ઉત્તમ લેખો માટે પ્રયાસો કરે અને આવેલા લેખોમાં જરૂર પડે ત્યાં કાંટછાંટ કરે, એને રજૂઆત અને ભાષાની દૃષ્ટિ મઠારે, એને અસરકારક બનાવી મૂકે". આ પ્રકારનાં મોહનલાલ દલીચંદ દેસાઈ, પ્રવીણ દરજી, હર્ષદ ત્રિવેદી વગેરેનાં મંતવ્યો અહીં ઉર્ધ્ધૃત કર્યાં છે. આ સાથે જ સંપાદનકાર્યની વિશેષતાઓની નોંધ લેવાનું પણ ચૂકયા નથી, જેમ કે 'એતદ્' સામયિકના અધિકરણમાં નોંધ કરી છે કે "સુરેશ જોષી પછી શિરીષ પંચાલે આ શુદ્ધ સાહિત્યિક સામયિકને લાંબા સમય સુધી ચલાવ્યું. કોઈ પણ પ્રકારના વાડા કે જૂથમાં પુરાઈ રહેવાને બદલે વિદ્યાકીય ક્ષેત્રના આધુનિક અનુઆધુનિક લખાણોની સાથે લોકસાહિત્ય અને મધ્યકાલીન સાહિત્યના અભ્યાસોને તેમજ નવા આશાસ્પદ કવિઓને આ સંપાદકે જગા આપી છે", રમણ સોની વિશેનું અવલોકન ગ્રંથસમીક્ષાના આ (પ્રત્યક્ષ) સામયિકને શાસ્ત્રગત શિસ્ત ને પરિશ્રમ ઉપરાંત કલ્પનાશીલ સૂઝબૂજ વડે પ્રથમ પંકિતનું સામયિક બનાવવામાં સંપાદકની સજજતા કારણભૂત છે. વસ્તુલક્ષી છતાં ધારદાર, સ્પષ્ટ કથન કરનારી સુચિંતિત સમીક્ષાઓ થાય એવા આગ્રહોને વળગી રહી નવા આશાસ્પદ સમીક્ષકોની હરોળ તૈયાર કરવાની જવાબદારી એમણે અદા કરી છે.' રામનારાયણના સંપાદનના કારણે 'પ્રસ્થાન' ને ગુજરાતના 'મોર્ડન રિવ્યૂ' ની પ્રતિષ્ઠા પ્રાપ્ત

થઈ વગેરે.

સાહિત્યિક સામયિકો અને તેના તંત્રી/સંપાદકોની સાથે જ સાહિત્યિક પત્રકારત્વ વિશેના ૮૦ ગ્રંથો કે જેમાં સામયિકોના લેખોના સૂચિગ્રંથો તથા કોઈ સામયિકમાં પ્રગટ થયેલા પસંદગીના લેખોનું સંકલન, જેમ કે 'સમયરંગ' (સંસ્કૃતિ), 'સુદર્શન ગદ્યાવલી' (સુદર્શન) વગેરે આવરી લઈને આ બધા ગ્રંથોના સાહિત્યિક પત્રકારત્વમાં પ્રદાનને સંક્ષેપમાં ઉજાગર કરી આપવામાં આવ્યું છે. ઉદા. તરીકે રતન રુસ્તમ માર્શલ કૃત 'ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ' (૧૯૫૦)નો પરિચય કરાવતાં તેને પત્રકારત્વક્ષેત્રનો પ્રથમ શોધપ્રબંધ ગણાવીને તેમાં ગુજરાતી વર્તમાનપત્રો અને વિવિધ સામયિકોની વિકાસરેખા વર્ણવવાની સાથે તેના દસ્તાવેજીકરણના કાર્યની સરાહના કરી છે.

આમ, સમગ્રતયા અહીં ગુજરાતી સાહિત્યિક સામયિકોની કોરી સૂચિ કે તેની ભૌતિકમાહિતી સુધી મર્યાદિત ન રહેતાં આ બધાં સામયિકોના આંતરસત્વને, સાહિત્યિક મહત્ત્વ અને તેમના પ્રદાનને કાળજીપૂર્વક ઉજાગર કરી આપવામાં આવ્યું છે, જેમાં સંપાદક ડૉ. કિશોર વ્યાસનાં અભ્યાસનિષ્ઠા, સંશોધકીય અભિગમ, ઐતિહાસિક દૃષ્ટિ અને દૂરંદેશિતા ધ્યાનાર્હ બની રહે છે.

વિવિધ સામયિકોનાં અધિકરણોમાંથી સાદ્યંત પસાર થતાં મનમાં એક સહજ પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે આપણે કોઈ વિષય વિશેનાં કે ડાયજેસ્ટ જેવાં સામયિકોની અપર્યાપ્ત માત્રામાં પણ કાળજી લઈએ છીએ. પરંતુ કોઈ જ્ઞાતિનાં સામયિકો સંબંધિત જ્ઞાતિજનો સુધી મર્યાદિત રહયાં છે. આ પ્રકારનાં સામયિકો જે તે જ્ઞાતિના સમાજશાસ્ત્રીય ઈત્યાદિ અભ્યાસ માટે પ્રમુખ આધારસ્તંભ હોવા છતાં સમાજશાસ્ત્રના અધ્યયન-સંશોધનની સંસ્થાઓ દ્વારા પણ ઉપેક્ષિત રહે છે. આ પૈકીનાં કેટલાંક સામયિકો તો એક સદી પાર કરી ચૂક્યાં છે, જેમ કે 'પ્રજાપતિ', 'ભાર્ગવ' વગેર. ધ્યાને રહે કે પાટીદાર સમાજનું 'ધરતી' માસિક જ્ઞાતિની સીમાઓની મર્યાદાઓને વળોટી જતું બહુમૂલ્ય સામયિક છે. આ દિશામાં ધ્યાન આપવું અપેક્ષિત બની રહે છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત કોશના સંપાદક ડૉ. કિશોર વ્યાસ (૧૯૬૬) 'શ્રી એમ. એમ. ગાંધી આટ્ર્સ અને કૉમર્સ કૉલેજ', કાલોલ (જિ.પંચમહાલ)માં ગુજરાતીના પ્રાધ્યાપક/પ્રિન્સિપાલ તરીકે સેવાઓ આપી રહ્યા છે. ગુજરાતી વિવેચન, નિબંધ, સંસ્મરણ, બાળસાહિત્ય વગેરે ક્ષેત્રે તેમનું સત્વશીલ પ્રદાન રહ્યું છે. આ ઉપરાંત સાહિત્ય સંશોધન-વિવેચન હેતુ એક મહત્ત્વપૂર્ણ જ્ઞાનસાધન-સૂચિસંપાદન કે જે મહદંશે ગુજરાતીમાં ઉપેક્ષિત રહ્યું છે તે વિષયક્ષેત્ર અંતર્ગત સામયિક લેખસૂચિ - ૧૯૯૬થી ૨૦૨૦ સુધીનાં ગુજરાતીનાં મહત્ત્વપૂર્ણ સામયિકોમાં પ્રકાશિત લેખોની શાસ્ત્રીયસૂચિઓ/ઓનું ભારે શ્રમસાધ્ય અને દૃષ્ટિવંત સંપાદન તથા પ્રકાશન કરીને અણમોલ સેવા કરી છે. અને તે પણ બિનગ્રંથાલયવ્યવસાયી હોવા છતાં. ખાસ ધ્યાનાર્હ બાબત તો એ છે કે પીએચ.ડી. ડિગ્રી હેતુ સંશોધનનો વિષય ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ પસંદ કરીને તેને ડિગ્રી પ્રાપ્તિ સુધી મર્યાદિત ન રાખતાં પોતાની વિદ્યાસાધના અને જીવનશૈલીનો અંતરંગ હિસ્સો બનાવીને આ ક્ષેત્રે સતત પ્રવૃત્ત બની રહી મૂલ્યવાન ગ્રંથો આપતા રહે છે, જેમ કે, 'સાહિત્યિક પત્રકારત્વ, (બીજી આવૃત્તિ),' 'ગુજરાતી સાહિત્યિક સામયિકો', 'હાજી મહમદ અલારખિયા શિવજી', 'સામયિક લેખસૂચિઓ', 'મનીષા-ગદ્યપર્વ-ખેવનાની સ્વાધ્યાય સૂચિ', 'પુનર્લબ્ધિ', 'સામયિક કોશ' વગેરે.

વિવિધ પ્રકારનાં ગ્રંથાલયોની મુલાકાતો લેતાં અને સવિશેષતઃ ગુજરાતી ભાષા - સાહિત્યનાં પ્રકાશનો જોવાની કુતૂહલતાના કારણે જોવા મળ્યું છે કે ગુજરાતી ભાષાનાં કુલ મુદ્રિત પુસ્તકો પૈકી ૭૦% - ૮૦% જેટલાં પુસ્તકો સચવાયાં હશે તેવો અંદાજ છે, પરંતુ કેટલાં ગુજરાતી સામયિકો સચવાયા હશે કે સાચવવામાં આવતાં હશે તે એક મોટો પ્રશ્નાર્થ છે. આ વાસ્તવિકતા હોવા છતાં ગુજરાતી પ્રકાશનો પુસ્તકો, સામયિકો વગેરેની પ્રાપ્તિ, સંગ્રહ અને જાળવણી માટે કોઈ ધ્યેયનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવતા નથી. આ માટે સરકારી તંત્ર કે અકાદમીઓ વગેરેમાં આ અંગેની કોઈ ચિંતા કે ઉહાપોહ ક્યાંય દૂરથી પણ સાંભળવા મળતો નથી. સંભવ છે કે ઘનિષ્ઠ શોધખોળ હાથ ધરવામાં આવે તો કેટલીક ખૂટતી કડીઓ મળી શકે. આજની આ દયનીય સ્થિતિમાં આજે એક એવા ક્રિયાશીલ અને જીવંત ગ્રંથાલયની આવશ્યકતા છે કે જેમાં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલી સઘળી વાચનસામગ્રી, પુસ્તકો, સામયિકો ઈત્યાદિ ઉપલબ્ધ હોય અને વાચકોને ઉપયોગ અર્થે પૂરી પાડવામાં આવે. (સૂચિત ગ્રંથાલયની વિસ્તૃત કાર્યયોજના માટે જુઓ : ગુજરાતમાં સર્વોપયોગી એવું એક ગ્રંથાલય હોય. (*સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત* વર્ષ : ૯, અંક-૧ જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૯, પૃ.૧-૭).

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અમેરિકન કંપની દ્વારા વિદ્યાર્થીઓને દત્તક

● ન્યૂયોર્ક (અમેરિકા) સ્થિત ભારતીય કંપની 'રિલાએબલ ગ્રૂપ' (https://www.reliablegroup.com/) દ્વારા 'વિદુષ સોમાણી ઇન્સ્ટિટયૂટ ઑફ ટૅક્નૉલૉજી એન્ડ રિસર્ચ', કડીના બેચલર ઑફ એન્જિનિયરિંગ (BE) ના કમ્પ્યૂટર વિદ્યાશાખાના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા ચાલુ શૈક્ષણિક વર્ષના ૩ વિદ્યાર્થીઓ સર્વશ્રી નંદિતા પટેલ, અનુરાગ મોહન્તી અને સૂરજ મહેતાની પસંદગી કરીને દત્તક (sponsor) લેવામાં આવ્યા છે. આ અન્વયે કંપની દ્વારા પ્રત્યેક વિદ્યાર્થીની બંને સત્રોની ટ્યૂશન ફી રૂ. ૯૦,૦૦૦ કૉલેજને ચૂકવવામાં આવી. આ ઉપરાંત સદર કંપની દ્વારા આ ત્રણેય વિદ્યાર્થીઓ કડીમાં અભ્યાસ દરમ્યાન અમેરિકા અને યુરોપમાં કમ્પ્યૂટર વિદ્યાશાખા ક્ષેત્રે થઈ રહેલાં અદ્યતન સંશોધનો તેમજ અમેરિકન કંપનીઓને કેવા કમ્પ્યૂટર નિષ્ણાતોની જરૂરિયાત છે અને રહેશે તેનાથી વાકેફ બની પોતાની કાર્યકુશળતા - તજ્જ્ઞતા હાંસલ કરે તે હેતુસર સદર કંપની દ્વારા પ્રત્યેક વિદ્યાર્થીને અમેરિકા સ્થિત ટેક્નિકલ અને સોફ્ટ સ્કિલ તજ્જ્ઞ ૨-૨ mentor આપવામાં આવ્યા છે કે જેઓ સમયાન્તરે આ વિદ્યાર્થીઓને ઓનલાઈન દ્વારા પ્રશિક્ષણ પૂરું પાડતા રહેશે. કંપની દ્વારા આ વિદ્યાર્થીઓની પસંદગી તેમની આર્થિક સ્થિતિ અને તેમની તેજસ્વિતાને ધ્યાને લઈને કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કડી સર્વ વિશ્વવિદ્યાલયના Department of International Relationsનાં ડાયરેક્ટર ડૉ. જિનલ જોશીએ રિલાયેબલ ગ્રૂપના પ્રમોટર્સ નીલી લખાણી, ભવ્યા ધુલીયા, વિરલ લખાણી તથા જિગ્નેશ દોશી તથા પ્રિન્સિપાલ ડૉ. હિરેન પટેલ સાથે ઓનલાઈન વાર્તાલાપો કરીને, આ કાર્ય સંપન્ન કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. આ પ્રસંગે હૃદયનો રાજીપો અભિવ્યક્ત કરતાં મંડળના ચૅરમૅન અને વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે રિલાયેબલ ગ્રૂપના પ્રમોટર્સના ઉદાર અને દૂરંદેશિતાશીલ અભિગમ બદલ આભારની લાગણી વ્યક્ત કરીને વિદ્યાર્થીઓને અભિનંદન આપીને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

### આરંગ્રેત્રમ

● આર. એન. લલિતકલા એકેડેમીની વિદ્યાર્થિની કુ. સૃષ્ટિ એમ. પટેલ (એમ. બી. પટેલ ઈંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ધોરણ-૯) ના આરંગ્રેત્રમનો કાર્યક્રમ ડૉ. કનુભાઈ ડી. પટેલ (પ્રમુખશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી) ના અધ્યક્ષપદે તા.૯-૧૦-૨૦૨૨ ના રોજ સંસ્થાના શેઠ ખીમજી વિશ્રામ સંસ્કાર ભવન ખાતે યોજવામાં આવ્યો હતો. આ સમારંભના ઉદ્‌ઘાટકપદે શ્રી વલ્લભભાઈ એમ. પટેલ (પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર) અને અતિથિવિશેષપદે શ્રી ઘનશ્યામભાઈ બી. પટેલ (પ્રમુખશ્રી, ૪૨ સમાજ કડવા પાટીદાર કન્યા કેળવણી ઉત્તેજક મંડળ, કલોલ), શ્રી ત્રિકમભાઈ પટેલ (ઉપપ્રમુખશ્રી, ૪૨ સમાજ માનવ સેવા સમિતિ મંડળ, કલોલ) અને શ્રીમતી અલ્પાબેન બી. પટેલ, (કોર્પોરેટરશ્રી, કલોલ શહેર) ઉપસ્થિત રહયાં હતાં. ઉલ્લેખનીય છે કે કુ. સૃષ્ટિ પટેલે શ્રી દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ કલાગુરુ શંકુતલાબેન ઓઝા પાસેથી સઘન તાલીમ મેળવી છે. વધુમાં, તેમને આ સિદ્ધિ બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી પ્રોત્સાહક ઈનામ તરીકે રૂ. ૨૫૦૦/-નો ચેક અતિથિવિશેષ શ્રી ઘનશ્યામભાઈ પટેલના વરદહસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

### ઔદ્યોગિક મુલાકાત

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) દ્વારા ૧૫૪ વિદ્યાર્થીઓને મધુર ડેરીની મુલાકાતે તા. ૧૯-૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના દિવસોમાં લઈ જવામાં આવ્યા હતા. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનના વિવિધ તબક્કાઓ બાબતે તેમજ પ્લાન્ટ લે આઉટની ગોઠવણી કેવી રીતે કરવી તેની ઊંડાણપૂર્વક

માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે ડેરીના મૅનેજિંગ ડાયરેકટર શ્રી મહેતા, એચ. આર. હેડ અમી મૅડમ અને કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને મધુર ડેરીના વર્તમાન સિનિયર માર્કેટિંગ ઑફિસર શ્રી પરેશભાઈ પટેલનો મધુર સહયોગ સાંપડ્યો હતો.

### ધ્યાન સમારોહ

● એમ. એસ. ડબલ્યૂ વિભાગના ઉપક્રમે આયોજિત ધ્યાન સમારોહમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલના ભાવપૂર્ણ આમંત્રણને માન આપી 'શ્રી રામચંદ્ર મિશન'ના અધ્યક્ષ તથા વિશ્વપ્રસિદ્ધ હાર્ટફૂલનેસ ઓર્ગેનાઇઝેસનના ગ્લોબલ ગાઇડ શ્રી કમલેશ ડી. પટેલ (પૂજ્ય દાજી) તા. ૧૮ ઑક્ટોબરના રોજ વિશ્વવિદ્યાલયમાં પધાર્યા હતા. તેમનો પરિચય શ્રી અમી પટેલે આપ્યો હતો, તેમજ 'કેલિફોર્નિયા સ્ટેટ પોલિટેક્નિક યુનિવર્સિટી', હમ્બોલ્ટ, આર્કોટાના ગણિતશાસ્ત્ર વિષયના એમિરિટસ પ્રોફેસર ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલે સર્વ વિદ્યાલય પરિવાર વતી શાલ ઓઢાડી તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. પૂજ્ય દાજીએ વિદ્યાર્થીઓને ધ્યાનનું મહત્ત્વ સમજાવીને હાર્ટફૂલનેસ ધ્યાન પદ્ધતિનો અનુભવ કરાવ્યો હતો, તેમજ હાર્ટફૂલનેસ ધ્યાન પદ્ધતિમાં પ્રાણાહુતિની સહાય થકી હૃદય આધારિત ધ્યાન પદ્ધતિ, ઉત્પાદકતા, સુખાકારી જીવન, રોજિંદા જીવનના તણાવમાંથી મુક્તિ, માનસિક સ્પષ્ટતા સાથે નિર્ણય લેવાની પ્રક્રિયામાં વૃદ્ધિ, દૈવી ભાતૃભાષા તથા વૈચારિક અને ભાવપૂર્ણ જીવન કેળવવાના મૂલ્યો પર તેમણે વિશેષ ચર્ચા કરી હતી. વધુમાં, તેમણે હૃદયની કેળવણી વિના શિક્ષણની કેળવણી શક્ય નથી, આધ્યાત્મિક વિકાસયાત્રામાં તમારું હૃદય એ જ તમારી પ્રયોગશાળા છે, તમે જ પ્રયોગકર્તા અને પરિણામ પણ તમે પોતે જ છો. યોગ્ય શિક્ષણ થકી ચારિત્ર્ય ઘડતર અને ચારિત્ર્ય ઘડતરથી સમાજસેવા જેવાં મૂલ્યો વિશે માર્ગદર્શન આપ્યું હતું. ખાસ નોંધપાત્ર બાબત એ કે પૂજ્ય દાજીએ ઘણાં વર્ષોના આધ્યાત્મિક અને દૈવી અનુભવોના આધારે 'THE WISDOM BRIDGE' પુસ્તકનું લેખન કર્યું હતું, જેનું અહીં તેમણે વિતરણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે હાર્ટફૂલનેસ ઓર્ગેનાઈઝેશન દ્વારા કડી સર્વ વિશ્વવિદ્યાલયના ફાર્મસી, ફિઝિયોથેરાપી તથા નર્સિંગ કૉલેજના ૮૪ જેટલા વિદ્યાથીઓ પર 'દૈનિક જીવનમાં નૈતિક, આધ્યાત્મિક તથા શૈક્ષણિક પાસાંઓ પર હાર્ટફૂલનેસ ધ્યાન પદ્ધતિની અસર જેવા વિષય પર સંશોધન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શ્રી યોગેશભાઈ, વિવિધ કૉલેજોના પ્રિન્સિપાલશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સહિત ૫૦૦ જેટલા શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નવરાત્રી

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજમાં નવરાત્રી તથા શરદપૂનમની ઉજવણી નિમિત્તે અનુક્રમે તા. ૩ અને ૮ ઑક્ટોબરના દિવસોએ ગરબા તેમજ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબાની પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમમાં સમગ્ર કૉલેજ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

### ભાષાજ્ઞાન અને કાવ્યપઠન

● ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓ માટે તા. ૨૫/૮/૨૨ ના રોજ વાચિકમ્ અને જોડણીના નિયમો વિશે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ'નાં ગુજરાતીનાં પ્રા. ડૉ. હીનાબેન મહેતાએ જોડણીકોશ વિશે માહિતી આપી શબ્દોની ગોઠવણી, શબ્દોનું ઉચ્ચારણ, વાંચન કઈ રીતે કરવું, ગદ્યનો લય, ગુજરાતી ભાષાના તત્સમ અને દેશ્ય શબ્દો વગેરે વિશે વિવિધ ઉદાહરણો આપી સમજ આપી હતી. ત્યાર બાદ સંસ્થાના આદ્યસ્થાપક પૂજ્ય છગનભાના જીવનચરિત્રમાંથી તેમના આદર્શો વિશે વિદ્યાર્થીઓ દ્વારા વાચિકમ્ કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓને કાવ્યરચના અને કાવ્યપઠનની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે તેમજ વિદ્યાર્થીઓ કાવ્યરચનાનું લેખનકાર્ય કરે તે હેતુથી તા. ૨૩/૯/૨૨ ના રોજ કાવ્યપઠન શિબિરનું આયોજન કર્યું હતું. જેમાં કવિ શ્રી કિશોર જીકાદરાએ કવિતા એટલે શું ? કાવ્યના વિવિધ પ્રકારો, કાવ્યમાં ધ્વનિનું મહત્ત્વ વગેરે વિશેની ઝીણવટપૂર્વક સમજ પૂરી પાડીને વિવિધ કવિઓની કવિતાઓનું તેમજ સ્વરચિત કવિતાઓનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમમાં કેમ્પસની વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## યુવા સંમેલન

● 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' અને 'રામકૃષ્ણ મઠ', અમદાવાદ દ્વારા ચારિત્ર્ય નિર્માણથી રાષ્ટ્રનિર્માણ વિષય પર શેઠ ખીમજી વિશ્રામ હૉલ, 'સર્વ વિદ્યાલય કેમ્પસ'માં સંમેલન યોજવામાં આવ્યું હતું, જેમાં 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' સંચાલિત કડી અને ગાંધીનગરની ૩૦ કૉલેજોના ૧૦૦૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓ જોડાયા હતા. 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત યોજાયેલ એક દિવસીય યુવા સમેલનનો મુખ્ય ઉદેશ દેશ માટે પોતાનું સર્વસ્વ બલિદાન કર્યું છે તેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ક્રાંતિકારીઓ વિશે યુવાનો જાણે, આઝાદી મેળવવા માટેના તેમના યોગદાનથી વાકેફ થાય, સ્વામી વિવેકાનંદના ચારિત્ર્ય નિર્માણ અને રાષ્ટ્રનિર્માણના વિચારો અને સંદેશાથી માહિતગાર થાય અને સાચા અર્થમાં ભારતને જાણી, સમજી, નૈતિક મૂલ્યો સાથે નવા ભારતના નિર્માણમાં યોગદાન આપનાર ઉમદા નાગરિક બને તે રહ્યો હતો. આ સંમેલનમાં મહેમાન અને વક્તા તરીકે રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી, રામકૃષ્ણ મઠ, અમદાવાદના અધ્યક્ષ પ્રભુ સેવાનંદજી, સામાજિક કાર્યકર અનારબેન પટેલ, 'ગુજરાત સાહિત્ય અકાદમી'ના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા, ગુજરાતના જાણીતા મોટીવેશનલ સ્પીકર શ્રી સંજયભાઈ રાવલ અને ઇન્ડિયન યંગ યુથ આઈકન તરીકે ઓળખાતા શ્રી શરદ વિવેક સાગરજીએ વિદ્યાર્થીઓને પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનો કરીને રાષ્ટ્ર માટે પોતાની શું ફરજો છે અને શું કરવું જોઈએ તેની પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ સંબંધી વિવિધ કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

## રાષ્ટ્રીય સેવા યોજના

● 'બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન' (બીબીએ)નું એન.એસ.એસ. એકમ 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી' ખાતે તા. ૨૨-૨૩ સપ્ટેમ્બરના દિવસોમાં મારું યુનિટ અને દત્તક ગામ વિષય પરની આયોજિત સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં દ્વિતીય ક્રમે વિજેતા રહ્યું. કાર્યક્રમનો ઉદ્‌ઘાટન સમારોહ હે. ઉ. ગુ. યુ.ના કુલપતિશ્રી ડૉ. જે. જે. વોરા, મહેસાણાનાં સાંસદ શ્રી શારદાબેન પટેલ અને પાટણના સાંસદશ્રી ભરતસિંહ ડાભીના સાંનિધ્યમાં યોજાયો હતો. સમાપન સમારોહમાં રાજ્યના શિક્ષણમંત્રીશ્રી કીર્તિસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. પ્રા.ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા યુનિટ વિશે સ્પર્ધામાં રજૂઆત કરવામાં આવી હતી. રાજ્યકક્ષાની સ્વયંસેવકોની સ્પર્ધામાં કુ. પ્રાચી રહેવર વેશભૂષા સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં દ્વિતીય ક્રમે વિજેતાં રહ્યાં હતાં. ટીમનું નેતૃત્વ પ્રા. ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શિક્ષક દિન

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજમાં તા. ૫/૯/૨૨ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવતાં તાલીમાર્થીઓએ ડીન, એચ.ઓ.ડી. અને અધ્યાપકોની ભૂમિકા અદા કરી હતી. આ ઉપરાંત આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન પણ કરવામાં આવ્યું હતું. એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં ભૂમિત ચૌધરી, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજમાં દીક્ષિતા પટેલે 'બેસ્ટ ટીચર' તરીકે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

● 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' સંચાલિત ગાંધીનગરની તમામ શાળા-કૉલેજોમાં ૫ સપ્ટેમ્બરે ઉજવાયેલ શિક્ષક અને આચાર્યની ભૂમિકા અદા કરી હતી તે તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તેમજ શિલ્ડ આપી સન્માનિત કરવા માટે ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના યજમાનપદે તા.૯/૯/૨૦૨૨ ના રોજ શેઠશ્રી ખીમજી વિશ્રામ હૉલ ખાતે કાર્યક્રમનું આયોજન 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલના અધ્યક્ષપદે કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં જે વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદ પામ્યા હતા તેમને સર્ટિફિકેટ તેમજ શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ખાસ તો જે વિદ્યાર્થીઓ આચાર્ય તરીકે રહ્યા હતા તેમણે 'સક્ષમ શિક્ષક : ઉજ્જવળ ભારતનો પાયો' એ વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ અને તેમાંથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સ્નાતક અને અનુસ્નાતક એમ ચાર વિભાગોમાં વિજેતા બનેલા વિદ્યાર્થી-આચાર્યોએ વક્તવ્ય આપ્યું હતું. પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનમાં સમારોહના અધ્યક્ષશ્રી વલ્લભભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે સર્વ વિદ્યાલયના વિકાસમાં શિક્ષકશ્રી, આચાર્યશ્રી અને ગૃહપતિશ્રીઓનો

મહત્ત્વનો ફાળો રહેલ છે તથા શિક્ષકદિને આચાર્ય અને શિક્ષક બનેલા યુવાનો પાસે ઘણી અપેક્ષાઓ રહેલી છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલપતિ પ્રો. અમીબેન ઉપાધ્યાયે જણાવ્યું હતું કે શિક્ષકે જ્ઞાતિ, જાતિ, આર્થિક સ્થિતિ વગેરે બાબતોને અવગણી વિદ્યાર્થીઓને એક સમાન જ ગણવા જોઈએ. તે ઉપરાંત આંખોમાં સપના રાખવાં અને તે સપનાંને જીવંત રાખવા માટે પણ શીખ આપી હતી.

### સર્વ નેતૃત્વ-૬૦

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આજના યુવાનો હકારાત્મક અભિગમ અને આત્મવિશ્વાસ સાથે આગળ વધે, સ્પષ્ટતા સાથે જીવન જીવે, યુવાનો સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીથી વાકેફ થાય તે હેતુથી ૬૦મી નેતૃત્વ તાલીમ શિબિર તા. ૨ થી ૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ના દિવસોમાં સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડી ખાતે યોજાઈ. જેમાં ગાંધીનગર અને કડીની ૨૦ કૉલેજોમાંથી ૭૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. શિબિરમાં પ્રશિક્ષક તરીકે શ્રી સુરેશભાઈ પટેલે વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી સ્વવિકાસથી લઈ નેતૃત્વના વિવિધ પાસાઓની તાલીમ આપી હતી. તામીલ દરમિયાન ગેસ્ટ સ્પીકર શ્રી અમિતભાઈ ખત્રી દ્વારા ટ્રાફિકની સમસ્યાના ઉકેલ, ટ્રાફિકના નિયમો વાહન ચલાવતા સમયે કઈ કઈ બાબતનું ધ્યાન રાખવું જોઈએ, રોડ એકિસડન્ટ અટકાવવામાં યુવાનો કેવી રીતે મદદરૂપ થઈ શકે વગેરે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ સાથે અમદાવાદનો રિક્ષાવાળો તરીકે જાણીતા ઉદયભાઈ જાદવે ગાંધીજીના મૂલ્યો અને સિદ્ધાંતોનું તેમને પોતાના જીવનમાં કેવી રીતે અનુસરણ કર્યું છે, તે વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શિબિરના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને પર્યાવરણની જાગૃતિ માટે સુઘડ Environment Sanitation Institute ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. દેવેન્દ્ર. પારેખે વિદ્યાર્થીઓને ગાંધીજીની ભાવના તેમજ અસ્પૃશ્યતા, પ્રદૂષણ, સ્વચ્છતા વિશે કેવી રીતે સભાન બની પોતાની શક્તિનો ઉપયોગ કરી શકાય તેનું માર્ગદર્શન આપ્યું હતું. સમાપન સમારોહમાં 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે વિવિધ પ્રોજેકટમાં સમાજ ઉપયોગી કેવી રીતે થઈ શકાય તે વિશે સમજાવ્યું હતું, તેમજ વિદ્યાર્થીઓને જાતિ, જ્ઞાતિ, ધર્મના વાડામાંથી ઉપર ઊઠી માનવતાનો ધર્મ અપનાવી, કરિયર સાથે કન્ટ્રી માટે વિચાર કરી આગળ વધવા માટે આહ્વાન કર્યું હતું. શિબિરનું આયોજન - સંચાલન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કૉઓર્ડેનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલ અને તેમના સહયોગીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સર્વાંગી શિક્ષણ

● શ્રી અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે પ્રકૃતિવાદનો સિદ્ધાંત, શ્રી અરવિંદના જીવન વિશે તેમજ આદર્શ બાળકની લાક્ષણિકતાઓની સમજ કેળવાય તે હેતુથી તા. ૨૯/૯/૨૨ના રોજ જ્યોતિબેન થાનકી કૃત પુસ્તક 'સર્વાંગી શિક્ષણ' આધારિત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના ૨૦ તાલીમાર્થીઓએ ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

### સાહિત્યકાર કોશ લોકાર્પણ

● 'ગુજરાત સાહિત્ય અકાદમી' અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના સંયુક્ત ઉપક્રમે 'સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ', ગાંધીનગરમાં 'ગુજરાતી સાહિત્યકાર કોશ'ના વિમોચન અને વિખ્યાત સાહિત્યકાર-પત્રકાર ચુનિલાલ મડિયાની જન્મ શતાબ્દી નિમિત્તે તેમની વાર્તાઓના વાચિકમૂનું આયોજન અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી અમિતાભ મડિયા (સ્વ. ચુનિલાલ મડિયાના પુત્ર) અને અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવના સાંનિધ્યમાં તા. ૨૮ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. મંચસ્થ મહાનુભાવો દ્વારા 'સાહિત્યકાર કોશ'નું લોકાર્પણ કર્યા બાદ જાણીતા નાટ્યવિદ અર્ચન ત્રિવેદી અને સેજલ પોન્ડાએ ચુનીલાલ મડિયાની વાર્તાઓનું વાચિકમ્ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે 'ગુજરાતી સાહિત્યકાર કોશ'નું સંપાદન સૂચિવિદ ડૉ. કૌટિલ્ય શુક્લ અને સી. એમ. પટેલ નર્સિંગ કૉલેજનાં મદદનીશ ગ્રંથપાલ ડૉ. અંજના બારોટ દ્વારા કરવામાં આવતાં આ બંનેનું સન્માન અકાદમી દ્વારા કરીને તેમના આ મૂલ્યવાન કાર્યને અકાદમીના મહામાત્રશ્રી અને અધ્યક્ષશ્રી દ્વારા ગૌરવપૂર્વક વધાવીને તેમને અભિનંદનની હેલી વરસાવી હતી.

### સ્માર્ટ ઇંડિયા હેકાથોન-૨૦૨૨

● ભારત સરકાર તથા ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેક્નૉલૉજી એજ્યુકેશનના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાની 'સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન ૨૦૨૨'ની ફાઈનલ પ્રતિયોગિતાનું પવાઈ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, તામિલનાડુના નોડલ સેન્ટર ખાતે તા. ૨૫ - ૨૬ ઑગસ્ટ, ૨૦૨૨ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. SIH-૨૦૨૨ દ્વારા કુલ ૪૫૯ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટસ સોફ્ટવેર કેટેગરીમાં અને કુલ ૧૦૪ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટસ હાર્ડવેર કેટેગરીમાં આપવામાં આવ્યા હતા. આ સંદર્ભે સમગ્ર દેશમાંથી કુલ ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ૧૭૫૦૦ થી વધુ મંતવ્યો રજૂ કરેલાં, જેમાંથી પ્રારંભિક ચકાસણી કર્યા બાદ કુલ ૧૬૦૦થી વધુ ટીમોને ૭૫ નોડલ સેન્ટર ખાતે ૭૨ ઓર્ગેનાઈઝેશન તરફથી ૧૫ થીમ સોફ્ટવેર અને હાર્ડવેર કેટેગરી આપવામાં આવેલ. જેમાંથી ૪૮૧ ટીમોને રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા જાહેર કરવામાં આવેલ. આ સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારંભ દરમિયાન માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર. મોદીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. 'સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન ૨૦૨૨'ના ફાઈનલ રાઉન્ડમાં દેશભરમાંથી પ્રારંભિક રાઉન્ડની ૩૫ વિજેતા ટીમોના ૨૧૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રતિયોગિતામાં 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ની અંગભૂત 'વિદુષ સોમાણી ઇન્સ્ટિટયૂટ ઑફ ટેક્નૉલૉજી એન્ડ રિસર્ચ', કડીના વિદ્યાર્થીઓ **ઓમ પટેલ, નીલ પટેલ, વિશ્વાસ પટેલ, ક્રીનલ ખમાર, આર્યન પટેલ અને શેરોનની** ટીમે **પ્રો. વિમલ ભટ્ટ, પ્રો. નેહલ શાહ, પ્રો. હિમાની ત્રિવેદી** વગેરેના માર્ગદર્શન હેઠળ ભાગ લઈને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીઓને 'Prediction of Admission & Jobs in Engineering & Technology with Respect to Demographic Locations' વિષય પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ સ્વરૂપે આપવામાં આવેલ. વિદ્યાર્થીઓએ મશીન લર્નિંગના રીગ્રેશન મૉડેલનો ઉપયોગ કરીને હાયર ટેક્નિકલ એજ્યુકેશનમાં ભવિષ્યમાં થનારા (૧) એડમિશન ટ્રેન્ડ (૨) નોકરી/સ્કિલસેટની માંગ (૩) ટેક્નૉલૉજીની જરૂરિયાત વગેરેની આગાહી કરતો પ્રોગ્રામ Python પ્રોગ્રામિંગમાં Panda અને Numpy લાઇબ્રેરીનો ઉપયોગ કરીને બનાવ્યો હતો. **વિદ્યાર્થીઓને તેમની થીમમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરવા બદલ એક લાખ રૂપિયા પુરસ્કાર રૂપે એનાયત કરવામાં આવ્યા.** આ પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ. હિરેન પટેલ તથા વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે વિદ્યાર્થીઓને તથા મેન્ટરને વિશેષ અભિનંદન પાઠવવા ઉપરાંત વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

## શાળા વિભાગ

### ઊર્જા જાગૃતિ

● 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'માં તા. ૩/૧૦/૨૨ના રોજ 'નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર'ના વડા શ્રી અનિલભાઈ પટેલ દ્વારા ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ઊર્જા જાગૃતિ અંગેની માહિતી, જેમ કે, ઊર્જાનો રોજિંદા જીવનમાં ઉપયોગ, પરંપરાગત ઊર્જાના સ્રોત, વિદ્યુત ઉત્પન્ન કરવાની રીતો અને વીજ બચત માટે વિવિધ ઉપાયો PPTના માધ્યમથી આપવામાં આવી The Green, Clean, and Cool Endless Source of Energy બિન પરંપરાગત ઊર્જાના સ્ત્રોતો સૌર ઊર્જાથી ચાલતા ઉપકરણો જેવા કે પેરાબોલિક સૂર્યકૂકર, કૉમ્યુનિટી કૂકર, સોલર સિસ્ટમ, કુકિંગ સિસ્ટમ, સોલર વૉટર હીટર, ઉદ્યોગોમાં સોલર વૉટર હીટિંગ સિસ્ટમ, સોલર વૉટર પંપ, સોલર યોજના, પવન ઊર્જા, બાયોગૅસ ભૂતાપીય ઊર્જા, સામૂહિક ઊર્જા વગેરે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓએ મેળવેલા જ્ઞાનની ચકાસણી માટે સ્પર્ધા કરવામાં આવતાં પ્રથમ પાંચ વિજેતા વિદ્યાર્થીઓ ૧. જાદવ સોહન ભૂપેન્દ્ર (૮-B) ૨. રબારી મિતિશા અમૃતભાઈ (૮-A) ૩. પંચાલ અક્ષિત આર. (૮-B) ૪. પટેલ શુભ રાકેશભાઈ (૮-A) અને ૫. રહેવર વિશ્વદિપસિંહ એમ. (૮-A). ને અનુક્રમે ૬૦૦ રૂ. ૫૦૦ રૂ., ૪૦૦ રૂ., ૩૦૦ રૂ. અને ૨૦૦ રૂ. ઇનામ પેટે આપીને નવાજવામાં આવ્યા. અભિનંદન.

### કલાત્મક પ્રવૃત્તિ

● 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં લોટમાંથી વિવિધ આકારના દીવડા બનાવવા, મટકી ડેકોરેશન, ફોટો ફ્રેમ, પંખીઘર, ડાંડિયા સુશોભન અને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પ્રવૃત્તિઓ, અને 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ'માં માટીમાંથી ગણપતિ અને

કાગળમાંથી હોડી બનાવવાની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ગણેશચતુર્થીની ઉજવણી

● 'શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર'દ્વારા તા. ૩/૯/૨૨ના રોજ ગણેશચતુર્થીની ઉજવણી કરવામાં આવી જેમાં શિક્ષકોએ માટીના ગણેશજી અને શિવલિંગ બનાવીને બાળકો પાસે પૂજા અર્ચના કરાવી હતી. બાળકો પણ ગણેશજી, શિવજી, પાર્વતીમાતા, રિદ્ધિસિદ્ધિ વગેરે પોશાકમાં સજ્જ થઈને આવ્યાં હતાં. આ પ્રસંગે 'શ્રીમતી આર. જી. કન્યા વિદ્યાલય'ના આચાર્યશ્રી ગીતેશભાઈ પટેલ અને ડાયરેક્ટર શ્રીમતી કિરણબેન પટેલે ગણેશજી અને શિવજીની પૂજા અર્ચના અને આરતી કરી હતી. બાળકોએ પૂજા-પ્રદક્ષિણા કરીને ગણપતિ બાપા મોરિયાની ધૂન અને જયનારા કરતાં કૅમ્પસ ગુંજી ઊઠ્યું હતું.

● 'સાર્વજનિક ગણેશ મહોત્સવ', સેક્ટર-૨૨ રંગમંચ ખાતે તા. ૩/૯/૨૨ના રોજ દેશભક્તિ થીમ આધારિત નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં પ્રાથમિક વિભાગમાં ગાંધીનગર જિલ્લાની ૮ શાળાઓએ ભાગ લીધો હતો. આ પૈકી 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'એ પ્રથમ સ્થાન તથા 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ'એ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. આ મહોત્સવમાં 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ'ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ સારો દેખાવ કર્યો હતો.

### ગાંધીજયંતી

● 'શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર' દ્વારા ગાંધીજયંતીની ઉજવણી કરવામાં આવતાં બાળકો અને શિક્ષકો દ્વારા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ કરવામાં આવ્યો. વધુમાં, ગાંધીજી વિશેનાં સૂત્રો બોલાવ્યાં તેમજ બાળકોને ગાંધીજીની વેશભૂષામાં સજ્જ કરવામાં આવ્યાં હતાં.

### દવાઓ

● 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૨૮ અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના દિવસોમાં 'કે. બી. ફાર્મસી કૉલેજ'ના ફાર્મ ડીના વિદ્યાર્થીઓ સર્વશ્રી દોશી જીત એમ. પટેલ પીના પી. અને પ્રજાપતિ વીરલ દ્વારા ધોરણ ૬-૭-૮ ના વિદ્યાર્થીઓને વિવિધ દવાઓની સારી-નરસી બાબતો વિશે ઊંડાણપૂર્વક સમજાવવામાં આવ્યું હતું.

### નવરાત્રી પર્વ

● 'શ્રીમતી આર. એન. પ્રાથમિક શાળા', શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ', 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા', 'શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર' અને 'એસ. કે. પટેલ ઇંગ્લિશ મીડિયમ બાલમંદિર' તથા 'શીવહરિ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં ભક્તિભાવ અને આનંદમય વાતાવરણમાં પોતપોતાની શાળામાં નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. બાધા જ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો પરંપરાગત વસ્ત્રોમાં ગરબે ઘૂમ્યા હતા.

### બાળઊર્જા રક્ષકદળ

● 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૨૧/૯/૨૨ના રોજ 'નિસર્ગ સાયન્સ સેન્ટર' દ્વારા બાળઊર્જા રક્ષકદળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવતાં ધોરણ - ૭ અને ૮નાં ૫૦ બાળકોએ ભાગ લીધો હતો. ચિર સ્થાયી ઊર્જા વિશે જાગૃતિ કાર્યક્રમ દ્વારા બાળકોએ ઊર્જાની બચત કેવી રીતે કરવી અને તે અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે 'નિસર્ગ સાયન્સ સેન્ટર'ના વડા શ્રી અનિલભાઈ પટેલ દ્વારા બાળકોને સમજ આપવામાં આવી હતી અને તેનું ચલચિત્ર દ્વારા નિદર્શન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ આ વિષય પર બાળકોની લેખિત પરીક્ષા લેવામાં આવતાં પ્રથમ ત્રણ નંબરે વિજેતા થનારને પુરસ્કૃત કરવા ઉપરાંત ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ આપવામાં આવ્યા હતાં.

### મહિલા વિકાસ એકમ

● 'શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા' અને 'શ્રીમતી આર. એન. પ્રાથમિક શાળા'ની ધોરણ-૫ અને ૬ની વિદ્યાર્થિનીઓની માતૃશ્રીઓને તેમની દીકરીઓના આરોગ્ય સંબંધિત પ્રશ્નો, સ્ત્રી રોગોની જાણકારી, સમસ્યા અને ઉપચાર અંતર્ગત W.D.C. દ્વારા મેડિકલ સેમિનારનું આયોજન કરવામાં આવતાં ડૉ. જૈનિશા ચૌધરીએ આ વિગતે માહિતી આપી હતી. કાર્યક્રમના પ્રારંભમાં ડબલ્યુડીસીનાં ચીફ ઑર્ગેનાઈઝર શ્રી સુનિતાબેન લીલાનીએ સમારોહનાં અધ્યક્ષા ડૉ.

વીણાબેન પટેલ તેમજ અતિથિ ડૉ. જેનિશા ચૌધરીનો પરિચય કરાવીને W.D.C.ની પ્રવૃત્તિઓથી વાલીશ્રીઓને માહિતગાર કર્યાં હતાં.

### રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધા

● 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ'ની વિદ્યાર્થિનીઓ - માછી રિયા ચિરાગભાઈ અને ચાવડા દેવાંશી કરણસિંહે 'નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કૉંગ્રેસ' પ્રેરિત અને 'નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર' દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધામાં એરકન્ડિશનમાંથી નીકળતા પાણીનો ઉપયોગ તથા સ્વ-નિર્ભરતાનો અભ્યાસ પ્રોજેક્ટ રજૂ કર્યો હતો, જે રાજ્ય કક્ષા માટે પસંદગી પામ્યો છે. આ સ્પર્ધા તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર' ખાતે આરોગ્ય અને સુખાકારી માટે ઈકો સિસ્ટમની થીમ પર યોજાઈ હતી. આ પ્રોજેક્ટનું માર્ગદર્શન શ્રી શિલ્પાબેન ત્રિવેદી એ આપ્યું હતું.

### વાલીસભા

● 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૧/૯/૨૨ના રોજ ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓની વાલીસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બંને ધોરણોના ૯૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ જુદા જુદા પાત્રોની વેશભૂષા ધારણ કરીને સંવાદો રજૂ કર્યા હતા.

### વિજ્ઞાના નાટ્યસ્પર્ધા

● તા. ૧૩/૯/૨૨ના રોજ 'નિસર્ગ સાયન્સ સેન્ટર' દ્વારા સાયન્સ ડ્રામાનું આયોજન કરવામાં આવતાં ગાંધીનગર તાલુકાની ૧૧ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં રસીકરણ જાગૃતિ, જીવનની ગુણવત્તા સુધારવા માટે ટેક્નૉલૉજી નવીનીકરણ, મૂળભૂત વિજ્ઞાન અને ટકાઉ વિકાસ વગેરે જેવા જુદા જુદા વિષય પર વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. આ સ્પર્ધામાં 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલ'ની વિદ્યાર્થિનીઓએ ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો, જ્યારે 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા' અને 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ'ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ સારો દેખાવ કર્યો હતો.

### વિદાય સન્માન સમારંભ

● શેઠ સી. એમ. સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી શાળાના માધ્યમિક વિભાગના સુપરવાઈઝર શ્રી મહેશભાઈ આર. ખોરસ્મા અને ઉચ્ચ માધ્યમિક વિભાગના જીવવિજ્ઞાન વિષયના વડા શ્રી વિષ્ણુભાઈ એમ. પટેલ વયનિવૃત્ત થતાં વિદાય સન્માન સમારંભ સંસ્થાના શેઠ ખીમજી વિસરામ સંસ્કાર ભવન ખાતે તા. ૧૯/૧૦/૨૦૨૨ ના રોજ યોજવામાં આવ્યો હતો. સમારંભના પ્રારંભમાં દીપ પ્રાકટ્ય બાદ પ્રાર્થનાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ વિદાય લઈ રહેલા શિક્ષકશ્રીઓને પરંપરાગત રીતી અનુસાર કુમ-કુમ તિલક, શ્રીફળ-સાકર, શાલ ઓઢાડીને તેમજ સન્માનપત્ર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી મહેશભાઈ ખોરસ્માએ સન્માનનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે મારા પિતાશ્રી પણ આચાર્ય હતા. શિક્ષકનો વારસો મને મળ્યો અને આ સંસ્કાર વારસાનો હું વિદ્યાર્થીઓના ઉત્તમ જીવન ઘડતર માટે ઉપયોગ કરી શકયો તેનો મને વિશેષ આનંદ છે. શ્રી વી. એમ. પટેલે સંસ્મરણો વાગોળતાં પૂ. માણેકલાલ એમ. પટેલ સાહેબને યાદ કરીને સંસ્થાએ સેવા કરવાની તક આપી તે બદલ ઋણસ્વીકાર કરીને જણાવ્યું હતું કે શેઠ સી. એમ. શાળા સમગ્ર ગુજરાતની ઉત્તમ ગ્રાન્ટેટ શાળાઓ પૈકીની એક છે, જેણે સમાજને અનેક તેજસ્વી વિદ્યાર્થીઓ-ડૉક્ટર્સ, વકીલો, એન્જિનિયરો તથા સરકારી અધિકારીઓ સ્વરૂપે આપ્યા છે. આ કાર્યમાં હું યોગદાન આપી શકયો છું તેનો મને વિશેષ આનંદ છે. શ્રી વિવેકભાઈ પઢિયાર તેમજ શ્રી સંદીપભાઈ ચૌહાણ દ્વારા સન્માનપત્રોનું વાંચન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારંભ પ્રસંગે શાળાના શિક્ષકશ્રીઓ વતી શ્રી મહેશભાઈ વડાલિયા અને શ્રી જયંતીભાઈ પટેલે શાળાના પ્રતિનિધિશ્રીઓ તરીકે વયનિવત્ત થનાર શિક્ષકશ્રીઓનાં શિક્ષકત્વ, કાર્યાનુભવો અને ગુણરાશિ ઉજાગર કરી આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. આચાર્યાશ્રી ડૉ. ચેતના બુચે વયનિવૃત્ત થનાર શિક્ષકશ્રીઓની કાર્યનિષ્ઠા, ફરજ પ્રત્યેની વફાદારી, વિદ્યાર્થીઓના વ્યકિતત્વ ઘડતર માટેના હકારાત્મક અભિગમ વગેરે ગુણોને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્ટાફ સહિત ૧૦૦૦ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ ધ્યાનાર્હ બની રહી હતી.

## શિક્ષકદિન

● આપણા દેશના પૂર્વ-રાષ્ટ્રપતિ, વિશ્વવિખ્યાત તત્ત્વજ્ઞાની અને તેવા જ ઉમદા શિક્ષક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ તા. ૫ સપ્ટેમ્બર, ૧૮૮૮ના રોજ થયો હતો. તેમનો જન્મદિન સમગ્ર રાષ્ટ્રમાં શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે. આ અન્વયે તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' સંચાલિત વિવિધ શાળા-કોલેજોમાં શિક્ષકદિનની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓએ શાળા સંચાલનમાં વિવિધ ભૂમિકાઓ નિભાવી હતી. 'શ્રીમતી આર. એન. પ્રાથમિક શાળા'ની વિદ્યાર્થિની પ્રાચી સુરેશભાઈ ઠક્કર, અને 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ'ની વિદ્યાર્થિની પ્રિયાંસી કમલેશભાઈ પટેલ (ધો.૮/સી)ની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરવામાં આવી હતી. 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તથા 'શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર'માં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.

## શૈક્ષણિક પ્રવૃત્તિ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત સૌરમંડળના જુદા જુદા ગ્રહોની વેશભૂષા તથા યુવા મોક વિધાનસભા, ગાંધીજી તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતી ઉજવણી તથા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદવીરો વિશે એકપાત્રિય અભિનયનું અને વિજ્ઞાન વિષયમાં ઍસિડ આધારિત અને ક્ષારની ચકાસણી અને ગણિત વિષય અંતર્ગત વન મિનિટ ગેમ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કસરત અને રમતગમતમાં વપરાતા અંગ્રેજી શબ્દોની જોડણી અને વાક્યરચના વિશેની પ્રવૃત્તિ પણ હાથ ધરવામાં આવી હતી.

## શૈક્ષણિક મુલાકાત

● 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'ના વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓને 'કર્ણાવતી ડેન્ટલ હૉસ્પિટલ', સાયન્સ સિટિ, અમરનાથ (ગાંધીનગર), ગાંધીઆશ્રમ, અડાલજની વાવ, વૈષ્ણોદેવી અને પ્રભા હનુમાન (જામિયતપુરા)ની મુલાકાતે તથા 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'ના વિદ્યાર્થીઓને ગાંધીઆશ્રમ, અડાલજની વાવ અને ત્રિમૂર્તિની મુલાકાતે લઈ જઈને જે તે સ્થળના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ વિશે સમજણ આપવામાં આવી હતી.

## ભગતસિંહની અંતિમ ઈચ્છા

અંતિમ ક્ષણોમાં મુખ્ય જેલ અધિકારીએ પૂછ્યું : 'તમારી કોઈ ખાસ અંતિમ ઈચ્છા હોય તો કહો. હું તેને સંતોષવા પ્રયત્ન કરીશ.' તેમણે જવાબ આપ્યો : 'હા, મારી એક ઈચ્છા છે, અને તમે પૂરી કરી શકો તેમ છો.'

'બોલો શી ઈચ્છા છે ?'

'હું 'બેબે' ના હાથની રોટી ખાવા માંગુ છું. (બેબે એટલે સફાઈકામદાર)

સફાઈકામદારભાઈ આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. સરદારજી મારા હાથ એવા ચોખ્ખા ન કહી શકાય કે જે હાથની રોટી તમે ખાઈ શકો. '

ભગતસિંહે બે હાથ એના ખભા પર પ્રેમથી થાબડ્યા. અને કહ્યું, 'મા જે હાથે બાળકનો મળ સાફ કરે છે તે હાથે ખાવાનું ખવડાવે છે. 'બેબે' તું ફિકર નહીં કર, મારે માટે મારી રોટી બનાવી લાવ.'

સફાઈકામદારભાઈએ રોટી બનાવી અને ભગતસિંહે એને ઉછળતા આનંદથી ખાધી. તેમની આ અંતિમ ઈચ્છા આપણા સૌના હૃદયને વીંધવા માટે પૂરતી છે.

**મનુભાઈ પંડિત**

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૨, અંક : ૩, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૨૨, સળંગ અંક : ૭૧**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



સાર્વજનિક ગણેશ મહોત્સવ, ગાંધીનગર દ્વારા આયોજિત
દેશભક્તિ ગીત સ્પર્ધામાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના
વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન મેળવ્યું પ્રસંગની તસવીર.





શિક્ષકદિનની ઉજવણી નિમિત્તે શ્રી વી. એમ. પટેલ કુમાર અને
શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરની વિદ્યાર્થિની અધ્યાપન
કરાવી રહી છે તે પ્રસંગની તસવીર.




નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના સાયન્સ ડ્રામા
ફેસ્ટિવલમાં શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની ટીમ
ત્રીજા ક્રમે વિજેતા થઈ તેનું દશ્ય.





શ્રી આર. એન. પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ગાંધીઆશ્રમની મુલાકા લીધી તેનાં બે દશ્યો.

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 12, Issue No. 5 Sept.-Octo. 2022
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6




પવાઈ ખાતે યોજાયેલ રાષ્ટ્રીયસ્તરની 'સ્માર્ટ ઇંડિયા હેકાથોન ૨૦૨૨'
સ્પર્ધામાં 'વિદુષ સોમાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી એન્ડ રિસર્ચ', કડીના વિદ્યાર્થીઓએ
પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી રૂપિયા એક લાખનો પુરસ્કાર મેળવ્યો તે પ્રસંગની તસવીર.

